ISSN-0971-8397

# યોજના

ઑગસ્ટ-૨૦૧૫ વિકાસને સમર્પિત માસિક ₹ ૧૦

## સમાવેશક વિકાસ અને સામાજિક પરિવર્તન




નાણાકીય સર્વસમાવેશકતા અને સામાજિક પરિવર્તન


સશક્ત અને વિકસિત ભારત માટે ડિજિટલ ટેક્નોલોજીની ઉપયોગિતા


ખેતીવાડી : સર્વસમાવેશક વિકાસનું ઓજાર

સમાવેશક એજન્ડામાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોનો ફાળો










## Subscription Rates of Yojana (English, Hindi), Kurukshetra (English, Hindi) & Aajkal

| | |
|---|---|
| Single Copy | Rs. 10.00 |
| 1 Year | Rs. 100.00 |
| 2 Years | Rs. 180.00 |
| 3 Years | Rs. 250.00 |

: Address :

**Business Manager (Journals)**

Publications Division, Ministry of Information & Broadcasting,
Room No. 48-53, Soochna Bhawan, CGO Complex, Lodhi Road, New Delhi - 110 003
Tel. : (011) 26100207, 26105590 • Fax : (011) 26175516

Subscription amount may be sent through
**Money Order / Demand Draft / Cheque / Postal Order**

**Demand Draft / Cheque should be in favour of**
ADG (In-charge), Publications Division, Ministry of I & B, Payable at New Delhi

**આગામી આકર્ષણ**

**સપ્ટેમ્બર ૨૦૧૫**

**Smart Cities : Transforming Urban Landscape**

**સ્માર્ટ સિટી : શહેરોની કાયાપલટ**

આયોજન અને વિકાસને સમર્પિત

ઑગસ્ટ-૨૦૧૫

વર્ષ : ૪૩ અંક : ૫ સળંગ અંક : ૭૭૬

# યોજના

મુખ્યતંત્રી : દીપિકા કચ્છલ
નાયબ નિયામક : અમિતા મારુ
તંત્રી : અજય ઇન્દ્રેકર

યોજના કાર્યાલય
લોંગ લાઈફ હોસ્પિટલ બિલ્ડિંગ, યુ.કો. બેંક ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : ૨૬૫૮૮૬૬૯, ૨૬૫૮૧૪૫૦
E-mail Address : yojanagujarati@gmail.com
Website : www.yojana.gov.in

## વિષયસૂચિ

નાણાકીય સર્વસમાવેશકતા અને સામાજિક પરિવર્તન
ચરણસીંઘ, સી.એલ. દધીચ અને એસ. અનંત........................ ૫

સશક્ત અને વિકસિત ભારત માટે ડિજિટલ ટેક્નોલોજીઓની ઉપયોગિતા
વિજયકુમાર કૌલ..........................................................૧૧

સંકલિત વૃદ્ધિ કાર્યયોજનામાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો : ૨૦૧૫ના પરિપ્રેક્ષ્યમાં
ડૉ. પી. એમ. મેથ્યુ.......................................................૧૯

ખેતીવાડી : સર્વસમાવેશક વિકાસનું ઓજાર
ભુવન ભાસ્કર............................................................ ૨૬

જીવન વીમા, અકસ્માત વીમા અને અટલ પેન્શન યોજના: સામાજિક સુરક્ષા તરફ એક પગલું
જીતેન્દ્ર સિંઘ.............................................................૩૧

ભારતમાં જાહેર વિતરણ વ્યવસ્થાનું અર્થતંત્ર
સી.એસ.સી શેખર........................................................ ૩૩

શું આપણો વિકાસ સમાવેશક છે ?
શ્રીપદ મોતીરામ...........................................................૩૯

સમાવેશક વિકાસ અને સામાજિક પરિવર્તન માટે સરકારે અમલમાં મૂકેલી વિવિધ યોજનાઓ
ધ્રુવિકા બી. કાનાબાર.....................................................૪૨

'સ્માર્ટ સિટી'નું સ્વપ્ન સેવતું ભારત
નેહા થાનકી................................................................૪૬

સમાવેશક વિકાસ અને સામાજિક પરિવર્તનના સંદર્ભમાં કંપનીની સામાજિક જવાબદારી
ડૉ. જયશ્રી પી. જોષી..................................................... ૪૯

ગુજરાતના સમાવેશક વિકાસમાં ભૌગોલિક તત્ત્વોનો ફાળો
ડૉ. જાયમલભાઈ રંગીયા................................................. ૫૨

### ટાઈટલ

| | | | | |
|---|---|---|---|---|
| • | આવરણ ડિઝાઇન | : | – | ૧ |
| • | યોજના જાહેરાત | : | આગામી આકર્ષણ | ૨ |
| • | શું આપ જાણો છો ? | : | ઇ-મંડી | ૩ |
| • | પ્રકાશન વિભાગનાં ગુજરાતી પુસ્તકો | : | – | ૪ |

**છૂટક નકલ : રૂ. ૧૦-૦૦, વાર્ષિક લવાજમ : રૂ. ૧૦૦-૦૦, બે વર્ષ : રૂ. ૧૮૦-૦૦, ત્રણ વર્ષ : રૂ. ૨૫૦-૦૦**
**લવાજમની રકમ "S.B.I. A/c. No. ૫૧૫-૦૮-૧૦ Yojana (Guj.)"ના નામે મનીઓર્ડર/ચેક/બેંક ડ્રાફ્ટથી ઉપરના સરનામે મોકલીશકાશે.**

આયોજન અને વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, મરાઠી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, હિંદી, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.
યોજનામાં પ્રગટ થતાં લેખોમાંના મંતવ્યો લેખકોના પોતાનાં છે. તેની સાથે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.

## યોજના

# તંત્રીલેખ

## ટેક્નોલોજીના અસરકારક ઉપયોગ દ્વારા દેશમાં સર્વસમાવેશક વિકાસ અને પ્રગતિનો પ્રારંભ




છેલ્લાં છ દાયકા દરમિયાન ભારતે નોંધપાત્ર વિકાસ કર્યો છે, સારી એવી પ્રગતિ કરી છે. ભારત આઝાદ થયો ત્યારે અવિકસિત દેશ હતો, જ્યારે અત્યારે વિશ્વના સૌથી મોટા અર્થતંત્રમાં સ્થાન ધરાવે છે. વૈશ્વિક અર્થતંત્રમાં અનેક ચડઊતર થવા છતાં ભારત વિકાસના માર્ગે અગ્રેસર થયું છે અને તેનો વિકાસ છેલ્લાં ૨૫ વર્ષમાં ૭.૫ ટકાના વિકાસ દરને સ્પર્શી ગયો છે. તાજેતરમાં પ્રકાશિત થયેલા વિશ્વ બેંકના અહેવાલ મુજબ, ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે. આ અહેવાલ મુજબ, ભારતનું કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી) ૨૦૧૫-૧૬માં ૭.૫ ટકાના દરે વિકાસ પામશે તેવી અપેક્ષા છે, જે ૨૦૧૬-૧૭માં ૭.૯ ટકા અને પછી ૨૦૧૭-૧૮માં ૮ ટકા થવાની સંભાવના છે. છેલ્લાં એક વર્ષમાં આર્થિક માપદંડો વૃદ્ધિના આંકડામાં નોંધપાત્ર સુધારો દર્શાવે છે.

રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જીએ બજેટ સત્રની શરૂઆતમાં સંસદના બંને ગૃહને સંબોધતા ''સરકારની ટોચની પ્રાથમિકતા છેવાડાના માનવીને સર્વસમાવેશક વૃદ્ધિમાં સમાવવાની છે'' તેવું જણાવ્યું હતું. ભારતની વિકાસની ગતિ અને પેટર્નમાં મોટું અંતર છે એટલે છેવાડાના માનવીનાં વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો છે. દેશની વિવિધ મોરચે પ્રગતિ થઈ છે, પણ તેના વિકાસના ફળ સમાજના વંચિતો અને ગરીબોને મળ્યાં નથી. તેમના જીવનની ગુણવત્તામાં સુધારો થયો નથી. સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (યુએનડીપી)ના માનવ વિકાસ સૂચકાંકમાં ભારત ૧૩૫મું સ્થાન ધરાવે છે, જે ભારતને હજુ ઘણી મજલ કાપવાની છે તેની સાબિતી છે. ભારતમાં આર્થિક વિકાસનો વ્યાપ વધારવાની હંમેશાં જરૂર છે અને તેને વધારે સર્વસમાવેશક બનાવવા વિકાસની પ્રક્રિયાના લાભ વહેંચવાની આવશ્યકતા છે. ''સર્વસમાવેશક વિકાસ''ની વિભાવના સૌપ્રથમ બારમી પંચવર્ષીય યોજનામાં રજૂ કરવામાં આવી હતી, જેનો આશય જીવનની ગુણવત્તા અને તમામને સમાન તકમાં વ્યાપક સુધારા સાથે વિકાસ પ્રક્રિયા હાંસલ કરવાનો છે. બારમી પંચવર્ષીય યોજનાના દસ્તાવેજ ગરીબી ઘટાડવા, સ્વાસ્થ્ય અને શિક્ષણ સુધારવા અને આજીવિકાની તકો વધારવા પર વધારે સ્પષ્ટતાપૂર્વક ભાર મૂકે છે.

સર્વસમાવેશક વિકાસ એટલે રોજગારીની તકોનું સર્જન કરે અને ગરીબી ઘટાડે તેવો આર્થિક વિકાસ. તેમાં શિક્ષણ અને કૌશલ્ય વિકાસ મારફતે તકોની સમાનતા પ્રદાન કરવાની અને લોકોને સશક્ત કરવાની બાબત સામેલ છે. સરકારે આ માટે કેટલીક પહેલ શરૂ કરી છે, જે સમાજના વંચિત સમુદાયને મુખ્ય પ્રવાહમાં લાવવા અને તેમને ઝડપી આર્થિક વૃદ્ધિના મીઠા ફળ પ્રદાન કરવા સક્ષમ બનાવે છે. નાણાકીય સર્વસમાવેશક પ્રક્રિયાની દિશામાં એક મોટું પગલું પ્રધાનમંત્રી જન ધન યોજના (પીએમજેડીવાય) છે, જેને શરૂ થયાના ૧૦ મહિનામાં જ પ્રભાવશાળી પરિણામો મળ્યાં છે અને અત્યારે ૯૮ ટકા કુટુંબ બેંક ખાતા ધરાવે છે. મુદ્રા બેંક, સેતુ, સ્કિલ ઇન્ડિયા મિશન કૌશલ્ય ધરાવતા સક્ષમ કાર્યદળ ઊભા કરાશે અને તેમને આજીવિકાની સરસ તક મળશે તેવી અપેક્ષા છે. પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વીમા યોજના, પ્રધાનમંત્રી જીવન સુરક્ષા યોજના અને અટલ પેન્શન યોજના દેશમાં ટકાઉ સુરક્ષાની જાળ બનાવવાના આશય સાથે શરૂ કરવામાં આવી છે. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી સુરક્ષા ધારા (મનરેગા)એ નાગરિકોના જીવનની ગુણવત્તા સુધારી છે. કિસાન કાર્ડ, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (પીએમકેએસવાય), નેશનલ એગ્રિકલ્ચર માર્કેટ (એનએએન)નો હેતુ વ્યાપકપણે ખેડૂતોને ફાયદા પહોંચાડવાનો છે, જે દેશની સામાજિક આર્થિક સુખાકારીનો મહત્ત્વપૂર્ણ માપદંડ છે.

જો કે ૧.૨ અબજની વિશાળ વસતિ સાથે સૌથી મોટો પડકાર વિકાસને સમાજના તમામ વર્ગ સુધી અને દેશના તમામ વિસ્તારોમાં પહોંચાડવાનો છે. આ પડકારને પાર પાડવા ટેક્નોલોજી ઘણી રીતે ઉપયોગી નીવડી શકે છે. જુલાઈ મહિનામાં ડિજિટલ ઇન્ડિયા કાર્યક્રમ શરૂ થયો છે, જેમાં આ પડકારો પાર પાડવાનો હેતુ છે તેમજ છેવાડાના માનવીને સુશાસન અને સેવાઓ પ્રદાન કરીને સમાજના ફાયદા માટે ટેક્નોલોજીનો ઉપયોગ અસરકારક અને કાર્યદક્ષ રીતે કરવાની યોજના છે. આ અભિયાનનું લક્ષ્ય ટેક્નોલોજીનો ઉપયોગ કરી શિક્ષણ, સ્વાસ્થ્ય, કૃષિ અને ઉત્પાદનના મૂળભૂત ક્ષેત્રોમાં સંપૂર્ણ ક્રાંતિ લાવીને જીવનની ગુણવત્તા સુધારવાનું છે. ભારતીય અર્થતંત્ર સર્વસમાવેશક વિકાસના હેતુ સાથે નવી દિશામાં આગળ વધી રહ્યું છે ત્યારે તે તેના નાગરિકોને સમાન દરજ્જો, ગુણવત્તાયુક્ત જીવન, તક મેળવવાની સુવિધા ખરા અર્થમાં પ્રદાન કરવા સજ્જ થઈ રહ્યું છે.

# નાણાકીય સર્વસમાવેશકતા અને સામાજિક પરિવર્તન

*ચરણસીંઘ, સી.એલ. દધીચ અને એસ. અનંત*

*નાણાકીય સર્વસમાવેશકતા દેશભરમાં સમાન રીતે વધુ સારા અને સુધારા સાથેના સામાજિક વિકાસમાં મદદરૂપ બને છે. એ મહિલાઓ સહિત સમાજના ગરીબ અને વંચિત લોકોના સશક્તિકરણમાં સહાયક બને છે અને એનું મિશન એમને વધુ સારા નાણાકીય નિર્ણયો લેવામાં આત્મનિર્ભર અને સુમાહિતગાર બનાવવાનું છે. નાણાકીય સર્વસમાવેશકતાનો ઉદ્દેશ બચત અને ચૂકવણીનું ખાતું, ધિરાણ, વીમો અને પેન્શન જેવી વ્યાપક પ્રકારની નાણાકીય સેવાઓ લોકો સાર્વત્રિકપણે મેળવી શકે એ સુનિશ્ચિત કરવાનો છે.*

નાણાકીય સર્વસમાવેશકતાનો ઉદ્દેશ મુખ્યત્વે દેશમાં મૂડીરોકાણ અને આર્થિક વિકાસમાં સહાયભૂત થવા માટે સમાજના દબાયેલા, કચડાયેલા અને નબળા વર્ગોના લોકોને સરળ શરતોએ ધિરાણ પૂરું પાડવાનો છે. નાણાકીય સર્વસમાવેશકતા દેશભરમાં સમાન રીતે વધુ સારા અને સુધારા સાથેના સામાજિક વિકાસમાં મદદરૂપ બને છે. એ મહિલાઓ સહિત સમાજના ગરીબ અને વંચિત લોકોના સશક્તિકરણમાં સહાયક બને છે અને એનું મિશન એમને વધુ સારા નાણાકીય નિર્ણયો લેવામાં આત્મનિર્ભર અને સુમાહિતગાર બનાવવાનું છે. નાણાકીય સર્વસમાવેશકતાનો ઉદ્દેશ બચત અને ચૂકવણીનું ખાતું, ધિરાણ, વીમો અને પેન્શન જેવી વ્યાપક પ્રકારની નાણાકીય સેવાઓ લોકો સાર્વત્રિકપણે મેળવી શકે એ સુનિશ્ચિત કરવાનો છે. વધુમાં, નાણાકીય સર્વસમાવેશકતાનું ધ્યેય વ્યાપારની તકો, શિક્ષણ, નિવૃત્તિ માટે બચતો તથા તાકીદની લોન સહિત જોખમો સામે વીમા માટે સેવાઓ પૂરી પાડવાનું છે. આમ એનું મુખ્ય લક્ષ્ય દેશમાં વધુ વિશાળ સંખ્યામાંના લોકો માટે જીવન અને આવકનાં વધુ સારાં ધોરણો સિદ્ધ કરવાનું છે.

વિધિસરના નાણાકીય ક્ષેત્રનો લાભ મેળવવાનું લોકો માટે વધુ વ્યાપક બનાવવાનો પ્રયાસ એ એક સતત ચાલુ રહેલી પ્રક્રિયા છે. કેન્દ્ર સરકાર તેમજ રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા, ભારત સ્વતંત્ર થયું ત્યારથી નાણાકીય સર્વસમાવેશકતાને વિસ્તારવા એકધારા સંગઠિત પગલાં ભરી રહ્યા છે. આ દિશામાંના અગાઉના પ્રયાસોનાં અપેક્ષિત પરિણામો નહોતા આવતાં. ગમે એમ પણ તાજેતરના મહિનાઓમાં ભારત સરકારે આ અંગેની નીતિની સમીક્ષા કરી, લોકો બેંકમાં ખાતાં ખોલાવે એવા મર્યાદિત ઉદ્દેશ સાથે નાણાકીય સર્વસમાવેશકતાને સુનિશ્ચિત કરવાનો સંકલ્પ કર્યો હતો જે ખૂબ જ સફળ રહ્યો છે. આ અંગેની પ્રધાનમંત્રી જનધન યોજનાના ઘણાં સારા પરિણામો આવ્યાં છે અને ભારતમાં લગભગ ૯૮ ટકા કુટુંબો બેંકમાં ખાતું ધરાવે છે. એકંદરે જોઈએ તો સરકારની વિવિધ યોજનાઓ - કાર્યક્રમો એના વધતા ઓછા પ્રભાવ છતાં ભારતની કાયાપલટ કરી રહ્યા છે અને એનાથી દેશનું સામાજિક - આર્થિક ચિત્ર બદલાઈ રહ્યું છે.

**શાહુકારો દ્વારા ધિરાણ**

નીતિઓનાં ઘડવૈયાઓ ભારતની ગુલામીના કાળથી અવિધિસરના નાણાકીય ક્ષેત્રનો અવકાશ - પ્રભાવ ઘટાડવા પ્રયત્નશીલ રહ્યા છે. નાણાં ધિરનારા લોકો - શાહુકારોનું આધિપત્ય

ઘટાડવા એમના એક વિકલ્પ તરીકે 'જમીન બેંકો' સ્થાપવાની જરૂરિયાત ધ્યાન ઉપર લાવવાનો એક સૌ પ્રથમ પ્રયાસ છેક ૧૮૯૫માં નિકલસનના અહેવાલ દ્વારા કરવામાં આવ્યો હતો. આના પરિણામે ૧૯૦૪નો સહકારી ધિરાણ મંડળીનો ધારો પસાર કરવામાં આવ્યો હતો જેના દ્વારા અન્ય બાબતો ઉપરાંત સહકારી ધિરાણ મંડળીઓ માટે એક કાયદેસરનો આધાર પૂરો પાડવામાં આવ્યો હતો. લોકો માટે નાણાકીય સેવાઓ વિસ્તારવાના વિચારનું મહત્ત્વ સ્વાતંત્ર્ય પછી અને ખાસ કરીને અખિલ ભારત ગ્રામીણ ધિરાણ મોજણી-૧૯૫૧-૫૪ પછી વધ્યું હતું. આ મોજણીમાં એ બહાર આવ્યું હતું કે, ૧૯૫૦-૫૧માં દેશની વ્યાપારી બેંકોએ, ખેડૂતોને કરાયેલા કુલ ધિરાણમાં માત્ર ૦.૯ ટકા ધિરાણ કર્યું હતું, જ્યારે ખેડૂત-શાહુકારોએ ૨૪.૯ ટકા અને વ્યાવસાયિક શાહુકારોએ ૪૪.૮ ટકા ધિરાણ પૂરું પાડ્યું હતું. નાણાકીય સર્વસમાવેશકતા સ્થાપિત કરવાના શરૂઆતના પ્રયાસોમાં ૧૯૫૫માં સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયાના રાષ્ટ્રીયકરણ તથા ૧૯૬૯ અને ૧૯૮૦માં વધુ બેંકોના રાષ્ટ્રીયકરણનો સમાવેશ થતો હતો. આ પછી કૃષિ અને ગ્રામીણ વિકાસ માટેની રાષ્ટ્રીય બેંક - નાબાર્ડની સ્થાપના થઈ હતી અને કૃષિ સહિતના ચોક્કસ ક્ષેત્રોને ધિરાણનો પ્રવાહ વધારવા અગ્રતાક્રમ ધરાવતાં ક્ષેત્રને ધિરાણ પૂરું પાડવાના નિયમો ઘડી વિધિસરની નાણાકીય સંસ્થાઓના વધુ લોકો લાભ મેળવી શકે એ માટેના પ્રયાસો થયા હતા.

**રંગરાજન સમિતિ**

રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયાએ ૨૦૦૫માં નાણાકીય સેવાઓના સમગ્ર ક્ષેત્ર માટે મહત્ત્વની જોગવાઈઓ કરતાં સંખ્યાબંધ પગલાં જાહેર કર્યાં હતાં. આરંભમાં બેંકોને કોઈ પણ જાતના ઠઠારા વગરનાં ખાતાં ખોલવાની સલાહ આપવામાં આવી હતી, જેને ઑગસ્ટ, ૨૦૧૨માં બેઝિક સેવિંગ બેંક એકાઉન્ટ એવું નામ અપાયું હતું અને હવે 'જનધન ખાતા'નું નામ અપાયું છે. કેન્દ્ર સરકારે નિમેલ રંગરાજન સમિતિએ લોકોને ડિપોઝિટ, ધિરાણ રકમની વીમા પોલિસી તેમજ ગરીબો માટે નાણાં પૂરા પાડવા સંબંધમાં શ્રેણીબંધ સેવાઓ પૂરી પાડવા બેંકિંગ સેવા વિસ્તારવા વિવિધ પગલાં સૂચવ્યાં હતાં. આના અનુસંધાનમાં બેંકોને પ્રાયોગિક ધોરણે ૧૦૦ ટકા નાણાકીય સર્વસમાવેશકતા સિદ્ધ કરવા ઓછામાં ઓછો એક જિલ્લો પસંદ કરવા સલાહ આપવામાં આવી હતી. બેંકોને બીજી પાંચ સલાહ અપાઈ હતી : (૧) દુર્ગમ ગામડામાં લોકોને ઓછા ખર્ચની બેંકિંગ સેવાઓ પૂરી પાડવા આઈસીટી આધારિત બિઝનેસ કોરસપોન્ડન્ટ મોડેલ (બીસી મોડેલ) શરૂ કરવું. (૨) ૨૦૧૦થી શરૂ થતાં ૩ વર્ષ માટે બોર્ડ દ્વારા માન્ય નાણાકીય સર્વસમાવેશકતાની યોજના દાખલ કરવી. (૩) ૨૦૦૦થી વધુ વસ્તી ધરાવતાં તમામ ગામડાંને ૨૦૧૨ સુધીમાં અને ૧૦૦૦ થી ૨૦૦૦ની વસ્તીનાં તમામ ગામડાંને ૨૦૧૩ સુધી આવરી લેવાની યોજના ઘડવી. (૪) ઓછામાં ઓછી ચાર પ્રકારની બેંકિંગ સેવા પ્રાપ્ય બનાવવી અને (૫) બેંકની સુવિધા વગરના ગ્રામીણ વિસ્તારોમાં ઓછામાં ઓછી ૨૫ ટકા નવી બેંક શાખાઓ ખોલવી.

નાણાકીય સર્વસમાવેશકતાના અન્ય મહત્ત્વનાં પગલાંમાં કિસાન કાર્ડ અને જનરલ ક્રેડિટ કાર્ડ ઇસ્યુ કરવાનો સમાવેશ થાય છે. તાજેતરમાં માઇક્રો યુનિટ્સ ડેવલપમેન્ટ રિફાનાન્સ એજન્સી (મુદ્રા) બેંક શરૂ કરવા કરાયેલી પહેલનું લક્ષ્ય નાના ઉદ્યોગ-સાહસિકો, જેમની ધિરાણની જરૂરિયાત રૂ. ૧૦ લાખથી વધુ ન હોય એમને ધિરાણ પૂરું પાડવાનું છે. રૂ. ૨૦,૦૦૦ કરોડના મુખ્ય ભંડોળ અને રૂ. ૩,૦૦૦ કરોડના ધિરાણ ગેરંટી ભંડોળ સાથે સ્થપાયેલી મુદ્રા બેંક ભારતમાં અત્યંત નાના ઉદ્યોગ સાહસોને ધિરાણ પૂરું પાડનારી નાણાકીય સંસ્થાઓને પુનર્ધિરાણ પૂરું પાડશે તેમજ અન્ય મદદ કરશે. ગમે એમ પણ, વિવિધ પ્રયાસો છતાં ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં ધિરાણના વિધિસરના સાધનોનો ફેલાવો ધીમો રહ્યો છે. ઓલ ઇન્ડિયા ડેટ ઍન્ડ ઇન્વેસ્ટમેન્ટ સર્વે (૨૦૧૩) એવું સૂચવે છે કે સંસ્થાકીય એજન્સીઓના દેવાદાર કુટુંબોની ટકાવારી ૧૭.૨, જ્યારે બિન-સંસ્થાકીય એન્જસીઓના દેવાદાર કુટુંબોની ટકાવારી ૧૯ ટકા હતી. આમ, ગ્રામીણ વિસ્તારોમાં વિધિસરના ક્ષેત્ર તેમજ વિવિધ કાર્યક્રમો ધિરાણના મુખ્ય સાધન તરીકે શાહુકારોનું સ્થાન લેવામાં સફળ નથી થયા. અનંત અને ઓન્કએ ૨૦૧૩માં આ અંગે હાથ ધરેલા અભ્યાસમાં ગરીબ વર્ગોના લોકોમાં વિધિસરની બેંકિંગ સેવાઓના વિસ્તરણમાં અવરોધરૂપ કારણો જણાવ્યાં છે. સીંઘ અને નાઈકે ૨૦૧૫માં હાથ ધરેલા એક પ્રયોગાત્મક અભ્યાસમાં ગુબ્બીમાં ૨૦૧૪ના અહેવાલમાં હાથ ધરાયેલી એક મોજણીના પરિણામોનો હવાલો આપી નાણાકીય સર્વસમાવેશકતાના મોડેલની માગ અને પુરવઠાની મર્યાદાઓ ઉપર પ્રકાર ફેંક્યો છે.

**જનધન યોજના**

આ સંદર્ભમાં પ્રધાનમંત્રીની જનધન યોજના અગાઉના પ્રયાસોના અભિગમથી જુદી પડે છે. આ યોજના નાણાકીય સર્વસમાવેશકતાનો મિશનના રૂપમાં અમલ કરવાનો અભિગમ ધરાવે છે તેમજ એની હેઠળ રૂપે ડેબિટ કાર્ડ તથા નાની રકમના વીમાની ઑફર કરવામાં આવે છે તથા આ યોજના હેઠળ ગામડાંને આવરી લેવાને બદલે ગ્રામીણ કુટુંબોને આવરી લેવાનું લક્ષ્યાંક રખાયું છે. આ યોજનાના આરંભ સમયે એની હેઠળ ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૫ સુધીમાં બેંકોમાં ૭.૫ કરોડ ખાતાં ખોલવાનો લક્ષ્યાંક રખાયો હતો પણ એની સામે એને વિક્રમજનક સફળતા મળી છે.

કોઠો - ૧ : પ્રધાનમંત્રી જનધન યોજના (આંકડા કરોડમાં)

| અનુ. નંબર | | ખોલાયેલાં ખાતાં | | | રૂપે ડેબિટ કાર્ડની સંખ્યા | ખાતામાંનું બેલેન્સ | ઝીરો બેલેન્સ ધરાવતા ખાતાની ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|
| | | ગ્રામીણ | શહેરી | કુલ | | | |
| ૧. | જાહેર ક્ષેત્રની બેંકો | ૬.૯ | ૫.૮ | ૧૨.૭ | ૧૧.૯ | ૧૪૩૫૭.૫ | ૫૨.૩ |
| ૨. | ખાનગી બેંકો | ૨.૫ | ૦.૪ | ૨.૯ | ૨.૧ | ૩૨૫૮.૫ | ૫૨.૧ |
| ૩. | પ્રાદેશિક ગ્રામીણ બેંકો | ૦.૪ | ૦.૩ | ૦.૭ | ૦.૬ | ૧૦૬૮.૬ | ૪૯.૩ |
| | **કુલ** | **૯.૭૯** | **૬.૫** | **૧૬.૩** | **૧૪.૫** | **૧૮૬૮૪.૬** | **૫૨.૨** |

**સામાજિક - આર્થિક પ્રભાવ**

સર્વસમાવેશકતા માટેના ઘનિષ્ઠ પ્રયાસો માત્ર બેંકિંગ સેવા જ નહીં પણ એથીય વધુ સૂચિતાર્થો ધરાવે છે. છેલ્લા બે દાયકામાં એટલું સ્પષ્ટ બન્યું છે કે આર્થિક વિકાસ માટે તંદુરસ્ત બેંકિંગ સેવાનું નિર્માણ અને વિસ્તાર જરૂરી છે. ઐતિહાસિક રીતે જોતાં આર્થિક પરિવર્તનો હંમેશાં સામાજિક પરિવર્તન તરફ દોરી જાય છે. સર્વસમાવેશકતાને આગળ ધપાવવાના પરિણામે મોટાં આર્થિક અને સામાજિક પરિવર્તનો આવ્યાં છે. ગ્રામીણ ભારતમાં ખૂબ નોંધપાત્ર ફેરફારો જોઈ શકાય છે, જેમાં ખેતીના ઝડપી યાંત્રિકીકરણ, પરિવહન અને સંદેશાવ્યવહારમાં સુધારો તથા અન્ય ટૅકનોલૉજિકલ ફેરફારોનો સમાવેશ થાય છે. સામાજિક - આર્થિક પરિવર્તનોનું પ્રતિબિંબ બેંકિંગ વ્યવહારોમાં થયેલા તીવ્ર વધારામાં પડે છે. (કોઠો-૨)

**ઉદાહરણરૂપ પરિવર્તન**

જનધન યોજનાના સામાજિક પ્રભાવની ગર્ભિત શક્તિ કે એનો ઊજળો અવકાશ, સામાજિક સલામતિની ત્રણ અન્ય પરવડી શકે એવી યોજનાઓની સાથે મળીને એક સર્વગ્રાહી સામાજિક સલામતિનું માળખું ઊભું કરવાની એની શક્તિમાં રહેલું છે. આ ત્રણ યોજનાઓમાં પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના અને અટલ પેન્શન યોજનાનો સમાવેશ થાય છે. આ ત્રણ યોજનાઓ હેઠળ ૧૦.૪ કરોડ લોકોને આવરી લેવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી જનધન યોજના હેઠળ બેંકમાં ખોલાવવામાં આવેલા ખાતાંનો મુખ્ય કડી તરીકે ઉપયોગ કરી આ ત્રણ યોજનાઓ નાગરિકોને વિવિધ પ્રકારના લાભ પહોંચાડવાની પદ્ધતિને બદલાવી શકે છે અને એની સાથોસાથ એની મારફત ગરીબ લોકો તેમજ બિન-સંગઠિત ક્ષેત્રે કામ કરતાં લોકો માટે સામાજિક સલામતિનું એક નેટવર્ક ઊભું થશે.

નાણાકીય સર્વસમાવેશકતાની કામગીરીમાં ખાસ કરીને ૨૦૧૦ પછી ટૅક્નોલૉજીનો ઉપયોગ ખૂબ જ મહત્ત્વનો રહ્યો છે. ટેક્નૉલૉજિકલ વિકાસ અને અદ્યતન ટૅક્નોલૉજીના ઉપયોગમાં મૂડીરોકાણ તેમજ સમસ્યાના ઉકેલ માટેના ઘટતાં જતાં ખર્ચને ધ્યાનમાં લેતાં પ્રધાનમંત્રી જનધન યોજનાના વધુ વિકાસ માટે ઘણી આશા જન્મી છે. જનધન યોજના આધાર કાર્ડ અને મોબાઇલ ફોન અને એની સાથોસાથ ક્રેડિટ કાર્ડના તથા ડેબિટ કાર્ડ ઉપયોગ માટે સૂચવાયેલા કન્સેશન આપણા અર્થતંત્ર અને સમાજમાં ઉદાહરણરૂપ પરિવર્તનને સુગમ બનાવતી એક અજોડ તક પૂરી પાડે છે. આધાર કાર્ડની યોજના શરૂ થવાની સાથોસાથ બેંકિંગ ક્ષેત્રનું વિસ્તારણ તથા વિવિધ રાજ્ય સરકારો દ્વારા સરકારી સેવાઓ વધુ સારી રીતે પૂરી પાડવા માહિતી અને દૂરસંદેશા વ્યવહાર - આઈટી ટૅક્નોલૉજીમાં નોંધપાત્ર મૂડીરોકાણને પરિણામે, જેના આધારે ડિજિટલ ઈકોસિસ્ટમ ઊભી થઈ શકે એવું એક માળખું ઊભું કરવા માટેની અજાણ તક ઊભી થઈ છે. અમારા ક્ષેત્રીય અભ્યાસો દરમ્યાન મળેલા પ્રાસંગિક પુરાવા એવું સૂચવે છે કે, જનધન યોજનાનો વ્યાપક ફેલાવો તથા મોટાભાગના ગ્રામીણ કુટુંબો એમનાં નાણાં એમની ચારે તરફના ૨૫ ચોરસ કિલોમીટરના વિસ્તારોમાં ખર્ચતાં હોવાની હકીકત ધ્યાનમાં લેતાં એવું જણાય છે કે આવું માળખું ઊભું કરવાનું મુશ્કેલ નહીં બને. ભારતની આર્થિક ભૂગોળ એવી છે કે ખૂબ જ મોટી સંખ્યામાંનાં ગામડાં એકાદ નગરથી ૫ થી ૨૫ કિલોમીટરના વિસ્તારમાં આવેલા છે.

**મોબાઇલનો ફેલાવો**

જનધન યોજના હેઠળના બેંકોમાંનાં ખાતાંની વિશાળ વ્યાપકતા આ ખાતાને એક વિશાળ નેટવર્કનો આધાર બનાવવાની તક પૂરી પાડે છે, જે નેટવર્કની મદદથી બેંકના ખાતેદારો બેંકિંગ સેવાનો ઉપયોગ કરી રહેલા નાના વ્યાપારીઓ

**કોઠા-૨ : નાણાકીય સર્વસમાવેશકતાની પ્રગતિ - બેંકો અને પ્રાદેશિક ગ્રામીણ બેંકો**

| વિગતો | ૨૦૧૦માં પૂરું થયેલું વર્ષ | ૨૦૧૧માં પૂરું થયેલું વર્ષ | ૨૦૧૨માં પૂરું થયેલું વર્ષ | ૨૦૧૩માં પૂરું થયેલું વર્ષ | ૨૦૧૫માં પૂરું થયેલું વર્ષ |
|---|---|---|---|---|---|
| ગામડાંમાં બેંકિંગ સેવાનાં કેન્દ્ર (એ) શાખાઓ | ૩૩,૩૭૮ | ૩૪,૮૧૧ | ૩૭,૪૭૧ | ૪૦,૮૩૭ | ૪૬,૧૨૬ |
| (બી) શાખાઓ વગરની વ્યવસ્થા | ૩૪,૩૧૬ | ૮૧,૩૯૭ | ૧,૪૪,૨૮૨ | ૨,૨૭,૬૧૭ | ૩,૩૭,૬૭૯ |
| **કુલ** | **૬૭,૬૯૪** | **૧,૧૬,૨૦૮** | **૧,૮૧,૭૫૩** | **૨,૬૮,૪૫૪** | **૩,૮૩,૮૦૫** |
| બીસી મારફત શહેરી સ્થળો | ૪૪૭ | ૩,૭૭૧ | ૫,૮૯૧ | ૨૭,૧૪૩ | ૬૦,૭૩૦ |
| **બેઝિક બચત બેંક ડિપોઝિટ ખાતાની શાખાઓ** | | | | | |
| (એ) સંખ્યા દસ લાખમાં | ૬૦.૧૯ | ૭૩.૧૩ | ૮૧.૨૦ | ૧૦૦.૮૦ | ૧૨૬.૦૦ |
| (બી) રકમ અબજ રૂપિયામાં | ૪૪.૩૩ | ૫૭.૮૯ | ૧૦૯.૮૭ | ૧૬૪.૬૯ | ૨૭૩.૩ |
| **બેઝિક બચત બેંક ડિપોઝિટ ખાતા - બીસી** | | | | | |
| (એ) સંખ્યા દસ લાખમાં | ૧૩.૨૭ | ૩૧.૬૩ | ૫૭.૩૦ | ૮૧.૨૭ | ૧૧૬.૯૦ |
| (બી) રકમ અબજ રૂપિયામાં | ૧૦.૬૯ | ૧૮.૨૩ | ૧૦.૫૪ | ૧૮.૨૨ | ૩૯.૦૦ |
| **બીસી બીડીએ ખાતામાં મેળવાયેલી ઓવરડ્રાફ્ટની સગવડો** | | | | | |
| (એ) સંખ્યા દસ લાખમાં | ૦.૧૮ | ૦.૬૧ | ૨.૭૧ | ૩.૯૨ | ૫.૯૦ |
| (બી) રકમ અબજ રૂપિયામાં | ૦.૧૦ | ૦.૨૬ | ૧.૦૮ | ૧.૫૫ | ૧૬.૦૦ |
| **કેસીસી** | | | | | |
| (એ) સંખ્યા દસ લાખમાં | ૨૪.૩૧ | ૨૭.૧૧ | ૩૦.૨૪ | ૩૩.૭૯ | ૩૯.૯૦ |
| (બી) રકમ અબજ રૂપિયામાં | ૧૨૪૦.૧૦ | ૧૬૦૦.૦૫ | ૨૦૬૮.૩૯ | ૨૬૨૩.૦૦ | ૩૬૮૪.૫ |
| **જીસીસી** | | | | | |
| (એ) સંખ્યા દસ લાખમાં | ૧.૪૦ | ૧.૭૦ | ૨.૧૧ | ૩.૬૦ | ૭.૪૦ |
| (બી) રકમ અબજ રૂપિયામાં | ૩૫.૧૦ | ૩૫.૦૭ | ૪૧.૮૪ | ૭૬.૩૦ | ૧૦૯૬.૯૦ |
| સંદર્ભ : જી.ઓ.આઈ. ૨૦૧૪ C RBI (૨૦૧૩, ૨૦૧૪, ૨૦૧૫) | | | | | |

સાથે જોડાણ સ્થાપી શકશે. આધાર કાર્ડ સાથે સંલગ્ન માઈક્રો એટીએમ (બીસી કેન્દ્રો) બાયોમેટ્રિક્સ દ્વારા માન્ય રૂપે કાર્ડનો ખરીદી વગેરેમાં રોકડા નાણાંના વિકલ્પ તરીકે ઉપયોગ કરવાની તક પૂરી પાડે છે. જોકે આ માટે કેટલીક પૂર્વ શરતો સંતોષવી જરૂરી છે. મહત્ત્વની બાબત એ છે કે, બેંકોએ આ માટે એક એવી સિસ્ટમ ઊભી કરવી પડશે કે જેની મદદથી નાણાં લગભગ તરત જ ટ્રાન્સફર કરી શકાય. જો પ્રત્યેક રૂપે કાર્ડને એના મૂળમાં જ જો તાત્કાલિક ચૂકવણી સેવાનું રજિસ્ટ્રેશન અને 'નીઅર ફિલ્ડ કોમ્યુનિકેશન' ટેક્સ પૂરા પાડવામાં આવે તો આમાં કોઈ મુશ્કેલી ઊભી થાય એમ નથી. આવી ડિજિટલ ઇકોસિસ્ટમ રોકડા નાણાંના સ્થાને ઇલેક્ટ્રોનિક વ્યવહારો ઉપર અવલંબિત સમાજનું નિર્માણ કરવામાં મદદરૂપ બની શકે છે. અભણ નાગરિકોની વિશાળ વસ્તી ધરાવતા ભારત જેવા દેશમાં ટૅકનોલૉજિકલ પ્રગતિ અને મોબાઇલ ફોનનો વ્યાપક ફેલાવો ભવિષ્ય માટે આશા પ્રેરે છે. આ પ્રકારની ટૅકનોલૉજિકલ વિકાસની એક ઘટના અમેરિકા દ્વારા તાજેતરમાં સેમસંગને મંજૂર કરાયેલી પેટન્ટ છે, જેમાં ફોનની મેમરીમાં સચવાયેલી આંગળીનો કાયદેસરની છાપના આધારે 'પોઝિટિવ મેચ' સરખામણી દ્વારા સંપર્ક વગર આગળીની છાપને અધિકૃત રીતે માન્ય કરવાની સુવિધા છે.

**તેલંગણની પહેલ**

બીસી મોડેલનો સમાજમાં ઝડપથી સ્વીકાર થયો છે, ખાસ કરીને એની કામગીર અસરકારક જણાઈ છે ત્યાં ઘણા લોકોએ એને અપનાવ્યું છે જે વિધિસરની નાણાકીય સેવાઓની વિશાળ વણસંતોષાયેલી માંગ સૂચવે છે. બેંકોની અપૂરતી સગવડો ધરાવતા વિસ્તારોમાં લોકોને આના ત્રણ તત્કાળ લાભ થયાનું સ્પષ્ટ જણાઈ આવે છે, જેમાં સગવડોમાં વધારો, વ્યવહારોના ખર્ચામાં ઘટાડો અને બેંકો સાથેના સંબંધોમાં સુધારાનો સમાવેશ થાય છે અને આ લાભ લોનની વધુ સારી વસૂલાતમાં છતો થાય છે. બેંકિંગ સેવાના ફેલાવાનો ચોખ્ખો પ્રભાવ આંકડા કે જથ્થામાં મોટે ભાગે વ્યક્ત નથી થયો કે નથી થતો, પણ આ પ્રભાવને પરિણામે ભૂતકાળમાં નાણાકીય સેવા પૂરી પાડનારા અવિધિસરના લોકો - શાહુકારો વગેરે - જે સેવાઓ પૂરી પાડતા હતા એનો ખર્ચ ઘટ્યો છે. તેલંગણના મહેબુબનગર જિલ્લામાં મુખ્યત્વે એટીએમ અને બીસી મોડેલના ફેલાવાને પરિણામે પૈસાની ટ્રાન્સફર કરનારા અવિધિસરના એજન્ટો અદશ્ય થઈ ગયા છે. આ જ પ્રમાણે પૈસા મોકલવાના ખર્ચામાં છેલ્લાં ચાર વર્ષમાં ભારે ઘટાડો થયો છે, કારણ કે બેંકો હવે હાર્દરૂપ બેંકિંગ સેવામાંના એમના રોકાણોનો નાણાંની લગભગ તત્કાળ ટ્રાન્સફર કરવાની સેવામાં ઉપયોગ કરી રહી છે. સંખ્યાબંધ ગામડાંમાં બીસી મોડેલો બેંકોને ઘણી વાર મુદતી ડિપોઝિટો એકઠી કરવામાં મદદ કરે છે - જેમાંની મોટા ભાગની રકમનું આ રીતનો એનો ઉપયોગ ન થયો હોત તો વધુ જોખમી રોકાણ, અવિધિસરના રોકાણો અને બિનસદ્ધર યોજનાઓમાં રોકાણ થયું હોત. આ મોરચે વધુ સફળતા સિદ્ધ થશે તો એ ભારતમાં સૌ પ્રથમ વાર, લોકોની બચતો વિધિસરના ક્ષેત્ર મારફત એકત્ર કરવાની તક પૂરી પાડશે અને એ દ્વારા લોકો માટે એમની બચતો ગુમાવી બેસવાના જોખમ સિવાય એને સલામત રાખવી જોઈએ ત્યારે એનો ઉપયોગ કરવાનો માર્ગ ખુલશે. સામાજિક દૃષ્ટિએ જોતાં આ વ્યવસ્થાથી ગ્રામીણ કુટુંબો માટે બેંકોમાં એમની બચતો રોકી શિક્ષણ, આરોગ્ય અને આવાસ જેવાં ક્ષેત્રોમાં એનું રોકાણ કરવાની તક ઊભી થશે અને જોખમી યોજનાઓ તથા અન્ય અવિધિસરના સાધનોમાં એનું રોકાણ કરી એને ગુમાવવાનો ખતરો ટળશે.

**બે મુખ્ય અવરોધો**

જનધન યોજનાની સફળતાની કોઈ ગેરંટી નથી. એથી ઊલટું એની અંતિમ સફળતાનો સંકેત ત્યારે જ મળશે કે જ્યારે વિધિસરની બેંકિંગ વ્યવસ્થા ખાનગી અવિધિસરના શાહુકારોને નાબૂદ કરશે. પ્રધાનમંત્રીની જનધન યોજનાના લાભો એના લક્ષિત લાભાર્થીઓને ઝડપથી મળતાં રોકવા માટે હાલમાં બે મુખ્ય બાબતો જવાબદાર છે. પ્રથમ તો, લાભાર્થીઓ એમના લાભો જ્યાંથી મેળવી શકે એવાં કેન્દ્રોનો અભાવ છે અને બીજું, બીસી મોડેલ મારફત ખોલાયેલાં ખાતાંમાં વ્યવહારોની મર્યાદા નડે છે. લાભ મેળવવાનાં કેન્દ્રોનો અભાવ એટલે, ભારતના લગભગ ૫૦ ટકા ગામડાંમા બેંકોની સગવડોનો અભાવ વર્તાય છે. (કોઠો-૨)

જનધન યોજનાના ખાતાં ઉપર વ્યવહારોની જે મર્યાદા મુકાઈ છે એ દૂર કરવામાં આવે તો આવા ખાતાં એનો વારંવાર ઉપયોગ કરવા માટે વધુ આકર્ષક બને. જનધન યોજનાની સફળતા અને એથી વધુ મહત્ત્વની બાબત, ભારતમાં બેંકિંગના સંસ્કારને અવરોધતા પરિબળોમાં જનધન યોજના હેઠળના ખાતાંના સંચાલનની મર્યાદા તથા બીસી ચેનલ મારફત એના વ્યવહારો ઉપરની મર્યાદાનો સમાવેશ થાય છે. મોટા ભાગની બેંકોમાં એના ખાતાંઓ ઉપર ખાતામાંથી દૈનિક રૂ. ૧૫૦૦ થી રૂ. ૧૦,૦૦૦ સુધીની ડિપોઝિટ તથા ઉપાડની મહત્તમ મર્યાદા રખાઈ. કોઈ પણ એક જ વ્યવહાર માટેની મહત્તમ મર્યાદા રૂ. ૫૦,૦૦૦ છે. આ મર્યાદાની બહારના કોઈ પણ વ્યવહાર માટે જે તે બીસીએ એની સંબંધિત શાખાની,

ખાતેદારને સાથે રાખીને મુલાકાત લઈ આવા વ્યવહાર માટે મંજૂરી મેળવવાની રહે છે. દૈનિક રૂ. ૧૦,૦૦૦ ઉપરાંતના કોઈ પણ વ્યવહાર માટે મંજૂરી નથી અપાતી. વ્યવહારોના મર્યાદના પ્રશ્નો ઘણી વાર ખૂબ જ મુશ્કેલ બની જાય છે, કારણ કે, સંખ્યાબંધ કિસ્સાઓમાં ખાતેદારોએ સરકાર દ્વારા એમને આપવામાં આવતા વિવિધ કાયદેસરના લાભ મેળવવા માટે નાણાં ટ્રાન્સફર મેળવવા અથવા તો વિવિધ સરકારી એજન્સીઓ પાસેથી ટ્રાન્સફર યોજનાના લાભ મેળવવા પોતાના જનધન યોજનાના ખાતાને નંબર આપ્યો હોય છે અથવા તો ઘણી વાર જીવન વીમા નિગમની વીમા પોલિસીની રકમ દૈનિક વ્યવહારની મર્યાદા ઉપરાંતની હોય છે.

**ટપાલ કચેરીઓનો ઉપયોગ**

સીંઘનું મંતવ્ય એવું છે કે જો બેંકિંગ સેવાઓના વિસ્તરણ માટે ટપાલ કચેરીઓનો ઉપયોગ કરાયો હોત તો નાણાકીય સર્વસમાવેશકતાનો ઉદ્દેશ પાર પાડવામાં સહાય મળી હતો. દેશની ટપાલ કચેરીઓમાં લગભગ ૨૮ કરોડ ખાતાં છે, જેમાં ૧૩ કરોડથી વધુ બચત ખાતાં છે અને રૂ. ૧૧ કરોડ ઉપરાંતની રિકરિંગ ડિપોઝિટો છે. સર્વસમાવેશકતા માટે સમાજના તમામ વર્ગોને નાણાકીય રીતે આવરી લેવા વિવિધ પહેલ કરાઈ હોવા છતાં એને આંશિક સફળતા જ મળી છે. આ જ પ્રમાણે રેશનકાર્ડ હેઠળ અનાજ વગેરેનું વિતરણ કરતી વાજબી ભાવની દુકાનોનો જનધન યોજનાના લાભોની વહેંચણી કરવાનાં કેન્દ્રો તરીકે ઉપયોગ થઈ શકે એમ છે. આ કેન્દ્રો એની સાથોસાથ ગામડાંના સામાજિક-આર્થિક માળખામાં મોટા ફેરફારો કરવામાં તથા ડિજિટલ ઈકોસિસ્ટમના નિર્માણમાં પણ સહાયક બની શકે. આનું એક શ્રેષ્ઠ ઉદાહરણ આંધ્રપ્રદેશે પૂરું પાડ્યું છે. આંધ્રપ્રદેશની સરકારે ''રેશન ગમે ત્યાંથી મેળવો'' (એનીવેર રેશન્સ) નામની એક સૂચક પહેલ કરી છે જેની હેઠળ રેશનકાર્ડ ધરાવનારાં કુટુંબો રાજ્યમાં એમના શહેરમાંની વાજબી ભાવની ગમે તે દુકાનમાંથી અનાજ વગેરે ખરીદી શકે છે. નાગરિક પુરવઠા વિભાગની વાજબી ભાવની દુકાનોનો ડેટાબેઝ આધાર કાર્ડ સાથે જોડાયેલો હોવાથી નાગરિક પુરવઠા વિભાગ રેશનના વિતરણ વગેરેની વિગતવાર નોંધ તથા એની ઉપર ચાંપતી નજર રાખી શકે છે. રાજ્યમાંની રેશનની તમામ દુકાનો (૨૭,૧૭૬)ને વેચાણ યંત્રનું એક પોઈન્ટ ફાળવાયું હતું, જે પોઈન્ટ મંડળ (તેહસીલ) સપાટીના ૨૯૭ સ્ટૉક પોઈન્ટ્સ સાથે જોડાયેલા છે અને આ તમામ સ્ટોક પોઈન્ટ્સનું એક મધ્યસ્થ સ્થળેથી મોનિટરિંગ થાય છે. જો રેશનની દુકાનો સસ્તા અનાજની દુકાનોને નાણાકીય સેવાઓ સહિતની વિવિધ સેવાઓ પૂરી પાડતાં બહુહેતુક સ્ટોર્સમાં ફેરવી નાખવામાં આવે તો એ બેંકિંગ ક્ષેત્રની પહોંચ વિસ્તારવામાં મદદરૂપ બની શકે.

**ઉપસંહાર**

નાણાકીય સર્વસમાવેશકતા અર્થતંત્રમાં ખાસ કરીને ગ્રામીણ અર્થતંત્રમાં નોંધપાત્ર ફેરફારો લાવશે એવી અપેક્ષા છે, કારણ કે ગ્રામીણ અર્થતંત્રમાં મુખ્યત્વે જનધન યોજના ગોલ્ડ મોનેટાઇઝેશનની (સોનાને ચલણમાં નાણાંની જેમ મૂકવાની) યોજના અને મુદ્રા બેંકને પરિણામે નાણાકીય સેવાઓ - લાભ પ્રાપ્ય બનવાથી એક ક્રાંતિ સર્જાવાની સંભાવના છે. બેંકિંગ સિસ્ટમ દ્વારા અમલમાં મૂકનારી ડીબીટી ખાતેદારો વગેરેનાં કુટંબોમાં પ્રવાહિતાની નિયમિતતા સુનિશ્ચિત કરશે અને એથી મૂડીરોકાણ માટેની તકો પણ સર્જાશે. બજારમાં બેંકો, નાની રકમનું ધિરાણ પૂરું પાડનારી સંસ્થાઓ, સ્વ-સહાય જૂથો, ટપાલ કચેરીઓ અને મુદ્રા બેંક મુખ્ય ભૂમિકાઓ ભજવશે. સાધનોના પ્રવાહમાં મુખ્ય સાધન બની રહેનારી બેંકિંગ સિસ્ટમ વધુ નાણાકીય સેવાઓ પૂરી પાડશે એવી ધારણા રાખી શકાય કે જેથી એનું ભંડોળ બેંકિંગ સિસ્ટમમાં જાળવી શકાય અને એનો ઉપયોગ થઈ શકે. આ જ પ્રમાણે ટપાલ કચેરીઓ ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાંની એની ૧,૪૦,૦૦૦ શાખાઓની પહોંચને કારણે અહીંના નાણાકીય સાધનો મેળવવા માટે નવી યોજનાઓ રજૂ કરશે એવી અપેક્ષા છે. બજારમાં જે પ્રકારના નવા 'પ્રોડક્ટ્સ' એટલે કે નવી યોજનાઓ - સેવાઓ રજૂ થવાની અપેક્ષા રાખી શકાય એમાં વિવિધ પ્રકારની ડિપોઝિટ યોજનાઓ, ટપાલ કચેરીઓ મારફત નાની બચતની યોજનાઓ, સુવર્ણ બોન્ડઝ તથા ઉપર જણાવેલી સંસ્થાઓ દ્વારા રજૂ થનારી નવી સેવાઓ વગેરેનો સમાવેશ થાય છે.

ઉપર જણાવેલી વિવિધ ઘટનાઓ - ફેરફારો વગેરે અર્થતંત્રમાં સર્જનાત્મક ગર્ભિત શક્તિનો સંચાર કરી બજારો માટે નવા વિચારોનું મેન્યુફેક્ર્ચર બનાવટોમાં રૂપાંતર કરવા માટે સરળતાથી ધિરાણ પૂરું પાડશે એવી અપેક્ષા રખાય છે. સર્વસમાવેશક વિકાસ ''મેક ઇન ઇન્ડિયા''ના ઉદ્દેશને સુદૃઢ બનાવશે અને દેશને વિકાસ તરફ દોરતી રોજગારીની નવી વિપુલ તકો ઊભી કરશે તથા ઉત્પાદન વધારશે એવી ધારણા રખાય છે.


- **શ્રી ચરણસીંઘ આઈ.આઈ. એમ., બેંગ્લોરમાં અર્થશાસ્ત્રના આર.બી. આઈ. ચેર પ્રાધ્યાપક છે.**
- **શ્રી સી.એલ. દધીચ ઇન્ડિયન સોસાયટી ઑફ એગ્રીકલ્ચર ઈકોનોમિક્સના માનદ સચિવ છે.**
- **શ્રી એસ. અનંત આઈડીઆર બીટીના એસોસિએટ પ્રાધ્યાપક છે.**

# સશક્ત અને વિકસિત ભારત માટે ડિજિટલ ટેકનોલોજીઓની ઉપયોગિતા

*વિજયકુમાર કૌલ*

*ડિજિટલ ટેકનોલોજીની ઉપયોગિતા શિક્ષણના પ્રસાર, શાસનમાં પારદર્શકતા વધારવા, લોકો વચ્ચે કનેક્ટિવિટી વધારવા, ઉત્પાદકતા વધારવા, ઉદ્યોગસાહસોની કામગીરી પરિવર્તિત કરવા, નવા ઉદ્યોગોની વૃદ્ધિ અને નવીન પ્રવૃત્તિઓ ફેલાવવામાં નોંધપાત્ર રીતે દેખાય છે. કૃષિ અને ગ્રામીણ ક્ષેત્ર, શિક્ષણ, ઉત્પાદન, હેલ્થકેર અને ઇ-ગવર્નન્સમાં આ ટેકનોલોજીના ઉપયોગથી ઘણા ફાયદા થયા છે.*


૧ જુલાઈ, ૨૦૧૫ના રોજ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડિજિટલ ઇન્ડિયા સપ્તાહનો શુભારંભ કર્યો હતો. ડિજિટલ ટેકનોલોજી કે ડિજિટલાઇઝેશન નવીન ક્રાંતિ છે, જે લોકો, ઉત્પાદનો, સેવાઓને એકબીજા સાથે જોડે છે. તે ઇન્ફોર્મેશન ટેકનોલોજી, ટેલિકમ્યુનિકેશન, ઇન્ટરનેટ અને અન્ય સંબંધિત ટેકનોલોજીઓના સમન્વયનું પરિણામ છે. તે ટેકનોલોજિકલ ક્રાંતિનો ભાગ છે, જે અત્યારે ચાલુ છે. અત્યાર સુધી પાંચ ટેકનોલોજિકલ ક્રાંતિ દુનિયાએ જોઈ છે અને છઠ્ઠી ચાલુ છે. આ ડિજિટાઇઝેશન ક્રાંતિ વિવિધ દેશોમાં સામાજિક, આર્થિક અને રાજકીય ફેરફારો લાવશે તેવી શક્યતા છે. છેલ્લાં ૨૫૦ વર્ષ દરમિયાન થયેલી અગાઉની પાંચ ક્રાંતિઓમાં ભારત સહભાગી થઈ શક્યું નહોતું. આ તમામ ટેકનોલોજીકલ ક્રાંતિઓ પશ્ચિમના દેશોમાં શરૂ થઈ હતી અને પછી અન્ય દેશોમાં ફેલાઈ હતી. આ તમામ ક્રાંતિઓનો મહત્તમ લાભ મોટા ભાગના પશ્ચિમી દેશોને મળ્યો હતો. સ્વતંત્ર થયાના છ દાયકા પછી પણ ભારત ગરીબી, કૂપોષણ, બેરોજગારી, સાક્ષરતા, હેલ્થકેર અને અત્યારે પર્યાવરણના સ્તરમાં બગાડ જેવી મૂળભૂત સામાજિક-આર્થિક પડકારો સાથે સંઘર્ષ કરે છે. આ સમસ્યાઓ સંસ્થાનવાદ અને નબળી શાસન વ્યવસ્થાનું પરિણામ છે. આ પૃષ્ઠભૂમિ સામે આધુનિક ડિજિટલાઇઝેશન ટેકનોલોજીઓ આવી અનેક સમસ્યાઓ ઉકેલવામાં મદદરૂપ થવાની સંભવિતતા ધરાવે છે. આ લેખનો હેતુ ભારતમાં સામાજિક-આર્થિક સમસ્યાઓ ઉકેલવામાં આધુનિક ડિજિટલાઇઝેશનની ભૂમિકા ચકાસવાનો છે, જે પ્રશ્ન પર કેન્દ્રિત છે : શું તે ભારતના લોકોની સર્વસમાવેશક વિકાસ પ્રદાન કરવામાં મદદ કરે તેવી શક્યતા છે અને પછી ઇચ્છિત સામાજિક ફેરફાર લાવશે?

**૨. સામાજિક-આર્થિક પડકારો, સર્વસમાવેશક વિકાસ અને નવી ટેકનોલોજીનો સ્વીકાર**

ભારત કેટલાંક સામાજિક-આર્થિક અને પર્યાવરણ સંબંધિત પડકારોનો સામનો કરે છે. દુનિયામાં સૌથી વધુ ગરીબ લોકો ભારતમાં છે. હજુ પણ ભારતના લાખો બાળકો કૂપોષણથી પીડિત છે. જો આપણે ટીબી, કેન્સર અને ડાયાબીટિસ જેવા ઘણા રોગોના કેસનો વિચાર કરીએ, તો વિશ્વના તમામ દેશો કરતા વધારે પીડિતો ભારતમાં જોવા મળશે. આઝાદી મળ્યા પછી દેશના સાક્ષરતા દરમાં સુધારો થયો છે, તેમ છતાં ભારતમાં અભણ લોકોની સંખ્યા મોટી છે. મોટી સંખ્યામાં યુવાનો પાસે રોજગારી નથી. આગામી વર્ષોમાં બેરોજગારીમાં વધારો થવાનો છે.

અધૂરામાં પૂરું વૈશ્વિક અર્થતંત્ર સાથે સંકલન સ્થાપિત કરવાથી સમાજના વંચિત વર્ગની સમસ્યામાં વધારો થવાનો છે. આકૃતિ૧ ભારતમાં સામાજિક- આર્થિક પડકારો પ્રદર્શિત કરે છે.

આ સમસ્યાઓનું સમાધાન આપણે ધારીએ તેટલું સરળ નથી. ઉપરાંત આ સમસ્યાઓ એકબીજા સાથે જોડાયેલી છે. દાખલા તરીકે, ગરીબી, સર્વસમાવેશક વિકાસ, ખાદ્ય સુરક્ષા અને રોજગારીના સર્જનની સમસ્યાઓ આપણી કૃષિ અને તેની સાથે સંબંધિત અર્થતંત્ર સાથે સંબંધિત છે. હકીકતમાં કૃષિ અને તેના સંપૂર્ણ અર્થતંત્રમાં સુધારણાની જરૂર છે. આ માટે વિસ્તૃત નીતિગત માળખાની જરૂર છે, જે એકસાથે અસર કરશે અને આ આંતરસંબંધિત સમસ્યાઓનું સમાધાન કરશે. આ તમામ વિસ્તારો માટે એક સામાન્ય ઉકેલ શક્ય નથી કે જો તેનો અમલ થાય તો પણ તે મદદરૂપ નહીં થાય તેવું બની શકે. પ્રાદેશિક સંસાધનો, લોકોની તૈયારી, તેમની સહભાગીતા અને ક્ષમતા તેમજ કાયદાકીય સંસ્થાઓ કે શાસન વ્યવસ્થાઓની દૃષ્ટિ જેવા પરિબળોને ધ્યાનમાં રાખીને શ્રેષ્ઠ સમાધાનો વિકસાવવાની જરૂર છે (નીચે જુઓ આકૃતિ-૧).




**આકૃતિ-૧ ભારતમાં સુશાસન, ટેકનોલોજી અને સર્વસમાવેશક વૃદ્ધિ**

સાથે સાથે છેલ્લાં દાયકામાં ડિજિટાઇઝેશન સ્વરૂપે વિકસેલી નવી વિવિધ ટેકનોલોજી વિકસિત દેશોમાં આ સામાજિક-આર્થિક સમસ્યાઓની કેટલીકને ઉકેલવા ઘણી બધી અસર ધરાવે છે. ડિજિટલ ટેકનોલોજીની ઉપયોગિતા શિક્ષણના પ્રસાર, શાસનમાં પારદર્શકતા વધારવા, લોકો વચ્ચે કનેક્ટિવિટી વધારવા, ઉત્પાદકતા વધારવા, ઉદ્યોગસાહસોની કામગીરી પરિવર્તિત કરવા, નવા ઉદ્યોગોની વૃદ્ધિ અને નવીન પ્રવૃત્તિઓ ફેલાવવામાં નોંધપાત્ર રીતે દેખાય છે. કૃષિ અને ગ્રામીણ ક્ષેત્ર, શિક્ષણ, ઉત્પાદન, હેલ્થકેર અને ઇ-ગવર્નન્સમાં આ ટેકનોલોજીના ઉપયોગથી ઘણા ફાયદા થયા છે.

આકૃતિ-૧ ભારતના સામાજિક આર્થિક પડકારો, તેમના સમાધાન અને સર્વસમાવેશક વિકાસ સ્વરૂપે તેમના પરિણામ વચ્ચે લિંકેજ પ્રસ્તુત કરે છે. ઐતિહાસિક રીતે જોઈએ તે અગાઉ ભારત સોનાની ચકલી એટલે કે સોને કી ચીડિયા ગણાતો હતો. સંસ્થાનવાદી શાસનના લાંબા તબક્કાએ તેની સમૃદ્ધિ છીનવી લીધી છે. તેના પગલે ભારતને કોઈ ટેકનોલોજીકલ ક્રાંતિમાં ભાગ લેવાની તક મળી નહોતી. સ્વતંત્રતા સમયે ભારત અતિ ગરીબ, નિરક્ષર અને નીચા સામાજિક આર્થિક માપદંડો સાથે ગરીબ દેશોમાં સામેલ હતો. સ્વશાસનના છેલ્લાં છ દાયકામાં આપણે આપણી સમસ્યાઓમાંથી બહાર નીકળી શક્યા નથી. આ કારણે આકૃતિ ૧ દર્શાવે છે

કે દેશની નબળી સ્થિતિ માટે નબળી શાસન વ્યવસ્થા અને તેની કામગીરી જવાબદાર છે. જોકે સુશાસનથી સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે. સુશાસન, સારી આર્થિક અને સામાજિક નીતિઓ, સારા કાર્યક્રમો અને યોજનાઓથી સારા પરિણામો મળી શકે છે. અહીં આધુનિક ટેકનોલોજીઓની ભૂમિકાને ધ્યાનમાં લેવામાં આવે છે. ડિજિટલ ટેકનોલોજીઓ કંપની, ઉદ્યોગ, શહેર અને અર્થતંત્રમાં શાસન વ્યવસ્થામાં મોટો ફેરફાર થયો છે. આ ટેકનોલોજીઓ સરકારી યોજનાઓ અને કાર્યક્રમોના અમલને વધારે સુલભ બનાવે છે. છેલ્લે એવું કહી શકાય કે દેશ સમક્ષ વર્તમાન સામાજિક-આર્થિક પડકારો સુશાસનની મદદથી ઉકેલી શકાશે, જે યોગ્ય નીતિઓ, કાર્યક્રમો અને યોજના પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને આધુનિક ટેકનોલોજીઓનો ઉપયોગ કરવાથી આ યોજનાઓ અને કાર્યક્રમોનો અસરકારક અમલ કરી શકાશે. આ તમામ પરિબળોથી દેશની સર્વસમાવેશક વૃદ્ધિ થશે.

**૩. આધુનિક ટેકનોલોજી અને ભારતની સર્વસમાવેશક વૃદ્ધિ**

છેલ્લાં ૨૫૦ વર્ષ દરમિયાન દુનિયાએ ક્રાંતિકારી ટેકનોલોજીકલ ફેરફારો જોયા છે. આ વ્યાપક ફેરફારો અને પ્રગતિને ટેકનોલોજીકલ ક્રાંતિ તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રકારની પાંચ ટેકનોલોજીકલ ક્રાંતિ પ્રથમ ટેબલમાં દર્શાવી છે. છઠ્ઠી ક્રાંતિ ચાલુ છે. ટેકનોલોજીકલ ફેરફારોના આ તબક્કાને ક્રાંતિ કહેવાય છે, કારણ કે તે દેશના સંપૂર્ણ અર્થતંત્ર પર ક્રાંતિકારી અસર કરે છે.

દરેક ટેકનોલોજીકલ ક્રાંતિએ વિકાસને નવી ઊંચાઈએ પહોંચાડ્યો છે, જેમાં વૃદ્ધિ, ઉત્પાદકતામાં વધારો, ઉત્પાદન રેન્જ, ભૌગોલિક વિસ્તાર અને સામાજિક ફાયદાની દષ્ટિએ તેની સંપૂર્ણ સંભવિતતા મેળવવા ૫૦ વર્ષથી વધારે સમય લાગ્યો છે. વિકાસના વિવિધ સફળ તબક્કા મારફતે મૂડીવાદ આગળ વધ્યો છે.

**ટેબલ-૧ ટેકનોલોજીકલ ક્રાંતિઓ**

| વર્ષ અને મુખ્ય દેશો | ટેકનોલોજીકલ ક્રાંતિ અને ઉદ્યોગની પ્રકૃતિ |
|---|---|
| ૧૭૭૧ ઇંગ્લેન્ડ | ઔદ્યોગિક ક્રાંતિ (મશીન, કારખાના અને નહેરો) |
| ૧૮૨૯ બ્રિટન | વરાળ, કોલસા, લોખંડ અને રેલવેનો યુગ |
| ૧૮૭૫ બ્રિટન, અમેરિકા અને જર્મની | સ્ટીલ અને ભારે ઇજનેરી (ઇલેક્ટ્રિકલ, કેમિકલ, સિવિલ નેવલ)નો યુગ |
| ૧૯૦૮ અમેરિકા | ઓટોમોબાઇલ, ઓઇલ, પેટ્રોકેમિકલ્સ અને સામૂહિક ઉત્પાદનનો યુગ |
| ૧૯૭૧ અમેરિકા | માહિતી ટેકનોલોજી અને ટેલિકમ્યુનિકેશન્સનો યુગ |
| ૨૦૦૦ અમેરિકા, યુરોપ અને ઓસ્ટ્રેલિયા | ડિજિટલાઇઝેશન, બાયોટેક, બાયોઇલેક્ટ્રોનિક્સ, નેનોટેક અને નવી સામગ્રીઓનો તબક્કો |

ભારતની સામાજિક-આર્થિક લાક્ષણિકતાઓને ધ્યાનમાં રાખીએ તો દેશને સર્વસમાવેશક વિકાસ હાંસલ કરવા ચોક્કસ પ્રકારની ટેકનોલોજીની જરૂર છે. મેકિન્સી ગ્લોબલ ઇન્સ્ટિટ્યૂટે ભારત માટે આવી ૧૨ ઉપયોગી ટેકનોલોજીની ઓળખ કરી છે, જે નિશ્ચિત સમયમર્યાદાની અંદર ઝડપી સ્વીકાર માટે સંભવિતતા ધરાવે છે[૧]. આ ટેકનોલોજીઓનો ફાયદો અને અસર વ્યાપકપણે અનેક લોકો, સંસ્થાઓ, ઉત્પાદનો અને બજારોને અસર કરી શકે છે. તેમણે આ ટેકનોલોજીઓને નોંધપાત્ર આર્થિક અસરો ધરાવતી ટેકનોલોજી તરીકે ઓળખી છે.

ભારત માટે આ ૧૨ સશક્તિકરણ ટેકનોલોજીઓને ત્રણ પ્રકારમાં વર્ગીકૃત કરી શકાશેઃ (૧) જીવન અને કાર્યને ''ડિજિટાઇઝ'' કરતી ટેકનોલોજીઓ, (૨) સ્માર્ટ ફિઝિકલ સિસ્ટમ્સ, અને (૩) પુનર્વિચાર ઊર્જા માટેની ટેકનોલોજીઓ (જુઓ ટેબલ ૨). અહીં ભારતીય સંદર્ભમાં ચાર ટેકનોલોજીને રજૂ કરી છેઃ ડિજિટલ ચૂકવણીની ટેકનોલોજી, ડિજિટલ

[૧] નોશિર કાકા, વગેરે, ઇન્ડિયાસ ટેકનોલોજી ઓપ્પોર્ચ્યુનિટીઃ ટ્રાન્સફોર્મિંગ વર્ક, એમ્પાવરિંગ પીપલ, મેકિન્સી ક્વાર્ટરલી, મેકિન્સી ગ્લોબલ ઇન્સ્ટિટ્યૂટ, ડિસેમ્બર, ૨૦૧૪

ઓળખની ચકાસણી, કુશળ પરિવહન અને વિતરણ અને અત્યાધુનિક જીઆઈએસ. આગામી દાયકાઓમાં આ ચાર ટેકનોલોજીનો ઝડપથી સ્વીકાર થવાની શક્યતા છે. અન્ય કેટલીક ટેકનોલોજી – અત્યાધુનિક રોબોટિક્સ, સ્વતંત્ર વાહનો, ૩ડી પ્રિન્ટિંગ અને અત્યાધુનિક સામગ્રી પણ ભારત માટે મહત્ત્વપૂર્ણ છે.

| ટેબલ-૨ ભારતને સશક્ત કરી શકે તેવી ૧૨ ટેકનોલોજી | | |
|---|---|---|
| જીવન અને કાર્યનું ડિજિટલાઇઝેશન | મોબાઇલ ઇન્ટરનેટ | સસ્તા અને સક્ષમ મોબાઇલ ઉપકરણો અને ઇન્ટરનેટ કનેક્ટિવિટી સક્ષમ સેવાઓ, જે વ્યક્તિઓ અને ઉદ્યોગસાહસિકો સુધી ગમે ત્યાં પહોંચે છે. |
| | ક્લાઉડ ટેકનોલોજી | ગણતરીની ક્ષમતા, ઇન્ટરનેટ કે નેટવર્ક પર સેવા તરીકે સંગ્રહ અને ઉપયોગિતા, ઘણી વખત નોંધપાત્ર રીતે ઓછા ખર્ચે |
| | નોલેજ વર્કનું ઓટોમેશન | અવ્યવસ્થિત વિશ્લેષણ, ભાષાના અર્થઘટનની ક્ષમતા અને નિર્ણય આધારિત કામગીરી માટે ઇન્ટેજિલજન્ટ સોફ્ટવેર, નિર્ણય ગુણવત્તામાં સુધારો થવાની સંભવિતતા |
| | ડિજિટલ ચૂકવણી | વ્યાપકપણે સ્વીકાર્ય અને વિશ્વસનિય ઇલેક્ટ્રોનિક ચૂકવણી વ્યવસ્થાઓ જે લાખો ભારતીયોને રોકડ વ્યવસ્થામાંથી બેંકિંગ વ્યવસ્થામાં લાવી શકે છે. |
| | વેરિફિએબલ ડિજિટલ આઇડેન્ટિટી | ડિજિટલ ઓળખ જે સરળ પદ્ધતિઓનો ઉપયોગ કરીને ખરાઈ કરી શકશે, સુરક્ષિત ચૂકવણી પ્રદાન કરવા સક્ષમ બનાવે છે અને સરકારી સેવાઓ સુલભ કરે છે. |
| સ્માર્ટ ફિઝિકલ સિસ્ટમ્સ | ઇન્ટરનેટ સામગ્રીઓ | સતત ડેટા કલેક્શન અને અવલોકન કરીને ઓછા ખર્ચના સેન્સર્સનું નેટવર્ક અને મશીન અને ચીજવસ્તુઓનું વ્યવસ્થાપન |
| | ઇન્ટેલિજન્ટ પરિવહન અને વિતરણ | પરિવહન અને વિતરણ વ્યવસ્થાઓની કાર્યદક્ષતા અને સલામતિ વધારવા ડિજિટલ સેવાઓ |
| | અત્યાધુનિક જીયોગ્રાફિક ઇન્ફોર્મેશન સિસ્ટમ્સ (જીઆઇએસ) | ભૌગોલિક વિસ્તારોમાં સંસાધનો અને ભૌતિક પ્રવૃત્તિઓનું વ્યવસ્થાપન કરવા અન્ય પ્રકારના ડેટા સાથે સ્થળના ડેટાને જોડતી સિસ્ટમ્સ |
| | આગામી પેઢીનું જેનોમિક્સ | ઝડપી, ઓછા ખર્ચની જનીન શ્રેણીઓ અને અત્યાધુનિક જનીન ટેકનોલોજીઓ, જે ભારતની ઊર્જા સુરક્ષા વધારી કૃષિ ઉત્પાદકતા સુધારે છે. |
| પુનર્વિચાર ઊર્જા | એડવાન્સ ઓઇલ અને ગેસ ઉત્ખનન અને રિકવરી | અપરંપરાગત ઓઇલ અને વાયુ (સામાન્ય રીતે શેલમાંથી) મેળવવાની પદ્ધતિઓ, જે ભારતની ઊર્જા સુરક્ષાને સુધારે તેવી શક્યતા છે |
| | નવીનીકરણ ઊર્જા | નુકસાનકારક વાતાવરણની અસર ઘટાડવા અને ગ્રિડ સાથે ન જોડાયેલા અંતરિયાળ વિસ્તારોમાં વીજળી લાવવા નવીનીકરણ ઊર્જાના સ્રોતમાંથી વીજળીનું ઉત્પાદન |
| | અત્યાધુનિક ઊર્જા સંગ્રહ | ઊર્જા સંગ્રહ અને વ્યવસ્થાપનના ઉપકરણો કે વ્યવસ્થાઓ, જે ઊર્જા આઉટેજીસ, પુરવઠામાં વિવિધતા અને વિતરણ નુકસાનમાં ઘટાડો કરે છે |

**સ્રોત :** નોશિર કાકા, વગેરે. ભારતની ટેકનોલોજી તકઃ ક્રાંતિકારી કાર્ય, સશક્ત લોકો, મેકિન્સી ત્રિમાસિક, મેકિન્સી ગ્લોબલ ઇન્સ્ટિટ્યૂટ, ડિસેમ્બર, ૨૦૧૪

ભારત માટે ૧૨ સશક્તિકરણ ટેકનોલોજી આર્થિક અને સામાજિક એમ બંને મૂલ્ય ઊભું કરવાની સંભવિતતા ધરાવે છે, જે ઝડપી આર્થિક વૃદ્ધિ, વ્યાપક સામાજિક સર્વસમાવેશક, વર્ષ ૨૦૨૫ સુધીમાં સુશાસન હાંસલ કરવા ભારતને મદદ કરી શકે છે. આપણે પ્રથમ ડિજિટલ ઇન્ડિયા પ્રોગ્રામ પર ચર્ચા શરૂ કરવાની છે. પછી આપણે ભારતીય અર્થતંત્રના પાંચ ક્ષેત્રો પર ડિજિટાઇઝેશનની અસર પર ધ્યાન કેન્દ્રિત કરીશું.

## ૪. ડિજિટલ ઇન્ડિયા – ટેકનોલોજીનો ઉપયોગ કરવાનો પ્રયાસ

ભારત સરકારે શરૂ કરેલો ડિજિટલ ઇન્ડિયા પ્રોગ્રામ દેશના કેટલાંક પડકારોનો સફળતાપૂર્વક સામનો કરવા લોકોના ફાયદા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવાનો પ્રયાસ છે. આ પ્રોગ્રામ ડિજિટલ ઇન્ડિયાની યોજના રજૂ કરે છે, જ્યાં ડિજિટલ સાક્ષર લોકો પોતાની અનંત

શક્યતાઓ માટે ટેકનોલોજીનો ઉપયોગ વધારી શકે છે. આપણા રાજકારણીઓએ સ્પષ્ટ કર્યું છે કે નેશનલ હાઈવેઝ જેટલાં જ મહત્ત્વપૂર્ણ બ્રોડબેન્ડ હાઈવેઝ છે. આપણા રાજકારણીઓએ સ્પષ્ટ સમજણ ધરાવે છે કે અંતિમ લક્ષ્યાંક ઉત્તમ સેવા ઓફર કરવાનું, નવીનતા લાવવાનું અને વધુ રોજગારીનું સર્જન કરવાનું છે, જે માટે ડિજિટલ રાષ્ટ્રનો પાયો સમગ્ર ભારતમાં નેટવર્ક સ્થાપિત કરીને નાંખવામાં આવશે.

ડિજિટલ ઈન્ડિયા પ્રોગ્રામ દરેક વ્યક્તિને યુટિલિટી તરીકે ડિજિટલ માળખું પ્રદાન કરે છે, સુશાસન આપે છે અને માગ પર સેવાઓ પ્રદાન કરે છે અને નાગરિકોને ડિજિટલ સશક્ત બનાવે છે. પ્રોજેક્ટમાં વૃદ્ધિ માટે નવ સ્તંભની ઓળખ કરવામાં આવી છે. સરકારનું એક મહત્ત્વપૂર્ણ ક્ષેત્ર બ્રોડબેન્ડ હાઈવેઝનો વિકાસ છે, જે ડિસેમ્બર, ૨૦૧૬ સુધીમાં ૨,૫૦,૦૦૦ ગ્રામ પંચાયતોને આવરી લેશે. નવી બિલ્ડિંગ્સમાં ફરજિયાત કમ્યુનિકેશન માળખું સ્થાપિત કરીને શહેરી વિસ્તારોમાં બ્રોડબેન્ડની પહોંચ વધારવા માટે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. બ્રોડબેન્ડનો વ્યાપ દેશના અંતરિયાળ વિસ્તારો સુધી ટેકનોલોજી સક્ષમ સેવાઓની પહોંચ પ્રદાન કરશે. સરકાર મોબાઈલ કનેક્ટિવિટીની સાર્વત્રિક પહોંચ પ્રદાન કરવા પણ ધ્યાન કેન્દ્રિત કરે છે. વર્ષ ૨૦૧૮ સુધીમાં ૪૦,૦૦૦થી વધારે ગામ મોબાઈલ ટેકનોલોજીના બેનર હેઠળ આવી જાય તેવી શક્યતા છે.

ટૂંકમાં ડિજિટલાઈઝેશન નવીનીકરણનો નવો માર્ગ છે અને ૧૯મી સદીમાં યાંત્રિકીકરણ અને ઈલેક્ટ્રિસિટીના સ્વરૂપમાં નવીનતા સાથે સરખામણી કરી શકાશે. ટેકનોલોજી વિકાસ ઉત્ક્રાંતિને અનુરૂપ છે, પણ સમાજમાં પરિવર્તન પર તેની અસર ક્રાંતિકારી છે.

**૫. કૃષિ અને ગ્રામીણ વિકાસ**

ચાલો આપણે ભારતીય અર્થતંત્રના ચોક્કસ ક્ષેત્રોમાં ડિજિટલ ટેકનોલોજીની ઉપયોગિતા વિશે ચર્ચા કરીએ. ભારતની ગરીબી, સર્વસમાવેશક વિકાસ અને ખાદ્ય સુરક્ષા સમસ્યાઓને સમજવા ભારતીય કૃષિ અને તેના કૃષિ-અર્થતંત્રની સમજણ હોવી અતિ મહત્ત્વપૂર્ણ છે. સૌપ્રથમ આ સમસ્યાઓના વાસ્તવિક ઉકેલની જરૂર છે અને આપણે એક મોડેલ વિકસાવાથી તેનો ઉકેલ લાવી નહીં શકીશું તેનો સ્વીકાર કરવો જોઈએ. પણ આપણે ગરીબી દૂર કરવા, યોગ્ય આજીવિકા પ્રદાન કરવા અને જે તે વિસ્તારના લોકોને ખાદ્ય સુરક્ષા આપવા તેમાં ઉપલબ્ધ સંસાધનો પર આધારિત કેટલાંક નવીન મોડેલ્સનો વિચાર કરવો જોઈએ. ૧૯૫૦થી ભારતીય કૃષિનો વિકાસ થોડોઘણો પ્રભાવશાળી રહ્યો છે. ભારતમાં વસતિમાં વૃદ્ધિ કરતા ખાદ્ય ચીજવસ્તુઓનું ઉત્પાદન વધારે ઝડપથી થયું છે. ભારતીય કૃષિ ક્ષેત્રની સફળતામાં હરિયાળી ક્રાંતિ, શ્વેત ક્રાંતિ અને મત્સ્ય ક્રાંતિએ નોંધપાત્ર પ્રદાન કર્યું છે. ૧૯૫૦ના દાયકાથી અત્યાર સુધી દેશમાં ખાદ્ય ચીજવસ્તુઓના ઉત્પાદનમાં પાંચ ગણી અને દૂધમાં સાત ગણી વૃદ્ધિ થઈ છે. સાથે સાથે આપણે ખેડૂતોની આત્મહત્યા અને નાણાકીય શોષણની વાતો પણ સાંભળીએ છીએ. નિષ્ણાતો આ સમસ્યાને નીતિગત નિષ્ફળતા તરીકે વ્યાખ્યાયિત કરે છે. અગાઉ ભારતીય કૃષિ નીતિ મોટા પાયે ખાદ્ય સુરક્ષા માટે અનાજ પર ધ્યાન કેન્દ્રિત કરતી હતી.[૨] પણ તેઓ એ સમજવામાં નિષ્ફળ રહ્યાં હતાં કે ઊંચું મૂલ્ય ધરાવતા કૃષિ ઉત્પાદનોના કેસમાં મોંઘવારી હતી. લોકોને ઊંચા પોષક તત્ત્વો ધરાવતા ખાદ્ય પદાર્થો મળતા નહોતા. અનાજથી વિપરીત ઊંચું મૂલ્ય ધરાવતા ઉત્પાદનો ઝડપથી બગડી જાય છે અને તેમાં પુરવઠાનો ઝડપી નિકાલ જરૂરી છે. સંપૂર્ણ કૃષિ-મૂલ્ય સાંકળ ખેડૂતોથી શરૂ થાય છે અને વચેટિયા, ગોદામ અને ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગસાહસિકો, રિટેલર્સ અને અંતિમ ગ્રાહક સુધી પહોંચે છે. આ સંપૂર્ણ સાંકળને સમજીને યોગ્ય નીતિ વિકસાવવાની જરૂર છે. અન્ય હિતધારકો તરીકે સરકાર, અન્ય ધિરાણકારો અને વેપારીઓનો સમાવેશ વેલ્યુ-ચેઈનને ઈકોસિસ્ટમમાં પરિવર્તિત કરે છે. દરેક હિતધારક આ સંપૂર્ણ વ્યવસ્થાને ટકાવવા મહત્ત્વપૂર્ણ ભૂમિકા ધરાવે છે અને નોંધપાત્ર પ્રદાન કરે છે. આધુનિક ટેકનોલોજીથી એગ્રો-વેલ્યુ ચેઈન વધુ કાર્યદક્ષ અને સ્પર્ધાત્મક બનવામાં મદદ મળી શકે છે.

મેકિન્સી ગ્લોબલ ઈન્સ્ટિટ્યૂટે ગણતરી કરી છે કે મિશ્ર અને જેનેટિકલી મોડિફાઈડ પાક, ચોક્કસ ખેતી (કૃષિલક્ષી નિર્ણયો લેવામાં માર્ગદર્શન પ્રદાન કરવા સેન્સર્સ અને જીઆઈએસ આધારિત જમીન, હવામાન અને પાણીના ડેટા) અને મોબાઈલ ઈન્ટરનેટ આધારિત કૃષિ વિસ્તરણ અને બજાર માહિતી સેવાઓ વર્ષ ૨૦૨૫ સુધીમાં આ ક્ષેત્રમાં મૂલ્ય સંવર્ધનમાં દર વર્ષે ૪૫ અબજ ડોલરથી ૮૦ અબજ ડોલરની આવક ઉમેરી શકશે. આ ક્ષેત્રમાં સંગ્રહ અને વિતરણની વ્યવસ્થામાં સુધારો થશે, જેના પગલે વાવણી પછીનું નુકસાન ઘટી શકશે અને સરકારી વિતરણ વ્યવસ્થાના સુધારણાથી ભ્રષ્ટાચારમાં ઘટાડો થશે, જેથી સંયુક્તપણે વર્ષ ૨૦૨૫માં દર વર્ષે ૩.૨ કરોડ ડોલર

[૨] અશોક ગુલાટી, રિવેમ્પિંગ એગ્રિકલ્ચર એન્ડ પીડીએસ, મિન્ટ, એપ્રિલ ૩૦, ૨૦૧૪, www.livemint.com

જેટલી બચત થશે. આ સુધારણા ૧૦ કરોડ ખેડૂતોની આવક વધારી શકશે અને ૩૦ કરોડથી ૪૦ કરોડ ગ્રાહકોને વધુ પોષણ પ્રદાન કરી શકશે.

ખેડૂતોને પાક વીમો પ્રદાન કરવામાં પણ ટેકનોલોજીનો ઉપયોગ વધુ સારી રીતે થઈ શકે છે. તમામ પ્રકારના હવામાન સ્ટેશન, સેટેલાઇટ/ડ્રોન ઈમેજરી અને મોબાઇલ આધારિત ટ્રાન્સફર્સ મારફતે પાકના નુકસાનની આકારણી, પાકની કાપણીનો અનુભવ મજબૂત વૈજ્ઞાનિક આધાર તૈયાર કરી શકે છે અને ભ્રષ્ટાચારને નિયંત્રિત કરી શકે છે[૩].

ડિજિટલ ઇન્ડિયા પ્લેટફોર્મનો આશય વિવિધ પ્રકારની સેવાઓ પ્રદાન કરીને ગ્રામીણ નાગરિકોને સશક્ત કરવાનો છે. જ્યારે સરકાર શાસન, જમીન રેકોર્ડ્સ, રોજગારી, સ્વાસ્થ્ય, શિક્ષણ અને કૃષિ અને સુરક્ષિત જાળવી માટે વ્યક્તિગત અને જાહેર રેકોર્ડ્સના ડિજિટાઇઝેશન જેવા ક્ષેત્રોમાં ડિજિટલ પ્લેટફોર્મ મારફતે આ સેવાઓ મોટા પાયે લોકોને પ્રદાન કરવા આતુર છે, ત્યારે ઉદ્યોગસાહસિકો તેમજ ગ્રામીણ બજારો માટે મોટા પાયે અગાઉ કરતા વધારે તકો ઊભી થશે.

### ૬. ઉત્પાદન ક્ષેત્રનું અર્થતંત્ર

વિવિધ અર્થશાસ્ત્રીઓ અને સંસ્થાઓના અંદાજ મુજબ, આગામી પાંચ વર્ષમાં યુવાનો અને યુવતીઓ એમ બંને મોટી સંખ્યામાં રોજગારી મેળવવા સજ્જ થઈ જશે. આ માટે દેશમાં ઉત્પાદન ક્ષેત્રને વેગ આપવાની અને અર્થતંત્રના સંપૂર્ણ માળખાને મજબૂત કરવાની જરૂર છે. વૈશ્વિક ઉત્પાદન સિસ્ટમ એક કંપની અને વિવિધ સપ્લાયર્સ, ધિરાણકારો અને ગ્રાહકોના મોડેલમાંથી ઉત્પાદન ઈકોસિસ્ટમ ધરાવતા મોડેલ તરફ અગ્રેસર છે. ડિજિટાઇઝેશનથી આ પ્રકારનું પરિવર્તન શક્ય બન્યું છે. ભારતીય કંપનીઓ અને નીતિનિર્માતાઓને બજારમાં ઝડપથી સ્પર્ધાત્મક બનવાની અને યુવાનો માટે વધુ રોજગારીનું સર્જન કરવાની જરૂર છે. આ માટે આધુનિક ટેકનોલોજી મદદ કરી શકે છે અને ભારતીય કંપનીઓ ઝડપથી ટેકનોલોજીનો સ્વીકાર કરી રહી હોવાની જાણકારી મળી છે.

અત્યારના બદલાતા ડિજિટાઇઝ વ્યાવસાયિક વાતાવરણમાં કંપનીઓની કામગીરીમાં મોટા પરિવર્તનની જરૂર છે. તમામ ઉદ્યોગોમાં વેલ્યુ ચેઇન તૂટી રહી છે, નવેસરથી આકાર પામી રહી છે અને નવસંશોધિત થઈ રહી છે. હાલની વેલ્યુ ચેઈન્સ તોડી, મૂલ્યના અન્ય સ્ત્રોતોનો ઉપયોગ કરી નવી વેલ્યુ ચેઈન્સ ઊભી કરી અને અન્ય ઉદ્યોગોની વેલ્યુ ચેઈન્સમાં જોડાઈ મૂલ્ય નિર્માણના નવા સ્ત્રોતો ઊભા કરવા અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

આ સંદર્ભમાં સરકારની નીતિ સંપૂર્ણ ઉત્પાદન ક્ષેત્ર અને તેની સાથે સંકળાયેલા અર્થતંત્રને પ્રોત્સાહન આપવાની હોવી જોઈએ, જેનાથી વધારે રોજગારીનું સર્જન થશે અને આપણા ઉદ્યોગો વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બને છે. વિશેષ ધ્યાન લઘુ અને મધ્યમ ઉદ્યોગસાહસો પર આપવાની અને તેમને મોટા ઉદ્યોગો સાથે જોડવાની જરૂર છે. ઉત્પાદન ક્ષેત્રના અર્થતંત્રના પ્રોત્સાહનની વિભાવના આ જોડાણમાં રહેલા ફરકને ઓળખવામાં મદદ કરશે. ધિરાણ, કાચા માલ, જમીન અને વપરાશકર્તા બજારો સાથેના જોડાણની સમસ્યાઓને ઉકેલવાની જરૂર છે.

ભારતમાં ગૂડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી)નો સ્વીકાર અને અમલ અતિ મહત્ત્વપૂર્ણ છે, જે ભારતના વ્યાવસાયિક અને કોર્પોરેટ ક્ષેત્રને સ્પર્ધાત્મક બનવા માટે મદદરૂપ પુરવાર થશે. આ આધુનિક ટેકનોલોજીના ઉપયોગ સાથે વધુ સરળ અને શક્ય બને છે. ઉપરાંત ડિજિટલ ઇન્ડિયા પ્રોગ્રામ વીજ ચીજવસ્તુઓને યોગ્ય મહત્ત્વ આપીને શૂન્ય આયાતના કથિત સરકારી લક્ષ્યાંકને હાંસલ કરવા ધ્યાન કેન્દ્રિત કરે છે. તેનાથી ભારતીય ઉત્પાદન ક્ષમતાઓને પ્રોત્સાહન મળશે અને તે ઉત્પાદન કેન્દ્રમાં પરિવર્તિત થશે. આ કાર્યક્રમના ભાગરૂપે સરકાર આગામી પાંચ વર્ષમાં આઈટી સાથે નાના શહેરો અને ગામમાં લોકોને તાલીમ પ્રદાન કરીને ઈન્ફોર્મેશન ટેકનોલોજીથી સજ્જ રોજગારી ઊભી કરવા ધ્યાન કેન્દ્રિત કરશે.

### ૭. શિક્ષણ અને કૌશલ્ય નિર્માણ

આપણી શિક્ષણ વ્યવસ્થામાં અનેક ખામીઓ છે અને ગુણવત્તા અત્યંત નબળી છે. શાળામાં શિક્ષણનું સ્તર નબળું છે, જેના પગલે વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થતો નથી, ઉચ્ચ શિક્ષણ સાથે રોજગારી મેળવવાની ક્ષમતા ઓછી હોય તેવા યુવાનો તૈયાર થાય છે, વ્યાવસાયિક અભ્યાસક્રમોના તાલીમની મોટી ખેંચ છે જેવી અનેક સમસ્યાઓ જોવા મળે છે. ડિજિટાઇઝેશનથી ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં નવસંચાર કરવાની પુષ્કળ તક ઊભી થઈ છે. નવીન ડિજિટલ ટેકનોલોજીથી અનુકૂળ અને સહશિક્ષણના નવા સ્વરૂપો ઊભા થયા છે, તાલીમાર્થીઓ અને માર્ગદર્શકો સુધીની પહોંચમાં વધારો થયો છે, તાત્કાલિક ઉપયોગ ડેટા પ્રદાન થયો છે. ભારત સરકારની પહેલ 'ડિજિટલ ઇન્ડિયા' સમગ્ર દેશમાં વાતાવરણ સક્ષમ બનાવીને ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં આ પ્રકારનું પરિવર્તન સુલભ કરી શકે છે. યોગ્ય વિચાર અને અમલીકરણ સાથે નવી

---

[૩] અશોક ગુલાટી અને પ્રેરણા તેરવે, ટેક ધ ફાર્મ ઇન્શ્યોરન્સ રુટ, ધ ફાઇનાન્શિયલ એક્સપ્રેસ, જુલાઈ ૬, ૨૦૧૫

ટેકનોલોજીનો ઉપયોગ વિદ્યાર્થીઓના શિક્ષણમાં સુધારો કરવા, શિક્ષકો અને માર્ગદર્શકોની ક્ષમતાનું નિર્માણ કરવા અને સુશાસન પ્રદાન કરવા માટે થઈ શકશે. આપણી વ્યાપક અને જટિલ શાળા વ્યવસ્થામાં ટેકનોલોજી અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાકીય નેટવર્કને સંકલિત કરવા સંકલન અને લક્ષિત અભિગમની જરૂર છે. આ પ્રકારના અભિગમથી ત્રણ આધારસ્તંભનું નિર્માણ થઈ શકશે :૪

પ્રથમ મહત્ત્વપૂર્ણ પાસું વિદ્યાર્થીને વ્યક્તિગત શિક્ષણ પ્રદાન કરવા સૂચનાત્મક સાધનો ઊભા કરવાનું છે. તેમાં ડિજિટાઇઝ પુસ્તકો, એનિમેશન્સ અને વીડિયોનું સર્જન સંકળાયેલું છે. નવી ટેકનોલોજી વિદ્યાર્થીઓ માટે વ્યક્તિગત અભ્યાસનો માર્ગ મોકળો કરે છે, શિક્ષણ દ્વિમાર્ગીય બનાવે છે અને ગમ્મત સાથે જ્ઞાન પ્રદાન કરવાનું માધ્યમ ઊભું થાય છે. તે તેમને અનેક વ્યવહારિક તકો પ્રદાન કરે છે. ભારતમાં ખાણ એકેડમી અને માઇન્ડસ્પાર્ક પ્લેટફોર્મ આ પ્રકારની પહેલના સફળ ઉદાહરણો છે. ભારતમાં આપણે વિવિધ ભાષાઓ અને પ્રાદેશિક અભ્યાસક્રમને સુલભ કરવા અભ્યાસના સાધનો પણ ઊભા કરી શકીએ.

બીજું પાસું યોગ્યતા સાથે સંબંધિત શિક્ષણ તાલીમ માટે ટેકનોલોજી સાથે સમન્વય ધરાવતા કાર્યક્રમો વિકસાવવાના સંકલિત અભિગમનું છે. ટેકનોલોજી યોગ્યતા સાથે જોડાયેલા તાલીમ કાર્યક્રમો ઊભા કરી શિક્ષકોના શિક્ષણના મોડેલને નવેસરથી પરિભાષિત કરે છે. તે શિક્ષકોનું સહશિક્ષકો સાથેનું જોડાણ ઊભું કરે છે અને દૂરના વિસ્તારોમાંથી નિષ્ણાતો પાસેથી શિક્ષણ મેળવવા માટેની વ્યવસ્થા સરળ કરે છે. ગુજરાત, ઉત્તરાખંડ, મહારાષ્ટ્ર જેવા કેટલાંક રાજ્યોમાં વ્હોટ્સએપ ગ્રૂપ જેવા ટેકનોલોજી સંચાલિત નવા સમુદાયો માહિતીનું આદાનપ્રદાન કરવાના અને એકબીજા સાથે વિચારોની આપલે કરવાના માધ્યમો બની ગયા છે. કર્ણાટક ઓપન એજ્યુકેશનલ રિસોર્સીસ પ્લેટફોર્મ શિક્ષકોને ડિજિટલ સામગ્રી બનાવવા સક્ષમ બનાવે છે. ટેકનોલોજીનો ઉપયોગ ધરાવતા આ પ્રકારના વિવિધ મોડેલ્સમાં સૂચનાત્મક વીડિયો, ઓનલાઇન તાલીમ અને સહશિક્ષકોનું સમર્થન સામેલ છે. એમઓએસી (મેસિવ ઓપન ઓનલાઇન કોર્સીસ) સાથે અભ્યાસને મિશ્ર કરીને વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાયુક્ત અભ્યાસક્રમો રજૂ કરી શકાશે અને શિક્ષણની સમાનતાઓ નર્સિંગ અને અન્ય શાખાઓમાં હાથવગી તાલીમને પ્રોત્સાહન આપી શકે છે.

ટેકનોલોજી સ્વીકારનો ત્રીજો ઉપયોગ મજબૂત સુશાસન માટે માહિતી એકત્ર કરવાનો અને વિશ્લેષણનો છે. મજબૂત મેનેજમેન્ટ ઇન્ફોર્મેશન સિસ્ટમ્સની મદદ સાથે તમામ શૈક્ષણિક સંસ્થાઓ વિદ્યાર્થી સ્તરીય કામગીરીની વિવિધ માહિતીનો રેકોર્ડ રાખી શકે છે, તેને જાળવી શકે છે, તેના પર નજર રાખી શકે છે અને તેનું વિશ્લેષણ કરી શકે છે તેમજ સંસ્થાકીય કાર્યો માટે તેમજ વિદ્યાર્થી-વર્ગખંડ-કેન્દ્રિત લક્ષ્યાંકો માટે તેનો ઉપયોગ કરી શકે છે. કેરળ, મહારાષ્ટ્ર, ગુજરાત અને ઓડિશાએ આ પ્રકારના સોલ્યુશન્સનો અમલ કરવા વિવિધ પગલાં લીધા છે.

### ૮. હેલ્થકેર સેવાઓની ડિલીવરી

આંતરરાષ્ટ્રીય ધારાધોરણો મુજબ, ભારત વસતિ માટેની તેની જરૂરિયાતો કરતા અડધા પ્રમાણમાં ડૉક્ટર્સ, નર્સ અને સ્વાસ્થ્ય સારવાર કેન્દ્રો ધરાવે છે. એટલું જ નહીં વર્તમાન સુવિધાઓ ઉત્તમ પરિણામો આપે તેવી સારી નથી. નવીન ટેકનોલોજીઓ સરકારી સ્વાસ્થ્ય સેવાઓની અસરકારકતા અને કાર્યદક્ષતા વધારી શકે છે, મોબાઇલ ઇન્ટરનેટ મારફતે નિષ્ણાતોની સલાહ પ્રદાન કરીને અંતરિયાળ વિસ્તારોમાં સ્વાસ્થ્ય સેવાઓની પહોંચ વધારી શકાય છે, મૂળભૂત સ્વાસ્થ્ય સેવાઓ પ્રદાન કરવા આધુનિક કૌશલ્યો સાથે સ્વાસ્થ્ય કાર્યકર્તાઓને ડિજિટલ ઉપકરણો સક્ષમ બનાવી શકે છે, તેમજ ઓછા ખર્ચે નિદાન ઉપકરણો પ્રદાન કરી શકાય છે, જે સ્માર્ટફોન સાથે કામ કરે છે. ઉદાહરણ તરીકે, સ્માર્ટફોનને વાજબી ખર્ચે આંખનું પરિક્ષણ કરવાના સોલ્યુશનમાં પરિવર્તિત કરવો શક્ય છે. તે માટે તમારે ઓપ્ટિક ઉપકરણ નેત્રાપ્ને સ્માર્ટફોનમાં પ્લગ કરવાનો રહેશે અને તેમાં સોફ્ટવેર અને મૂળભૂત ઓપ્ટિક ટેકનોલોજીનો ઉપયોગ કરી શકાશે. આંખના નંબર કરતા વધારે સમસ્યા માટે સલાહની જરૂર હોય તેવા લોકો માટે દર્દીની માહિતી તે જ સમયે દૂર વિસ્તારમાં સ્થિત નિષ્ણાતોને આપી શકાશે. પણ ભારતીય સમાજમાં ઇન્ટરનેટનો વ્યાપ વધશે ત્યારે જ આ શક્ય બનશે. ડિજિટાઇઝેશનનો હેતુ સ્વાસ્થ્ય સારસંભાળની ગુણવત્તાયુક્ત અને સુરક્ષિત સેવા પ્રદાન કરવાનો છે તેમજ ગુણવત્તા અને સલામતીના પાસાંને માપવાની સુવિધા પણ ઓફર કરે છે.

### ૯. ઇ-ગવર્નન્સ

ડિજિટલ ઇન્ડિયાનો જાહેર હેતુ ભારતને 'ડિજિટલ રીતે સશક્ત સોસાયટી'માં પરિવર્તિત કરવાનો, તેને 'ભવિષ્યના જ્ઞાન' માટે તૈયાર કરવાનો છે. ડિજિટલ ઇન્ડિયા તમામ ઇ-ગવર્નન્સનું સંયુક્ત સ્વરૂપે અને તેમાં કેન્દ્ર

---

૪ ધવન, આશિષ અને નમિતા દાલમિયા, ધ ડિજિટલ ઇન્ડિયા પુશ ફોર એજ્યુકેશન, ધ ફાઇનાન્શિયલ એક્સપ્રેસ, ૮ જુલાઈ, ૨૦૧૫.

સરકારની યોજનાઓ અને વિવિધ પ્રકલ્પોને જોડાવાનો છે. દાખલા તરીકે, ભારત સંચાર નિગમ લિમિટેડ (બીએસ એનએલ)ની ગ્રામીણ બ્રોડબેન્ડ જોડાણનો પ્રકલ્પ ૨,૫૦,૦૦૦ ગ્રામ પંચાયતોને જોડવા ઓપ્ટિકલ ફાઈબરનો ઉપયોગ કરે છે, જેને ડિજિટલ ઇન્ડિયા હેઠળ લાવવામાં આવ્યો છે અને તેને નવું નામ ભારતનેટ આપવામાં આવ્યું છે. ઈ-ગવર્નન્સ કે નાગરિકોના ડિજિટલ સશક્તિકરણ પાછળનો મૂળભૂત વિચાર સરકારી તંત્ર, મધ્યસ્થી સંસ્થાઓના સ્તર દૂર કરીને સરકારી સુવિધાઓને વધુ સરળતાપૂર્વક નાગરિકો સુધી લઈ જવાનો છે અને આ રીતે ભ્રષ્ટાચારને શક્ય તેટલો ઘટાડવાનો છે.

હકીકતમાં ઈ-ગવર્નન્સની ઔપચારિક શરૂઆત ૧૯૮૬માં થઈ હતી અને તે સમયે નવી દિલ્હીમાં પ્રથમ કમ્પ્યુટરાઇઝ રેલવે પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમનો શુભારંભ થયો હતો. ભારતીય પરિબળોને ધ્યાનામાં રાખીને બનાવવામાં આવેલ, વિકસાવેલ અને અમલ કરાયેલ પ્રોજેક્ટ વિલંબ, ભ્રષ્ટાચાર અને સરકારી સેવાના અમલમાં કાર્યદક્ષતા લાવવા કમ્પ્યુટર ટેકનોલોજીનું પ્રથમ પ્રદર્શન હતું. કર્ણાટકમાં ભૂમિ પ્રોજેક્ટ હેઠળ જમીનના રેકોર્ડ્સનું કમ્પ્યુટરાઇઝેશન અતિ સફળ ઈ-ગવર્નન્સ પ્રોગ્રામનું અન્ય એક ઉદાહરણ છે. આ તમામ પ્રોજેક્ટ ઈન્ટરનેટ, બ્રોડબેન્ડ અને મોબાઈલ ટેકનોલોજીના આગમનથી સારી રીતે ખીલ્યાં છે તેમજ અન્ય યુટિલિટીઓ અને રાજ્યો માટે ઈ-ગવર્નન્સના મોડેલ્સ તરીકે કાર્યરત છે.[૫]

અન્ય દેશોની જેમ ભારત તેની સરકારને નાગરિકો પ્રત્યે વધુ અસરકારક અને જવાબદાર બનાવવા વિવિધ પડકારોનો સામનો કરે છે. અમારા અંદાજ મુજબ, મૂળભૂત સેવાઓ પર ૫૦ ટકા સરકારી ખર્ચનો ખરો લાભ પ્રજાને મળતો નથી અને રોકાણ અને વૃદ્ધિ આડે જટિલ સરકારી પ્રક્રિયાઓ સૌથી મોટો અવરોધ છે. ઈ-સરકારી સેવાઓની આર્થિક અસર સ્પર્ધાત્મકતા વધારશે અને વ્યવસાય માટે હકારાત્મક વાતાવરણ ઊભું કરશે.

**૧૦. ઉપસંહાર**

આ લેખમાં ભારતમાં સર્વસમાવેશક વિકાસ હાંસલ કરવા આધુનિક ટેકનોલોજીની ભૂમિકા ચકાસવાનો હેતુ છે. મેં ડિજિટલ ટેકનોલોજી અને 'ડિજિટલ ઈન્ડિયા પ્રોગ્રામ'ની ભૂમિકાનું વિશ્લેષણ કર્યું છે. પાંચ ક્ષેત્રો – કૃષિ, ઉત્પાદન, શિક્ષણ, સ્વાસ્થ્ય અને સરકારી સેવાઓ તરફ નજર નાંખીએ તો નવી ડિજિટલ ટેકનોલોજીઓની ઉપયોગિતા આ ક્ષેત્રોમાં ક્રાંતિકારી ફેરફારો કરશે તે નક્કી છે. ટેકનોલોજીનો ઉપયોગ કરીને આ ક્ષેત્રોની ખામીઓ દૂર કરી શકાશે. તે ભારતીય કૃષિને બદલશે અને ગ્રામીણ વિસ્તારોની આજીવિકા અને જીવનના ધારાધોરણો સુધારશે. ઉત્પાદન વધુ સ્પર્ધાત્મક બનશે અને રોજગારીની વધારે તકો પ્રદાન કરીને ઉત્પાદકતામાં વધારો થશે. શિક્ષણમાં ગુણવત્તા અને અભ્યાસ સંબંધિત સમસ્યાઓને ડિજિટલ ટેકનોલોજી દ્વારા ઉકેલી શકાશે. સ્વાસ્થ્ય સારસંભાળની સુવિધાઓને વધુ વાજબી બનાવી શકાશે અને દેશના અંતરિયાળ વિસ્તારોમાં સુલભ બનાવવામાં મદદ મળશે. સરકારી સેવાઓની જોગવાઈમાં નોંધપાત્ર રીતે વધારો થઈ શકશે. ટૂંકમાં ટેકનોલોજી નોંધપાત્ર આર્થિક પ્રગતિ સાથે સર્વસમાવેશક વૃદ્ધિ મેળવવામાં મદદ કરશે, સાથે સાથે સ્થિર શાસન, સર્વસમાવેશક અને સુલભ હેલ્થકેર, શિક્ષણ અને નાગરિક સેવાઓની ગુણવત્તામાં સુધારો થશે.

નવી આધુનિક ટેકનોલોજીઓના સંપૂર્ણ ફાયદા મેળવવા ડિજિટલ અર્થતંત્ર માટે ભૌતિક માળખાનું નિર્માણ કરવું, ટેકનોલોજીના સ્વીકાર આડેના સંભવિત અવરોધો દૂર કરવા અને અસરકારક નીતિ, નિયમનો પ્રદાન કરવા અને ટેકનોલોજીની ખામીઓનું નિરીક્ષણ કરી તેને નિયંત્રિત કરવાની જરૂર છે. નવીન જીવંત અર્થતંત્ર ઊભું કરવાની પણ જરૂર છે. ભારત બહુભાષી દેશ હોવાથી માહિતી, જ્ઞાન અને તકોના પ્રસાર માટે બહુભાષીય ક્ષમતા ઊભી કરવી પડશે. પરંપરાગત વ્યવસ્થાઓને આધુનિક વ્યવસ્થાઓમાં સંકલિત કરવી પડશે, જે શાસનના વિવિધ પાસાંને સરળ કરશે, પછી તે અસરકારક સરકારી વિતરણ વ્યવસ્થા હોય, કામને ઓટોમેટિક કરવાની વાત હોય, શહેરી-ગ્રામીણ જીવનના વાતાવરણને પરિવર્તિત કરવાની વાત હોય કે સ્વાસ્થ્યની વધારે સારી સેવાઓ પ્રદાન કરવી હોય. અહીં ઉલ્લેખ કરવો જોઈએ કે પશ્ચિમના દેશોમાં ડિજિટલ ટેકનોલોજીનો સ્વીકાર થવાથી લોકો માટે રોજગારીમાં ઘટાડો થવાની સાથે કાર્યદક્ષતા અને ઉત્પાદકતા વધશે તેવી અપેક્ષા છે. પણ આ બેરોજગારીની આ સમસ્યા મધ્યમ ગાળા માટે હશે અને પછી રોજગારીની વધારે તકો ઊભી થશે. આ મહત્ત્વપૂર્ણ પાસાં પર વિશેષ ધ્યાન આપવાની અને વધારે જવાબદારી સાથે સંચાલિત કરવાની જરૂર છે.

**લેખક દિલ્હી યુનિવર્સિટીના પ્રોફેસર છે. તેઓ દિલ્હી યુનિવર્સિટીમાં એપ્લાયડ સોશિયલ સાયન્સીસ એન્ડ હ્યુમિનીટીઝના ફેકલ્ટી ડીન છે અને બિઝનેસ ઈકોનોમિક્સ વિભાગના વડા છે.**

**૫** દિનેશ શર્મા, ઇન ધ ક્લાઉડ્સ, ડેક્કાન હેરાલ્ડ, ૯ જુલાઈ, ૨૦૧૫

# સંકલિત વૃદ્ધિ કાર્યયોજનામાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો : ૨૦૧૫ના પરિપ્રેક્ષ્યમાં

*ડૉ. પી. એમ. મેથ્યુ*

*ભારતમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ (સુલમ) કક્ષાના ઉદ્યોગોની શરૂઆત 'સ્વાતંત્ર્ય સંઘર્ષ'ના રૂપમાં થઈ જ્યાં વહીવટના સ્વનિર્ભર રાજકીય એકમ અને વિકેન્દ્રિત આર્થિક બાબતોની ભૂમિકા કે જે સ્થાનિક સંસાધનો, ધંધાકીય તકો અને બજારના પાયા ઉપર છે અને તે કલાત્મક રીતે જોવા મળે છે. જાણીતા અર્થશાસ્ત્રી મહાલનોબિકા દ્વારા વિકસિત મૉડેલમાં ભારતમાં નાના સાહસોના ક્ષેત્રને આર્થિક વૃદ્ધિના ચાલકબળ (ઍન્જિન ઑફ ગ્રોથ) તરીકે નિહાળવામાં આવે છે.*

**સુલમ ઉદ્યોગો (MSME) : સદાબહાર સંકલિત પ્રતિનિધિ**

''વૃદ્ધિ વિરુદ્ધ વહેંચણી'ની વૈશ્વિક ચર્ચામાં ''સંકલિત વૃદ્ધિ''નો અભિગમ ઉમેરાયો છે. ૨૦મી સદીના અંતે અને ૨૧મી સદીના પ્રારંભે એ બાબતે સર્વસંમતિ હતી કે 'વૃદ્ધિ' અને 'વહેંચણી'ને અલગ અલગ રીતે જોવાને બદલે એવો અભિગમ હોવો જોઈએ કે બન્ને બાબતોને એકબીજાની સાથે જોવાની જરૂર છે અને તેના ફળસ્વરૂપે કથિત 'સંકલિત વૃદ્ધિ' પર વિચાર-વિમર્શ થયો. જ્યારે વૈશ્વિક સ્તરે અને વાદવિવાદની કળા ઉપરોક્ત બાબતો અંગે સર્વ સંમતિ સધાઈ ચૂકી છે ત્યારે જે દેશોમાં તેનો અમલ થઈ રહ્યો છે ત્યાંનું ચિત્ર કાંઈ ઓર જ જોવા મળે છે. જે તે દેશની ચોક્કસ પરિસ્થિતિ, સિદ્ધાંતો અમલ અને 'સંકલિત વૃદ્ધિ' અંગે સામાન્ય સમજણ અલગ અલગ જોવા મળે છે.

ભારતમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ (સુલમ) કક્ષાના ઉદ્યોગોની ભૂમિકાને સંબંધ છે ત્યાં સુધી રાજકારણ અને સામાજિક અર્થમાં તે સૂચક છે. ભારતમાં તેની શરૂઆત 'સ્વાતંત્ર્ય સંઘર્ષ'ના રૂપમાં થઈ જ્યાં વહીવટના સ્વનિર્ભર રાજકીય એકમ અને વિકેન્દ્રિત આર્થિક બાબતોની ભૂમિકા કે જે સ્થાનિક સંસાધનો, ધંધાકીય તકો અને બજારના પાયા ઉપર છે અને તે કલાત્મક રીતે જોવા મળે છે. જાણીતા અર્થશાસ્ત્રી મહાલનોબિકા દ્વારા વિકસિત મૉડેલમાં ભારતમાં નાના સાહસોના ક્ષેત્રને આર્થિક વૃદ્ધિના ચાલકબળ (ઍન્જિન ઑફ ગ્રોથ) તરીકે નિહાળવામાં આવે છે. પરંતુ અર્થતંત્રના મહત્ત્વના ક્ષેત્રોના વૈકલ્પિક ભૂમિકા તરીકે તે જોવા મળે છે. બીજી પંચવર્ષીય યોજનાના સમયકાળથી સંકલિત વૃદ્ધિનો દૃષ્ટિકોણ છે, પરંતુ આ શબ્દ ત્યારબાદ ખૂબ મોડેથી વાસ્તવિક અમલમાં આવી શક્યો હતો.

એક તરફ ''સાતત્ય સંકલિત વૃદ્ધિ''નો દૃષ્ટિકોણ લોકપ્રિય બન્યો છે ત્યારે બીજી તરફ તેની સ્થિરતા, ટકાઉપણાં બાબતે કેટલાક પડકારો પણ જોવા મળે છે. આ પડકારોને પહોંચી વળવામાં સામાજિક-રાજકીય દૃષ્ટિકોણ એક મોટી બાબત કે વિષય છે. મહત્ત્વનો અને સર્વસ્વીકાર્ય પરિબળ જે છે તે સ્થિરતા કે ટકાઉપણાનો છે. સ્થિરતા અંગેની ચર્ચા ભારતના નમૂનારૂપ અને અનુભવી વૃદ્ધિની ચર્ચાના ભાગરૂપે થાય છે.

છેલ્લાં કેટલાક દાયકાઓમાં ભારતના અર્થતંત્રમાં દરોમાં અસંબંધિતતા, વૃદ્ધિ અને વિવિધતાઓએ સૂચક અને નોંધનીય રીતે સ્થાન મેળવ્યું છે. જો કે આર્થિક વૃદ્ધિ એ રીઢા અર્થશાસ્ત્રીનો ચિંતાનો વિષય છે. પરંતુ

આર્થિક નીતિનો એક પડકાર એ છે કે આર્થિક વૃદ્ધિનો લાભ મોટાભાગના લોકોને મળે તેની ખાતરી હોવી જોઈએ. તેથી જ આ સંદર્ભમાં જોઈએ તો તે માટે સામાજિક સ્થાન કે સામાજિક ઓશીકું જરૂરી છે. પારંપારિક રીતે આ અનિવાર્ય સામાજિક ભૂમિકા સુલમ ઉદ્યોગોના સંદર્ભમાં જોવા મળે છે. પારંપારિક રીતે જ્યારે, આ સામાજિક ભૂમિકા આપમેળે પ્રભાવશાળી રીતે દૃષ્ટિગોચર થાય છે તો બીજી તરફ તાજેતરના ભૂતકાળમાં પરિસ્થિતિ ખૂબ જ ખરાબ રીતે બદલાઈ ગઈ છે. જ્યારે અર્થતંત્ર માળખાકીય રીતે બદલાય છે ત્યારે આવા ફેરફાર પાછળ નેતાઓ અને આળસુ હોઈ શકે. અલબત્ત આળસુ લોકો તો પાછળ રહી જશે કે છૂટી જશે. ત્યારે તેઓને મુખ્ય પ્રવાહમાં કઈ રીતે સમાવી શકાશે ? આ એક પડકારરૂપ પ્રશ્ન છે. ભારતીય અર્થતંત્રની પરિસીમામાં લઘુ-મધ્યમ કક્ષાના ઉદ્યોગો નિર્ણાયક ભૂમિકા ધરાવે છે.

**સમાવિષ્ટ વિવિધ ધારણાઓ**

સંકલનતા કે સમાવિષ્ટતા પરની ચર્ચામાં રણનીતિ એ સૌથી વધુ મહત્ત્વની બની ગઈ છે. ભારતની સુલમ ઉદ્યોગોના વિકાસની રણનીતિ વ્યાપક ફલક પર જોઈએ તો ત્રણ તબક્કામાં વહેંચાયેલી છે. એક, સુરક્ષા અને આરક્ષણની પારંપારિક રણીનીતિ છે. તેના પગલે અધિકાર આધારિત અભિગમની રણનીતિ છે અને ત્રીજું તથા ખૂબ જ તાજેતરનું કે દેશ ક્ષમતા અભિગમને અનુસરે છે. આ અભિગમ હેઠળ એવું અનુમાન છે કે જો યોગ્ય ક્ષમતા કે બળ આપવામાં આવે તો આપણો દેશ તેના સુલમ કક્ષાના ઔદ્યોગિક ક્ષેત્રને વિકાસના એજન્ડામાં મુખ્ય પ્રવાહમાં લઈ જઈ શકે છે. તાજેતરમાં ભારત સરકાર દ્વારા જે નીતિ જાહેર કરવામાં આવી તેમાં આ જોગવાઈનો ઉલ્લેખ જોવા મળે છે. એક તરફ એવા મહત્ત્વના પ્રજાકીય લાભના કાર્યક્રમો-યોજનાઓ છે કે જે રાષ્ટ્રીય નીતિના ઉદ્દેશ્યોમાં મેળ ખાય છે, તો બીજી તરફ એક ઉપસિદ્ધાંત રૂપે કૌશલ્ય અને ઉદ્યોગ સાહિસકતાના સર્જન પર ભાર મૂકવામાં આવ્યો છે. આ બે બાબતોનો તાલમેલ રાખીએ તો તે આ દેશના લોકોની સર્જનાત્મકતા અને ઊર્જાને યોગ્ય ઢાંચામાં વાળવામાં આવે કે યોગ્ય દિશામાં વાળવામાં આવે તો તે ઉત્પાદકીય અને સામાજિક અર્થપૂર્ણ પ્રવૃત્તિમાં કામ લાગી શકે તેમ છે. સરકારે જો કે મોડે મોડે પણ આ દિશામાં કેટલાક પગલાં લીધા છે. આમ છતાં આ બાબતને વધુ યોગ્ય રીતે જોવાની અને સમજવાની જરૂર છે.

**નવી નીતિના સૂચક પડકારો**

ભારતમાં નવી સાર્વજનિક નીતિનો અભિગમ કે જે સરકાર અને સત્તા-શાસન વચ્ચે વહેંચાયેલો છે કે ભેદ પાડે છે તેણે દેશમાં નીતિ ઘડતર પ્રક્રિયાની વિરુદ્ધની ચર્ચામાં યોગ્ય પ્રમાણમાં ભાગ ભજવ્યો છે. વિવિધ અભ્યાસો દર્શાવે છે કે ભારતમાં સાર્વજનિક નીતિ ઘડતી વખતે આગોતરી જરૂરિયાત નક્કી કરવામાં નિષ્ફળતા, અસરો અથવા પ્રતિક્રિયાના રૂપમાં મોટાભાગે તેની આસપાસ જોવા મળે છે. જો કે તેને ભાવિ કે ભવિષ્યની રીતે જોઈ શકાય અને આમ તેને આર્થિક વિકાસ લાદવાની રીતે પણ લઈ શકાય. નીતિઓને બહિર્જાતિ દ્વારા સમર્થિત અને પરિવર્તિત કે નવી માહિતી તરીકે વારંવાર બદલવામાં આવી છે. તેમાં ફેરફારો પણ થયાં છે. ભારતની નીતિ ઘડવાના માળખાને એટલી ખરાબ રીતે કે બિનકાર્યક્ષમ રીતે તથા 'યોગ્ય' નીતિ તૈયાર કરવામાં બિનસક્ષમ તરીકે ટાંકવામાં આવે છે અને પછી તેને જ વળગી રહેવામાં આવે છે (અગરવાણ અને સોમનાથન, ૨૦૦૫)

અગરવાણ અને સોમનાથન (૨૦૦૫)ના જણાવ્યા પ્રમાણે "એક સારી નીતિ ઘડવાની પ્રક્રિયા" માટે નીચે દર્શાવેલ ધારાધોરણો હોવાં જોઈએ:

(૧) ક્ષેત્ર સાથે જે સમસ્યાઓ અને મુદ્દાઓમાં ઘર્ષણ હોય તેનું તજજ્ઞો દ્વારા પૃથક્કરણ થવું જોઈએ.

(૨) અન્ય ક્ષેત્રો સાથે વ્યાપાર બંધ હોય કે એકબીજાની ઉપર હોય (ઓવરલેપ) તેની માહિતી પદ્ધતિસર રીતે એકત્ર કરવી જોઈએ અને નીતિ ઘડવૈયાઓને આપવી જોઈએ.

(૩) જે તે ક્ષેત્રોની વચ્ચે અને તેમની અંદર વિરોધાત્મક મુદ્દાઓ યોગ્ય રીતે તૈયાર કરવા જોઈએ, તેનું પૃથક્કરણ થાય અને તેને માન્ય રાખવામાં આવે તથા જેનાથી લાભ થાય કે નુકસાન થાય તેને અલગ તારવવા જોઈએ તેની શું પ્રતિક્રિયા હશે તેનું અનુમાન લગાવવું જોઈએ.

(૪) જે તે ક્ષેત્ર કે ક્ષેત્રો સાથે સંબંધિત જાણકાર વ્યક્તિઓની સામેલગીરી અને જેમને અસર થવાની છે તેમની સાથે મસલતો કરીને યોગ્ય કાનૂની સત્તા સાથે નિર્ણયો લેવા જોઈએ.

(૫) જેઓ અમલીકરણ માટે જવાબદાર છે તેમને સમગ્ર પ્રક્રિયામાં યોગ્ય રીતે સામેલ કરવા જોઈએ, પરંતુ તેમને તેના પર અંકુશ લેવાની મંજૂરી આપવી ના જોઈએ.

(૬) નીતિ ઘડવૈયાઓ અથવા સલાહકારો પ્રમાણિક હોવા જોઈએ. બહુકોણિય સંકલિત દૃષ્ટિકોણને યોગ્ય રીતે સમજે તેવી સ્વતંત્ર બુદ્ધિમત્તા પણ હોવી જોઈએ ઉપરાંત યોગ્ય સમયમાં નીતિ પસંદગીમાં મદદ કરે તેવા પણ હોવા જોઈએ.

દેશમાં છેલ્લાં ૬ વર્ષમાં સુલમ ઉદ્યોગના વિકાસનો રેકોર્ડ દર્શાવે છે કે તેમાં વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોની હાજરી લક્ષિત કાર્ય વિસ્તાર, પેટાક્ષેત્રો અને સામાજિક જૂથ જોવા મળ્યો છે. આમ છતાં એવો સામાન્ય દૃષ્ટિકોણ છે કે કાર્યક્રમોનો લાભ લક્ષિત લાભાર્થીઓ સુધી યોગ્ય અને નિર્ધારિત સમયગાળામાં પહોંચતો નથી. આ સંદર્ભમાં બે બાબતો ખૂબ જ મહત્ત્વની છે. એક તો કાર્યક્રમોનું સંકલિત દેખાવ જરૂરી છે. ઉપરાંત આ પ્રકારના આર્થિક કાર્યક્રમોનું કોઈપણ બહાનાબાજી કે છટકબારી વગર વાસ્તવિક અમલ થાય તે બાબત ઉપર ભાર મૂકાવવો જોઈએ.

આર્થિક મોજણી દ્વારા અપાયેલા નિર્દેશો અને છેલ્લામાં છેલ્લા કેન્દ્રીય બજેટના આધારે કેટલાક એવા મહત્ત્વના પગલાં ઉપર બારીક નજર અને તાકીદની સમીક્ષા જરૂરી છે.

**નવા ઉદ્યોગોની શરૂઆત પર ભાર**

વિશ્વમાં આજે ચારે તરફ નવા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના મૉડેલનો સ્વીકાર થયો છે ત્યારે ભારતે તેની વૈવિધ્યપૂર્ણ સૂચક વસ્તીનો લાભ લઈને યુવા લોકોને કૌશલ્યસજ્જ બનાવવાની બાબતને અગ્રતા આપવી જોઈએ અને ત્યારબાદ તેઓ રોજગારી મેળવી શકે તે રીતે તૈયાર કરવા જોઈએ. કેન્દ્રીય બજેટ અને આર્થિક સર્વેક્ષણમાં નિર્દેશ કરાયો છે તેમ નવાઉદ્યોગો માટે સંકલિત અભિગમની બાબતને અગ્રતા આપીને તે દિશામાં શરૂઆત કરવામાં આવી છે.

**સ્થાનિક ઉત્પાદકીય ઉપર ભાર**

છેલ્લાં બે દાયકામાં ભારતના ઉત્પાદકીય મોરચામાં જે પીછેહઠ થઈ છે તેણે નીતિ ઘડવૈયાઓનું સૂચક રીતે ધ્યાન આકર્ષિત કર્યું છે. અને તે માટે નેશનલ મેન્યુફેક્ચરિંગ કોમ્પેટેટીવનેસ પ્રોગ્રામ (એનએમસીપી) અને નેશનલ મેન્યુફેક્ચરિંગ નીતિ જવાબદાર હતા. આમ છતાં સ્પષ્ટ સીમાચિહ્નરૂપ દેશ વિશ્વનું ઉત્પાદકીય હબ-મુખ્યમથકનું સ્થાન ધરાવે છે. તેવું અતિકથન એક નોંધનીય બાબત છે.

ભારતનું ઉત્પાદકીય ક્ષેત્રે નવું દૃષ્ટિકોણ તેની સંરક્ષણ સાધનોના ઉત્પાદન અંગેની નવી પોલિસી છે જે મે-૨૦૧૪માં જાહેર કરવામાં આવી હતી. તેના પગલે ૧૫ ઑગસ્ટ, ૨૦૧૪ના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સ્થાનિક ઉત્પાદકીય અંગેની નીતિની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં સુલમ કક્ષાના ઉદ્યોગોને આઝાદ ભારત બાદ સૌ પ્રથમવાર નૈતિક અને આત્મનિર્ભરતા પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું.

**કૌશલ્યવિકાસ માટે નવી સમજૂતિ**

ટૅક્નિકલ અને વ્યવસાયલક્ષી શિક્ષણ માટે મોટા પાયે પ્રોત્સાહન છતાં ભારતીય અર્થતંત્રમાં કુશળ કર્મચારી ગણની સૌથી મોટી ઉણપ જોવા મળે છે. આમ છતાં આ પ્રશ્નના પરિમાણો અને તેનો કઈ રીતે ઉકેલ લાવી શકાય તે અંગે નીતિમાં કોઈ પ્રતિબિંબ જોવા મળતું નથી. અત્યાર સુધી નીતિનો અભિગમ વ્યવસાયલક્ષી શિક્ષણના માળખાને મજબૂત કરવા અંગે તેમાં ઉમેરો કરવા તરફ રહ્યો છે.

કેન્દ્રીય બજેટ ૨૦૧૪ દ્વારા ઉપરોક્ત અભિગમનો પડઘો પાડવામાં આવ્યો હતો. આ બજેટમાં કૌશલ્ય વિકાસ માટે સંકલિત ભાર મૂકવામાં આવ્યો છે. નમૂનારૂપ કુશળતાથી આગળ વધીને ક્યા અભિગમથી કઈ કુશળતા આવી શકે અને તેમાં એક પછી એક કઈ રીતે આગળ વધી શકાય તે બાબત જોવા મળે છે. સરકારની મુખ્ય યોજના 'સ્કીલ ઇન્ડિયા'ને જો યોગ્ય રીતે આયોજિત કરી શકાય તો ભારતમાં નવા ઉદ્યોગસાહસિકોનું મુશ્કેલ કાર્ય સરળ થઈ શકે તેમ છે.

**ઉત્પાદકીયનું સંકલિત વલણ અને સુલમ ઉદ્યોગોનું યોગ્ય સ્થાન**

અગાઉ નોંધવામાં આવ્યું છે તેમ નેશનલ મેન્યુફેક્ચરિંગ કોમ્પેટેટીવનેસ પ્રોગ્રામ (રાષ્ટ્રીય ઉત્પાદન સ્પર્ધાત્મક કાર્યક્રમ) અને નેશનલ મેનુફેક્ચરિંગ પોલીસી (રાષ્ટ્રીય ઉત્પાદન નીતિ) એ ભારતમાં ઉત્પાદન પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા નિઃશંકપણે મહત્ત્વનું કામ કર્યું છે. આમ છતાં કાર્યક્રમોને યોજનામાં બદલવા માટે જે કામગીરી થઈ છે તે નોંધ મુજબ સરાહનિય થઈ નથી. તાજેતરમાં જ જે ત્રણ સ્થાનિક ક્ષેત્રોને આગવી ઓળખ અને ભાર મૂકવામાં આવ્યો તે વધુ સૂચક છે અને તે તેના પેટાક્ષેત્રોમાં જોવા મળે છે. જેમ કે (૧) સંરક્ષણ સંરજામ સાધનોનું ઉત્પાદન (૨) ઇલેક્ટ્રોનિકસ વિજાણું અને (૩) કાપડ ઉદ્યોગ.

**સામાજિક રીતે સિમાંત જૂથોની શક્તિઓનો ઉપયોગ**

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષાના ક્ષેત્રમાં બહુ સાંસ્કૃતિકરણનું વ્યવસ્થાપન કરવું તે ખરેખર એક મોટો પડકાર અને તક સમાન છે. એક દેશ તરીકે ભારત અને તેમાં પણ જો ગ્રામીણ વ્યવસ્થાને

ખાસ રીતે જોવામાં આવે તો જાતિ કોમ અને ભાષાના પરિબળો ઉદ્યોગોના સમૂહ અને ભારતની રણનીતિમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ભારતમાં સમાજના વિવિધ જૂથો કે જે વિવિધ સાંસ્કૃતિક દરજ્જો ધરાવે છે તેનું સશક્તિકરણ થાય છે અને શિક્ષણનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે સામાજિક સિમાંત જૂથો સુલમ કક્ષાના ઉદ્યોગોમાં વધુ ને વધુ સમાવાઈ રહ્યાં છે. પરંતુ સુલમ કક્ષાના ઉદ્યોગોનું ક્ષેત્ર આ વિવિધતાને પહોંચી વળવામાં કયાં સુધી સજ્જ રહી શકશે ? આ પ્રશ્ન સામાજિક રચના અને સાર્વજનિક નીતિમાં ઉદ્ભવ્યો છે.

કથિત સામાજિક સિમાંતતા થીસીસમાં જણાવાયું છે કે સમાજમાં સિમાંત કે હાંસિયામાં રહેલી જાતિઓએ મુખ્ય પ્રવાહમાં રહેલી જાતિઓ કરતાં આર્થિક વિકાસમાં વધુ યોગદાન આપ્યું છે. આ વૈશ્વિક જાહેર થયેલી વર્તણૂક પેટર્નની ભારતની વિકાસ રણનીતિમાં સૂચક અસરો જોવા મળે છે. ભારતમાં સામાજિક સિમાંત જૂથો કે જેમને બંધારણ પ્રમાણે પણ સામાજિક સુરક્ષા અને વિશેષાધિકાર તરીકે અલગ તારવવામાં આવ્યા છે. આ પ્રવૃત્તિઓને સંકલિત કરવા માટે લઘુમતિ બાબતોનું અલગ મંત્રાલય રચવામાં આવ્યું છે. આમ છતાં આર્થિક વિકાસ વૃદ્ધિના એજન્ડામાં આ જાતિઓની ખાસ ક્ષમતાઓ અને આર્થિક સક્ષમતાઓનો કઈ રીતે ઉપયોગમાં લઈ શકાય ? આ નિર્ણાયક પ્રશ્નનો અત્યાર સુધીમાં હલ આવી શક્યો છે.

બીજી તરફ કોઈ પણ સમાજમાં લઘુમતિ જૂથોને મુખ્ય પ્રવાહ સાથે સંકલન સાધવામાં મુખ્યત્વે મુશ્કેલીઓ પડતી હોય છે અને તેથી તેઓ ચોક્કસ આર્થિક સમય ઝોનની ઓળખ ધરાવવાનો પ્રયાસ કરતાં હોય છે. બીજી તરફ કેટલાક દેશોમાં સાર્વજનિક કાર્યક્રમોના મુખ્ય પ્રવાહના આર્થિક ક્ષેત્રોમાં યોગ્ય રીતે સંકલિત કરાતા નથી. આના પરિણામે મોટા ભાગના દેશોમાં આપણે જોઈ શકીયે છીએ કે પારંપારિક અને પ્રાદેશિક લઘુમતિઓ તેમની ચોક્કસ આર્થિક પ્રવૃત્તિઓમાં યોગ્ય રીતે ગોઠવાયેલા જોવા મળે છે. દાખલા તરીકે વિયેતનામ અને ઈન્ડોનેશિયામાં બુટીક કલા વિયેતનામમાં માટીકામ કળા, ચીનમાં યુગુર કોમની હસ્ત કાપડ કળા, ચાઈનીઝ કઝાક જાતિની પારંપારિક વાનગીઓ વગેરે. તેના ઉદાહરણો છે. ભારતના સંદર્ભમાં જો તેને જોઈએ તો મુરાદાબાદમાં કાંસા ઉદ્યોગ, નરઝપુરમાં લેસમેકીંગ મન્નવરમમાં લાકડાના રમકડાં બનાવવાનો ઉદ્યોગ અને કર્ણાટકમાં ઉડીપી હૉટેલ ઉદ્યોગો પર તેમની છાપ અને આબરૂ છે.

કેન્દ્રીય બજેટ ૨૦૧૪માં લઘુમતિઓના વંશવારસાગત કલાના વિકાસ માટે તેમની કાર્યકુશળતામાં ઉમેરો કરવા અને તાલીમ માટેના કાર્યક્રમો દર્શાવવામાં આવ્યાં છે. આ કાર્યક્રમોને બજેટમાં "પારંપારિક કલા કૌશલ્ય, સંસાધનો અને માલસામાનમાં આધુનિકરણ" એવું નામ આપવામાં આવ્યું છે. જે પારંપારિક કળા અને હસ્તકળા કે જે સમૃદ્ધ વારસો ધરાવે છે તેના સંરક્ષણ માટે યોજનાઓ શરૂ કરવામાં આવશે. લઘુમતિઓની આર્થિક રીતે સૂચક ભૂમિકા અને બહુ સાંસ્કૃતિકરણ હોવા છતાં દેશની નીતિ ઘડવામાં ઉપયોગી હોય તેવી વર્તમાન જ્ઞાન પદ્ધતિના સમયમાં આ સમાજની આગવી ઓળખ અને સંકલિત ભૂમિકા માટે કોઈ પ્રયાસો કરવામાં આવ્યાં નથી.

**ચિંતાના કટોકટીમય વિસ્તારો – ક્ષેત્ર**

ઉપર મુજબ દર્શાવવામાં આવ્યું છે તેમ બધા પરિવર્તનો છતાં એવા કટોકટીમય ક્ષેત્રો છે કે જે ખાસ ધ્યાન માંગે છે :

(૧) વિકાસ માટે માહિતીનો ઉપયોગ
(૨) ઉદ્યોગ સાહસિકતા એક સંકટમય ગંભીર સંસાધન
(૩) સંકલિત પદ્ધતિમાં વ્યાપક ક્ષમતા નિર્માણ
(૪) ધંધાકીય કિસ્સામાં સામાજિક સભાનતાનું સંકલન (જેમ કે સામાજિક સાહસોને પ્રોત્સાહન :

**(૧) વિકાસ બુદ્ધિ માટે જ્ઞાન**

કથિત વિકસિત અર્થત્રમાં ત્વરિત ફેરફારો સફળતા માટે નવા નિયમો, નવા ચાલકો અને નવી ગતિશીલતા સાથે જોડાયેલા છે. સદીના છેલ્લાં ત્રીજા ભાગમાં વૈશ્વિક અર્થતંત્રમાં જે મોટા માળખાકીય ફેરફારો થયાં છે તે જ્ઞાન અર્થતંત્રની વૃદ્ધિ છે. જ્ઞાનનું મહત્ત્વ કે તેની અગ્રતાએ જૂનું અર્થતંત્ર અને કથિત નવા અર્થતંત્રમાં ભાગ પાડે છે. આ દેશો સ્ટીલ, ઓટોમોબાઈલ્સ અને રોડના ઔદ્યોગિક અર્થતંત્રમાંથી સીલીકોન, કોમ્પ્યુટર્સ અને નેટવર્કના નવા અર્થતંત્રમાં પરિવર્તિત થઈ રહ્યાં છે. તેના કારણે આર્થિક સંબંધોમાં નોંધનીય ફેરફારો આવ્યા છે અને તે અગાઉના કૃષિયુગમાંથી ઔદ્યોગિક યુગમાં બદલાવ સમાન છે. 'નવું અર્થતંત્ર' ભવિષ્યની સ્પર્ધાઓ, નવા ઉત્પાદનોના સર્જનની ક્ષમતા અથવા સેવાઓ અને વ્યવસાયોને સત્વમાં ફેરવવું વગેરે ઉપર આધારિત છે. આ જે નવી બાબતો નવું સત્ત્વની ગઈકાલ સુધી કોઈ કલ્પના નહોતી અને આવતીકાલે આ જ બાબતો જુની પુરાણી બની જાય તો નવાઈ નહીં. એવી કેટલીક મહત્ત્વની થીમ છે કે જે જૂનામાંથી નવા અર્થતંત્રમાં અલગ રીતે

ઓળખાય છે. જેમાં (૧) જ્ઞાન માહિતી, (૨) ડિજિટાઈઝેશન, (૩) આભાસીકરણ, (૪) અણુકરણ, (૪) સંકલિત - ઈન્ટરનેટ કાર્યપદ્ધતિ, (૬) બિન-દરમ્યાનગીરી, (૭) અભિશરણ (૮) નાવિન્યકરણ, (૯) ધારણાઓ - ત્વરિતકરણ, (૧૦) વૈશ્વીકરણ, (૧૧) વિસંગત અને (૧૨) સ્વરોજગારીમાં તેજી.

ભારતમાં સુલમ કક્ષાના ઉદ્યોગોના વિકાસ માટેની નીતિનો ખૂબ લાંબો ઈતિહાસ હોવા છતાં તેને આ ક્ષેત્રના સંદર્ભમાં પરિવર્તિત કરવું અને જ્ઞાનસર્જન તરફ લઈ જવાના પ્રયાસો વૈશ્વિક ધોરણો કરતાં ખૂબ જ નીચા છે. દાખલા તરીકે, પરિમાણાત્મક પ્રતિબંધો દૂર કરવા (ક્યુઆર) કે જે સુલમ કક્ષાના ઉદ્યોગોને રક્ષણ પૂરું પાડે છે તેને તરછોડી દેવામાં આવ્યું છે. આમ છતાં ખુલ્લા બજારમાં તેને મૂકવા છતાં આ ક્ષેત્રને કોઈ લાભ થયો નથી. જ્યારે ઉદારીકરણ નીતિ દ્વારા તેને યોગ્ય કક્ષાએ લઈ જવા અપેક્ષા રખાઈ છતાં આ ક્ષેત્ર માટે જે આશા છે તેની સાથે પરિણામનું તાલમેલ નથી. નીતિ સ્તરે એવી દલીલ કરવામાં આવી હતી કે આ ક્ષેત્રની સ્થિરતા-ટકાઉ માટે નાવિન્યતા એ મંત્ર છે, પરંતુ તેના અમલના સંદર્ભમાં અવરોધો છે.

જ્ઞાન-માહિતી અર્થતંત્રમાં સુલમ કક્ષાના ઉદ્યોગોની સ્થિરતા તેના એકલા ઉપર એટલે કે તે પોતાના બળ ઉપર ટકી રહે તેવી આશા રાખી ના શકાય. તેને આંતરિક ક્ષેત્રીય જોડાણોના લાભોની જરૂર છે. અત્રે, વિકાસ-વૃદ્ધિનો જૂનો અભિગમ કે અપાતી ટૅક્નોલૉજી અનિવાર્ય છે તેની ખૂબ ઓછી ભૂમિકા છે. ''નવા અર્થતંત્ર''માં જગ્યા અને સમય ખૂબ જ નિર્ણાયક છે અને તેનો શ્રેષ્ઠ ઉપયોગ સ્થાનિક જ્ઞાન પદ્ધતિ દ્વારા થવો જોઈએ. ભારતનો જ્ઞાન પદ્ધતિ અંગેનો ટ્રેક રેકોર્ડ જોઈએ તો ખાસ કરીને સુલમ કક્ષાના ઉદ્યોગો માટે તેમાં હજુ વધારે ઉમેરો કે સુધારો થવો જોઈએ. આ પ્રકારની જ્ઞાનપદ્ધતિ સંકલિત હોવી જોઈએ અને સુલમ કક્ષાના ઉદ્યોગોમાં જે મૂલ્ય સાંકળ (વેલ્યુ ચેઈન)નો ઉપયોગ થાય છે તે પોષણક્ષમ હોવી જોઈએ. મેક ઈન ઈન્ડિયા એક વ્યૂહાત્મક અભિગમ તરીકે જાહેર નહી થયેલા માર્ગમાં નોંધનીય છે.

**(૨) ગંભીર સંસાધન તરીકે ઉદ્યોગ સાહસિકતા**

ભારતમાં પારંપારિક રીતે ઉદ્યોગ સાહસિકતાનો ઉદ્ભવ ધંધાકીય જમીનમાંથી જ થતો હોવાનું મનાતું હતું. આ પ્રકારે વિચારવાના પ્રવાહમાં ૧૯૭૦ના ગાળામાં આમૂલ પરિવર્તન આવ્યું, જેના પગલે માળખાકીય ઉદ્યોગસાહિકતા વિકાસ કાર્યક્રમો દ્વારા આપબળે, આપમેળે ઉદ્યોગસાહસિકતા વિકાસ નીતિનો માર્ગ પ્રશસ્ત થયો હતો. તેના પરિણામે ઉદ્યોગ સાહસિકતા વિકાસ માટે નવી સંસ્થાઓ અને નવી યોજનાઓ શરૂ થઈ પરંતુ તેની અસરો ક્યાં કેવી થઈ છે તે ચકાસવાની યોગ્ય પદ્ધતિ, યોગ્ય માપદંડો હજુ યોગ્ય રીતે વિકસાવવાની જરૂર છે. ઉદ્યોગ-સાહસિકતા વિકાસ આરંભમાં બે નિર્ણાયક ઘટકોનો સમાવેશ થાય છે : (૧) નમનારૂપ યોજનાઓ કે કાર્યક્રમો (૨) યોજનાઓનું અમલીકરણ. કેટલાક મૂલ્યાંકન અભ્યાસો દર્શાવે છે કે આ બન્નેમાં અવરોધો છે.

ભારત જેવા વિશાળ દેશમાં અને જેની મોટાભાગની વસ્તી યુવા છે ત્યારે એ જરૂરી છે કે ઉદ્યોગ સાહસિકતા વિકાસ માટે સમજદારીનો યોગ્ય અભિગમ, માપદંડ અને આયોજન વિકાસાવવું જોઈએ. આ સંદર્ભમાં જોઈએ તો સંસાધન અભિગમ બંધબેસતું છે. ઉદ્યોગ-સાહસિકતા એ એક ગંભીર સંસાધન છે જેની જાળવણી અને પોષણ જરૂરી છે. આ અતિ આવશ્યકતાની સામે નીતિઓ અને વ્યૂહરચનાઓને ખૂબ બારીકાઈથી જોવાની પણ જરૂર છે.

**(૩) સંકલિત નિર્માણ ક્ષમતા**

નિર્માણ ક્ષમતા-શબ્દ જે તેમાં રહેલા સંકલિત અભિગમને દર્શાવે છે. કોઈ પણ અર્થતંત્રમાં શ્રમ બજારના વર્તમાન આલેખથી નક્કી થાય છે કે કેવા પ્રકારની ક્ષમતાના સર્જનની જરૂર છે. આમ છતાં ક્ષમતા સર્જન માટેના અભિગમો અલગ અલગ હોઈ શકે.

આપણો દેશ આજે શ્રમ બજારમાં એકબીજા સાથે મેળ ના હોય તેવી સૂચક બાબતો અને પડકારોનો સામનો કરી રહ્યો છે. તે આપણને દોરવણી આપે છે કે ભારતની યુવા વસ્તીને યુદ્ધના ધોરણે કુશળ બનાવવાની ખૂબ જ જરૂર છે. જેથી અર્થતંત્રના ઉત્પાદકીય ક્ષેત્રમાં તેમનો સમાવેશ થઈ શકે. ગયા વર્ષે સ્વાતંત્રદિને વડાપ્રધાન દ્વારા આ પ્રકારની ધારદાર દલીલ દેશ સમક્ષ મૂકવામાં આવી હતી. તેમણે સ્કીલ ઈન્ડિયા નામની મોખરાની યોજનાની જાહેરાત કરી હતી જે દેશની શ્રમ બજાર નીતિની બાહ્ય રૂપરેખા પૂરી પાડે છે. આમ છતાં આ પ્રકારની નીતિની વિગતો ઘડી કાઢવાની આવશ્યકતા છે. સ્કીલ ઈન્ડિયા એજન્ડાને સાકાર કરવા નવેમ્બર, ૨૦૧૪માં સ્કીલ ડેવલોપમેન્ટ એન્ડ આંત્રપ્રિન્યોરશીપ નામના મંત્રાલયની રચના કરવામાં આવી છે જે આગામી કેટલાક દાયકાઓમાં ભારતના શ્રમ બજારમાં કુશળ, અર્ધકુશળ માનવબળ પૂરું પાડશે.'

ભારત હવે એક જ્ઞાન આધારિત અર્થતંત્રમાં ફેરવાઈ રહ્યું છે. તેની વસ્તીને ખાસ કરીને યુવાઓને ઊર્જાવાન, હેતુપૂર્ણ, અને કૌશલ્યવાન બનાવવાની તાતી જરૂર છે અને તે પણ માત્ર સંખ્યાની દૃષ્ટિએ નહીં પરંતુ ગુણવત્તાની દૃષ્ટિએ પણ તેમને તૈયાર કરવાની આવશ્યકતા છે. આ પ્રકારની માંગ સંસ્થાઓ, યોજનાઓ અને ધોરણો માટે વધુ ચોકસાઈ ધરાવતું કાર્ય છે. આ પ્રકારનો વ્યૂહરચનાત્મક અભિગમ રાષ્ટ્રીય નીતિ માટે પૂર્વધારણા સમાન છે. જે ભારતના શ્રમબજારના એજન્ડાનો સામાન્ય નિયમ છે.

જોકે કૌશલ્ય વિકાસને એક અલગ તરીકે જોવું ના જોઈએ. કાર્ય કુશળતા મૂળભૂત છે. પરંતુ ખૂબ સારી નોકરી મેળવવા માટે કે એક સારા ઉદ્યોગસાહસિક બનવા માટે પૂરતી નથી. શ્રમ બજાર દરમ્યાનગીરી કે જેમાં કાર્યકુશળતા વિકાસ એક મોટો ભાગ છે તે માંગ આધારિત હોવી જોઈએ તે રોજગારી અને આર્થિક વિકાસ વૃદ્ધિ વ્યૂહરચનાનો એક સંકલિત ભાગ હોય તે આવશ્યક છે. અને તેથી જ અન્ય રાષ્ટ્રીય સૂક્ષ્મ આર્થિક નીતિઓ અને રણનીતિ સાથે સંકલન એક ગંભીર મુદ્દો છે. અને તેથી કાર્યકુશળતા અને ઉદ્યોગ સાહસિકતાની શરૂઆતની જરૂરિયાત આવકની તકો આધારિત જરૂરી છે. જેમાં (૧) વેતન રોજગાર, (૨) સ્વરોજગાર અને (૩) શ્રમ નિકાસ. વેતન કે પગાર રોજગાર એ ટકી રહેવા માટે આવકની ચોક્કસતા ધરાવે છે. સ્વરોજગારી જીવન નિર્વાહમાં ફાળો આપવાની સાથે આવક અને રોજગારીમાં વધારો કરવા માટે ઉત્પ્રેરક છે. શ્રમ નિકાસથી દેશના વિદેશી હૂંડિયામણના સંસાધનમાં ઉમેરો થાય છે. એક સંકલિત-સર્વગ્રાહી શ્રમબજાર નીતિમાં આ ત્રણ બાબતોની ખૂબ જ વૈજ્ઞાનિક ઢબે કાળજી લેવાવી જોઈએ. આ અલગ અલગ બાબતો પરંતુ એકબીજા સાથે માળખાગત જોડાયેલી અને વિવિધ મંત્રાલયો તથા વિભાગો દ્વારા તેની કાળજી લેવાવા છતાં તે એકબીજા સાથે તાલમેલ રાખીને કામ કરે તે જરૂરી છે.

એક એવો અંદાજ છે કે ૨૦૦૫-૨૦૧૨ના સાત વર્ષના ગાળામાં આપણાં દેશમાં માત્ર ૨.૭ મિલિયન એટલે કે ૨૭ લાખ નવી રોજગારીનો ઉમેરો થયો હતો. જે દર્શાવે છે કે ભારતમાં માંગના સંદર્ભમાં વેતન રોજગારીનો પુરવઠો ઓછો છે. તેથી રોજગારી વાંચ્છુઓને યોગ્ય પ્રેરણા, પ્રોત્સાહન બંને માર્ગદર્શન અપાય તો તેઓ ઉદ્યોગસાહસિક પ્રવાહનો એક ભાગ બની શકે છે. આ યોગ્ય વ્યવસાય વિકાસ સેવાઓ (બીડીએસ)ની એક જરૂરી જોગવાઈ છે જેમાં ઉદ્યોગસાહસિકોને તાલીમ અને માર્ગદર્શનનો સમાવેશ થાય છે. કાર્યકુશળતા વિકાસ માટેની અગત્યતા સમજીને ૨૦૦૯માં નેશનલ સ્કીલ ડેવલોપમેન્ટ પોલિસીની રચના કરવામાં આવી હતી. જો કે ૨૦૧૫ની નેશનલ પોલિસી ઓન સ્કીલ એનું આંત્રરપ્રિનિયોરશીપ પોલિસીનો છેદ ઉડાવે છે. આ નવી નીતિનો ઉદ્દેશ્ય ઝડપ, ગુણવત્તા અને સ્થિરતા સાથે મોટા પાયે શ્રમ બજાર દરમ્યાનગીરીનો ઢાંચો તૈયાર કરવાનો છે. તેનો હેતુ દેશની અંદર ચાલતી તમામ કાર્યકુશળતા પ્રવૃત્તિઓને એક છત્ર હેઠળ લાવીને તેમનું ધોરણ નક્કી કરવું અને તે બજાર આધારિત બને તેની ખાતરી કરવાનો છે. હેતુઓ અને અપેક્ષિત ફળની આશા ઉપરાંત આ નીતિ સંસ્થાકીય ઢાંચો પણ અલગ તારવે છે કે જે અપેક્ષિત ફળ સુધી પહોંચવાનું સાધન બનશે. કાર્ય કુશળતા બહુ હિત ધરાવતાં પરિબળોની જવાબદારી વહેંચવાનું પ્લેટફોર્મ-સ્થળ છે જેમાં સરકાર, નોકરીદાતા અને વ્યક્તિગત કર્મચારી, એનજીઓ, સમાજ આધારિત સંસ્થાઓ, ખાનગી તાલીમ સંસ્થાઓ અને હિત ધરાવનારાઓ ખૂબ મહત્વની ભૂમિકા ભજવે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્કીલ ઇન્ડિયાનો મુદ્દો અર્થપૂર્ણ શ્રમ બજાર નીતિના ઢાંચાની સાથે આગળ ધપાવવાનો છે. જેમાં રાષ્ટ્રીય કક્ષાએ તમામ મંત્રાલયો વિભાગો અને રાજ્યકક્ષાએ પણ તમામ વિભાગોએ ચોક્કસ ભૂમિકા ભજવવાની છે. આ ભૂમિકાઓને તેમની ચોક્કસ નિપુણતાના સંદર્ભમાં અલગ તારવવી જોઈએ જેથી પ્રમાણો બેવડાય નહીં.

**(૪) સામાજિક ઉદ્યોગસાહસ**

'અસર રોકાણ' અને 'સામાજિક ઉદ્યોગસાહસો' એ આજના જવાબદેહી વ્યવસાયના અર્થવિજ્ઞાનના બે ચાવીરૂપ અભિગમો છે. આમ છતાં આ અભિગમો ભારતના સંદર્ભમાં હજુ ઊંચકાયા નથી.

ભારત તેની વિશાળ ભૌગોલિક પરિસ્થિતને કારણે કેટલાક સામાજિક પ્રશ્નોનો સામનો વેઠે છે. આ સામાજિક પ્રશ્નોને આજના સંસાધનો અને તકોના સંદર્ભમાં મૂળભૂત રીતે ઉકેલવાની જરૂર છે. તમામ સામાજિક પ્રશ્નો કે સામાજિક કિંમતમાં એક તક પ્રતીક્ષામાં રહેતી હોય છે. આ તકોને ઝડપવાનો દૃષ્ટિકોણ સ્થિર ઉદ્યોગસાહસ વિકાસના એજન્ડામાં મધ્યબિંદુમાં છે. 'ઉદ્યોગ સાહસિકતા' એ માનવનું મૂળ લક્ષણ કે વિશિષ્ટતા છે જેને ચોક્કસ સંદર્ભમાં પોષવાની જરૂર છે. સામાજિક પ્રશ્નના કિસ્સામાં જોઈએ તો તેમાં તક છુપાયેલી છે અને તેને શોધી કાઢીને અર્થપર્ણ ઉકેલ તરીકે તેનો ઉપયોગ કરવો જોઈએ. અને આજ સંદર્ભમાં સામાજિક ઉદ્યોગ સાહસનો જન્મ થાય છે.

સામાજિક ઉદ્યોગસાહસોની વ્યાખ્યા ઉદ્યોગસાહસ તરીકેની જ છે અને તે એક વ્યવસાયની જેમ ચલાવવામાં આવે છે,

બજાર માટે માલસામાન અને સેવાઓનું સર્જન કરે છે. પરંતુ તેનું સંચાલન તેનું વધારાનું, સમાજ અને પર્યાવરણના લક્ષ્ય માટે હોય છે. તે એક આવક આધારિત પણ અલગ પ્રકારનું વ્યવસાય કે વ્યવસાયો છે. તે કાં તો બિનફાયદાકારક સંસ્થા (એનજીઓ) અથવા નફા માટેની કંપની દ્વારા ચલાવાય છે. સામાજિક ઉદ્યોગસાહસોના બે હેતુ હોય છે: સામાજિક, સાંસ્કૃતિક, સમાજ અર્થતંત્ર અથવા પર્યાવરણ માટે અને (૨) આવક મેળવવા માટે. ઉપર ઉપરથી જોઈએ તો ઘણા સામાજિક ઉદ્યોગ સાહસો જાણે કે પારંપારિક વ્યવસાયો હોય તેવા લાગે છે, તેવી અનુભૂતિ થાય છે અને એ રીતે ચલાવાય છે પરંતુ જો તેમાં ઊંડા ઉતરીએ તો જોવા મળશે કે સામાજિક ઉદ્યોગ સાહસોનો હેતુ-લક્ષ્ય આવક રળવા માટેનો જ જોવા મળે છે, સંસ્થાઓને જો સામાજિક ઉદ્યોગ સાહસોના પરિક્રમા કે દિશાસૂચક સાધન ઉપર મૂકાય તો તે ઉદ્યોગસાહસ અને સંસ્થાને ખાનગી કે જાહેર ક્ષેત્રની વચ્ચે સતત માપશે. એક ઊભી કાલ્પનિક રેખા પર દરેક સંસ્થા કે, ઉદ્યોગસાહસ તેના પ્રાથમિક હેતુના વર્ગીકરણથી એટલે કે ટોચે 'સામાજિક હેતુ'થી લઈને છેક નીચે 'વાણિજય હેતુ' સુધી જોવા મળે છે.

સામાજિક અર્થતંત્ર વિકસ્યું તેનું કારણ એ છે કે સામાજિક જવાબદારીના પ્રશ્નોના ઉકેલની જરૂર પડી અને ખાનગી અથવા જાહેર ક્ષેત્ર દ્વારા ઉપેક્ષા કરવામાં આવી (અથવા અપૂરતી અપેક્ષા રહી) ત્યારે તેને સંતોષવા માટે આ સામાજિક અર્થતંત્રનો ઉદય થયો. નફાનો ઉદ્દેશ્ય રાખ્યા વગરના ઉકેલનો ઉપયોગ કરીને સામાજિક અર્થતંત્રની મજબૂત, સ્થિર, સમૃદ્ધ અને સર્વગ્રાહી સમાજની રચનામાં બેજોડ ભૂમિકા રહેલી છે. રાજકીય અને આર્થિકક્ષેત્રે વારંવાર પરિવર્તનને કારણે સામાજિક અર્થતંત્રની મર્યાદિત વ્યાખ્યા કરવી મુશ્કેલ છે. કેમ કે કોઈ પણ સમયે સંસ્થા "આંશિક અંદર-આંશિક બહાર" હોય છે અને સામાજિક અર્થતંત્રના પેટાક્ષેત્રોમાં ફરે છે.

સફળ સામાજિક ઉદ્યોગસાહસો સરકારી નીતિઓના હેતુઓને પૂર્ણ કરવામાં ભાગ ભજવે છે. જેમ કે –

- ઉત્પાદન અને સ્પર્ધાત્મકતામાં વધારો કરે છે.
- સામાજિક સર્વગ્રાહી સંપત્તિ સર્જનમાં ફાળો આપે છે.
- વ્યક્તિગત અને સામૂહિક રીતે એક બીજાને નજીક લાવવાનું સરળ બનાવે છે.
- જાહેર સેવાઓના અમલ માટે નવા રસ્તાઓ બનાવે છે અને
- સર્વગ્રાહી સમાજ અને સક્રિય નાગરિકત્વને વિકસાવે છે.

ભારતમાં તેની વિશાળતાને કારણે સંખ્યાબંધ સામાજિક ઉદ્યોગ સાહસો નમૂનારૂપ વિકસ્યા છે, જે એક સરકારની કક્ષાએથી લઈને ખાનગી નમૂનારૂપમાં જોવા મળે છે. જો કે આ ક્ષેત્રે ઘણાં જાણીતાં નામો છે તેમ છતાં આપણા દેશમાં રાષ્ટ્રીય કક્ષાએ સામાજિક ઉદ્યોગ-સાહસ નીતિનો અભાવ જોવા મળે છે.

છેલ્લાં બે દાયકામાં ભારતનો નોંધનીય જીડીપી વિકાસ દર છતાં આજે પણ દેશમાં ૧.૨ મિલિયન વસ્તી હજુ પણ ગરીબી રેખાની નીચે જીવે છે. આ ઉપરાંત પાંચ પાંચ વર્ષ કરતાં ઓછી વયના અંદાજે ૪૦ ટકા બાળકો કુપોષિત છે. તો વિશ્વ આરોગ્ય સંસ્થા કહે છે કે ભારતમાં ૬ કરોડ કરતાં વધુ લોકોને જાહેરમાં શૌચક્રિયા માટે ફરજ પડે છે. અર્થાત્ તેઓ વ્યક્તિગત શૌચાલય ધરાવતાં નથી. તેથી આવા પ્રશ્નોના ઉકેલ માટે સામાજિક લક્ષિત મૂડીરોકાણ અથવા 'અસર રોકાણ' એ એક મોટો પડકાર છે.

ભારતના સર્વગ્રાહી વિકાસના એજન્ડામાં સામાજિક ઉદ્યોગ સાહસો ચાવીરૂપ ભૂમિકા નિભાવી શકે છે. અન્ય કેટલાક દેશોની જેમ તે ભારતમાં સત્તાવાર કે કાયદાકીય રીતે એક ક્ષેત્રની જેમ ઓળખ ધરાવતાં નથી તેમ છતાં ગરીબીનો સામનો કરવામાં એટલે કે ગરીબીને દૂર કરવામાં મહત્ત્વનો હિસ્સો છે.

સામાજિક ઉદ્યોગ સાહસ કોને કહેવાય એવી તેની વ્યાખ્યા પડકાર સમાન છે પરંતુ એક વાર તેની વ્યાખ્યા નક્કી થાય તે પછી આવા વ્યવસાયોને નવા વિચારોથી લઈને નાવીન્ય સુધી મદદ કરવા મજબૂત નીતિઓનો માર્ગ મોકળો થઈ શકશે. જેમાં મૂડીરોકાણ નવા ઉદ્યોગસાહસો માટે લોન કે ગ્રાન્ટ પ્રોત્સાહનો જેમ કે કરરાહતો, પાણી, જમીન અને વીજળીમાં રાહતોનો સમાવેશ થાય છે. હાલમાં મોટાભાગના નવા સામાજિક ઉદ્યોગ સાહસો તેમની નાણાકીય મદદ વિદેશી મૂડીરોકાણકારો પાસેથી મેળવે છે. આમ છતાં ભારતમાં પૂરતા પ્રમાણમાં મૂડીપ્રવાહ ઉપલબ્ધ છે. ખાસ કરીને સરકાર અને મોટા નિગમો મહત્ત્વના રોકાણકારોની ભૂમિકા ભજવી શકે છે.

**ઉપસંહાર**

આજે નીતિનિર્ધારકો સમક્ષ સર્વગ્રાહી અભિગમને રાજકીય સૂત્રમાંથી બહાર કાઢીને તેને વાસ્તવિક અને કાર્ય આધારિત અભિગમમાં તબદીલ કરવું એક પડકાર છે. આ સંદર્ભમાં નાના અને મધ્યમકક્ષાના ઉદ્યોગ સાહસો એક ચોક્કસ વિસ્તારની જેમ નિર્ણાયક ભાગ ભજવી શકે છે.

**લેખક ઈન્સ્ટિટ્યૂટ ઑફ સ્મોલ એન્ટરપ્રાઈઝ એન્ડ ડેવલોપમેન્ટના નિયામક છે.**

# ખેતીવાડી : સર્વસમાવેશક વિકાસનું ઓજાર

*ભુવન ભાસ્કર*



*આઝાદી પછી પહેલી વખત મોદી સરકારે ખેતીવાડીને ખોરાક ઉત્પાદનનું ક્ષેત્ર ગણવાને બદલે દેશના સામાજિક આર્થિક સૂચકાંકને ઉન્નત બનાવવાનાં સાધન તરીકે ગણવાનું શરૂ કર્યું છે. ખેતીપ્રધાન સમાજની આર્થિક કાયાપલટનું ધ્યેય રાખી એટલી વિકાસ યોજનાઓ અમલમાં મુકાઈ છે કે ખેતી આમૂલ પરિવર્તન પામશે જ.*

આપણા જેવા કૃષિમંડિત સમાજ માટે ઘડાતી પ્રત્યેક વિકાસ યોજનામાં કેન્દ્રસ્થાને ખેતીવાડી ક્ષેત્રને રાખ્યા વગર ધાર્યા પરિણામ મળવા મુશ્કેલ છે. આપણી અડધોઅડધ વસતિની સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક જિંદગીનો આધાર ખેતીવાડી છે, તો બીજી બાજુ વિરાટ વસતિના ઊદર પોષણ માટે અનાજનું જંગી ઉત્પાદન પણ અનિવાર્ય છે. ખોરાકની સલામતિનો પ્રબંધ કર્યા વગર બધી સલામતિ નકામી ગણવી પડે. સઘળી વાસ્તવિકતા ખેતીને પહેલી અગ્રતા ગણતી હોવા છતાં આઝાદી પછી કૃષિની એટલી અવગણના થતી આવી પરિણામે સાત દાયકા પછી પણ ફરીથી એકડો ઘુંટવાના દિવસો આવ્યા છે. પંડિત નહેરુ કહેતા કે પોલાદ કારખાના કરતા ખેતી વધારે મહત્ત્વ ધરાવે છે, છતાં ઉદ્યોગોને આધુનિક ભારતનાં મંદિરોની ઉપમા પણ નહેરુજીએ જ આપેલી. બસ, આવા વિરોધાભાસ સાથે ખેતીવાડીની દશા સુધરે તેવી નીતિ બની નહીં, ભલે સરકારો બદલાતી રહી.

કૃષિક્ષેત્રની બદહાલી થઈ તેટલી અવગણનાને લીધે ઉત્પાદકતા ઘટી અને પાક વૈવિધ્ય આવ્યું નહીં. બીજી બાજુ બે તૃતીયાંશ વસતિ માટે આજીવિકાનો આધાર માત્ર ખેતીવાડી ક્ષેત્ર હતું તેમાં સુધારો થયો નહીં. પરિણામે મોટાભાગની વસતિ સમયાંતરે આર્થિક ઉત્થાનથી વંચિત રહી. ખેતીવાડીની ખીલવણી માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવું કે સિંચાઈ, પાક લણણી પછીની માવજત, ધિરાણ, સંશોધન કેન્દ્રો તથા નાણાકીય સમાવેશનનો બિલકુલ બંદોબસ્ત થઈ શક્યો નહીં. પરિણામે ગ્રામીણ અને શહેરી ભારત વચ્ચે લગભગ તમામ પ્રકારની અસમાનતા વધતી ચાલી.

૧૯૬૦ના દાયકામાં પ્રધાનમંત્રી લાલબહાદુર શાસ્ત્રીએ ભીષણ દુકાળમાંથી ભારતને બહાર કાઢવા હરિયાળી ક્રાંતિ લાવી બતાવી, પરંતુ તેનો ઝોક ખોરાક પૂરતું અનાજ ગમે તે ભોગે પકવવાની વાત હતી, વાવેતર અને ઉત્પાદન વધારવાની વાત હતી. સામાજિક પરિવર્તન તથા સર્વસમાવેશક વિકાસ જેવી બાબત તેનું ધ્યેય નહોતી. પરિણામે અનાજનું ઉત્પાદન વધારવાની લહાયમાં રાસાયણિક ખાતરોનો ઉપયોગ બેફામ બન્યો અને તેમાં ઝેરી જંતુનાશક દવાઓનો ઉમેરો થતા જમીનની પ્રાકૃતિક ફળદ્રુપતા હણાઈ ગઈ અને ખેતરે ખેતરે ઝેરના વાવેતર થયા. રાસાયણિક પદાર્થોનો ઊંચો ખર્ચ ખેતીને મોંઘી ને મોંઘી બનાવવા લાગ્યો તો બીજી તરફ જમીનના રસકસ ઘટતાં એકરદીઠ ઉત્પાદનના આંકડા નાના થવા લાગ્યા.

હરિયાળી ક્રાંતિનો સૌથી વધુ લાભ ઉઠાવનાર પંજાબનાં ખેતરો હાલ વસુકી ગયા છે, જમીનના ઘટક દ્રવ્યોમાં ઝેરી રસાયણ પ્રચુર માત્રામાં ઉમેરાતા પાક ઓછો થવા લાગ્યો છે.

૨૦૦૩માં અટલ બિહારી બાજપાયીની સરકારે પહેલી વખત વાવેતર હેઠળની જમીન વધારવાની નીતિનું દાયકાઓ જૂનું ઝનૂન છોડી લણણી બાદ ખળામાં પહોંચતા અનાજનો જથ્થો સાચવવાની વ્યવસ્થા વિશે વિચાર્યું, ખેડૂતને ખેતીખર્ચ કાઢતા વાજબી નફો છૂટે તેવી ગણતરી માંડતા શીખવ્યું. ખેડૂતના આર્થિક હિતને સાચવવા ખેતપેદાશ બજાર સમિતિ કાયદો (એપીએમસી) ઘડી તેનો અમલ શરૂ કરાવ્યો, પરંતુ કાળક્રમે ખેડૂત માલ લઈ હરાજીમાં પહોંચે ત્યારે દલાલો સાંઠગાંઠ રચી ઓછા ભાવે માલ પડાવી લેવા લાગ્યા, જેથી તેનો હેતુ સર્યો નહીં. ઊલટું હમણાં જ નાણાંમંત્રાલયે ફળ તથા શાકભાજીને એ.પી.એમ.સી.થી મુક્ત કરી ખેડૂતને ગમે ત્યાં વેચવાની અને કોઈ પણ ને તે માલ ખરીદવાની છૂટ આપી છે. પાક વીમા હેઠળ વધુ ને વધુ ખેડૂતોને આવરી લેવાની પહેલ પણ હમણાં વેગ પકડતી જાય છે.

આઝાદી પછી પહેલી વખત મોદી સરકારે ખેતીવાડીને ખોરાક ઉત્પાદનનું ક્ષેત્ર ગણવાને બદલે દેશના સામાજિક આર્થિક સૂચકાંકને ઉન્નત બનાવવાનાં સાધન તરીકે ગણવાનું શરૂ કર્યું છે. ખેતીપ્રધાન સમાજની આર્થિક કાયાપલટનું ધ્યેય રાખી એટલી વિકાસ યોજનાઓ અમલમાં મુકાઈ છે કે ખેતી આમૂલ પરિવર્તન પામશે જ.

**૧. રાષ્ટ્રીય ખેતીવાડી બજાર**

ખેતપેદાશોનું રાષ્ટ્રવ્યાપી ખરીદ વેચાણ ઓનલાઇન ધોરણે સંભવ બનાવતો અત્યંત મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ મોદી સરકારે બીજી જુલાઈ ૨૦૧૫ના રોજ કેબિનેટમાં મંજૂર કર્યો છે જે હેઠળ રૂ.૨૦૦ કરોડના ખર્ચે દેશના ૫૮૫ જથ્થાબંધ ખેતપેદાશ બજારોને ૨૦૧૮ સુધીમાં નેટવર્ક વડે જોડવાની વાત છે. ઇલેક્ટ્રોનિક ઓક્શન પદ્ધતિ વડે માલનું ખરીદવેચાણ થવાનું હોવાથી રાજ્યનો ટેક્સ ફક્ત એક વખત લાગશે માટે બે રાજય વચ્ચે ભાવની અસમાનતા વેપારીનો નફો બનતી અટકશે, ખેડૂતને વાસ્તવિક ભાવ મળશે. ચાલુ વર્ષે ૨૫૦ અને આવતા વર્ષે ૧૩૫ બજારને ઓનલાઇન કરી દેવાનું કામ તો શરૂ પણ થઈ ચૂક્યું છે. રાજ્ય તથા રાષ્ટ્રીય સ્તરે બજારનું એકત્રિકરણ થતાં માગ પ્રમાણે પુરવઠાનો ભાવ બાંધવા ખેડૂત પોતે સક્ષમ બનશે, તો પુરવઠાની સાંકળ વૈજ્ઞાનિક ઢબે એવી રીતે રચાશે જેમાં બગાડની ગુંજાયશ ઓછી હોય.

અનાજ સહિતની ખેતપેદાશના વેપારમાં વચેટિયાઓ અને દલાલનો નફો ઘણી વખત ખુદ ખેડૂત કરતા ચડિયાતો હોય તેવી દશા જોવાય છે, જે ઇલેક્ટ્રોનિક ઓક્શનમાં બંધ થશે. કર્ણાટક સરકાર અને નેશનલ ઇ-માર્કેટ લિમિટેડની અડધી અડધી મૂડી વડે રચાયેલી રાષ્ટ્રીય ઈ-માર્કેટ સર્વિસ લિમિટેડ દ્વારા તો કામ શરૂ થઈ ગયું છે અને કુલ ૧૫૫ નાના મોટા બજાર પૈકી સિંગલ લાયસન્સ હેઠળ ૫૫ બજાર ઓનલાઇન સાંકળી લેવાયા છે. ભારત સરકારે તમામ રાજ્યોને કર્ણાટક મોડેલનો અભ્યાસ તથા અંગિકાર કરવા કહ્યું છે.

**૨. સોઇલ હેલ્થ કાર્ડ**

મુખ્યમંત્રી તરીકે ગુજરાતમાં સોઇલ હેલ્થ કાર્ડનો સફળ અમલ કરાવી સફળતા હાંસલ કર્યા બાદ પ્રધાનમંત્રી બનેલા નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય ધોરણે તેને લાગુ કરવા બજેટમાં રૂ.૧૫૬ કરોડ ફાળવી દીધા છે, જે પૈકી ૧૦૦ જેટલી મોબાઇલ સોઇલ ટેસ્ટીંગ લેબોરેટરી શરૂ કરવા પાછળ રૂ. ૫૬ કરોડ ખર્ચાશે. ૧૯મી ફેબ્રુઆરીએ રાજસ્થાનમાં સુરતગઢ ખાતેથી સોઇલ હેલ્થ કાર્ડ યોજનાનો મંગળ પ્રારંભ કરાવતી વખતે પ્રધાનમંત્રી મોદીએ કહેલું કે ખેતીવાડીનો વિકાસ ગરીબી નાબૂદ કરી નાખશે. રાજ્યોનો ઉત્સાહ પારખી મોદી સરકારે ફાળવણી ૨૦૦ કરોડ કરી નાખી છે. અને ચાલુ વર્ષે માટીના ૨.૫૩ કરોડ નમૂના વૈજ્ઞાનિક ચકાસણી માટે પ્રયોગશાળા પહોંચતા થાય તેવો લક્ષ્યાંક રખાયો છે. પ્રયોગશાળામાં વપરાતી સામગ્રી તથા કેમિસ્ટ સહિતના માણસોના પગાર પાછળ ચાલુ વર્ષે રૂ.૧૯૨ કરોડ ખર્ચાશે જે પૈકી કેન્દ્ર પોતે રૂ.૯૬ કરોડ ભોગવશે. મોદી સરકાર આગામી સાડા ત્રણ વર્ષમાં ૧૪.૫ કરોડ સોઇલ હેલ્થ કાર્ડ ઇસ્યુ કરવાનો ઇરાદો પાકા પાયે ધરાવે છે.

ખેતરની માટીનું વૈજ્ઞાનિક પરિક્ષણ ખેડૂતોને કરી આપવાની વ્યવસ્થા ગુજરાત સહિતના કેટલાક રાજ્યોએ પોતાની મેળે ગોઠવી હતી, પરંતુ તેને રાષ્ટ્રીય ઝુંબેશ બનાવવાનો યશ મોદી સરકારને મળે. પોતાની માટીની ખાસિયત અને ખૂટતા ઘટક તત્ત્વોનો એક્સ-રે સોઈલ હેલ્થ કાર્ડ મારફતે હાથ લાગતા બુદ્ધિશાળી ખેડૂત કયું ખાતર કેટલી માત્રામાં વાપરવું તેનો ન્યાયપૂર્ણ નિર્ણય લઈ ખર્ચ બચાવી શકશે સાથોસાથ ખેતરની તબિયત ફળદ્રુપ રાખવામાં સફળ રહેશે. વાવેતર માટે આદર્શ પાકની પસંદગી કાર્ડના આધારે કરવી આસાન બનશે.

**૩. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના**

પ્રત્યેક ખેતરને સિંચાઈ માટે પાણી મળે અને તેનો વિવેકપૂર્ણ વપરાશ થાય તે માટે ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં રૂ.૫૩૦૦ કરોડની ફાળવણી સાથે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના લાગુ કરી સૂક્ષ્મ સિંચાઈ સાથોસાથ જળસ્રાવ ક્ષેત્રને મહત્ત્વ અપાયું છે, ગયા બજેટમાં કૃષિ સિંચાઈ પાછળ રૂ. ૫૬૨૩ કરોડ ફાળવાયા હતા. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજનાનું વચન લોકસભા ચૂંટણી સમયે ભાજપે આપેલું હોવાની નાણાંમંત્રી જેટલીએ રૂ. ૧૦૦૦ કરોડની ફાળવણી તાબડતોબ કરી દીધેલી, પરંતુ કામ હજુ શરૂ થયું નથી. ૨જી જુલાઈ, ૨૦૧૫ના રોજ પ્રધાનમંત્રી મોદીના અધ્યક્ષપદે મળેલી કેબિનેટમાં આ યોજના પાછળ ૨૦૧૫-૨૦ વચ્ચે પાંચ વર્ષમાં રૂ.૫૦ હજાર કરોડનો ઠરાવ થયો હતો. દેશમાં ખેતી થતી હોય તેવી માત્ર ૪૦ ટકા જમીનને સિંચાઈ મળે છે અને અનાજના કુલ ઉત્પાદનમાં સિંચાઈવાળા ખેતરનો ફાળો ૫૬ ટકા છે. સિંચાઈનું મહત્ત્વ સમજવા માટે આ બંને આંકડા પૂરતા છે. સિંચાઈનો ફેલાવો કરવા પ્રત્યે ઉદાસીનતાને લીધે ૨૦૦૦-૧૨ દરમિયાન ફક્ત ૫.૮ ટકાનો વધારો સિંચાઈમાં નોંધાયો હતો.

| પંચવર્ષીય યોજના | સમયગાળો | રાજ્ય વિકાસ યોજનામાં સિંચાઈની ટકાવારી |
|---|---|---|
| પાંચમી યોજના | ૧૯૭૪-૧૯૭૮ | ૨૩.૨૫ ટકા |
| છઠ્ઠી યોજના | ૧૯૮૦-૧૯૮૫ | ૨૦.૮૫ ટકા |
| સાતમી યોજના | ૧૯૮૫-૧૯૯૦ | ૧૧.૮૫ ટકા |
| આઠમી યોજના | ૧૯૯૨-૧૯૯૭ | ૧૮.૪૮ ટકા |
| નવમી યોજના | ૧૯૯૭-૨૦૦૨ | ૧૪.૯૩ ટકા |
| સ્રોત : યોજના પંચ | | |

"હર ખેત કો પાની" જેવા મંત્ર સાથે ઘડાયેલી આ યોજનામાં છેવાડાના સ્તરે સિંચાઈ માળખાના બાંધકામ માટે મૂડીરોકાણનો પ્રબંધ વિવિધ કાર્યક્રમોના ભંડોળનો થોડો હિસ્સો ફાળવીને કરાશે. ખેતરમાં પાણીનો વપરાશ ટપક પદ્ધતિ સાથે કરવા "મોર ડ્રોપ પર ડ્રોપ"નો ઉદ્દેશ ખેડૂતોને સમજાવવા સાથે જળસ્રાવનું જતન, જળસંચય તથા બચતને પ્રોત્સાહન અપાશે. ઉપરાંત નગરપાલિકા વિસ્તારની ગટરનું પાણી શુદ્ધિકરણ વડે ખેતીલાયક બનાવતા પ્રોજેક્ટ ઠેરઠેર શરૂ કરવાની કલ્પનાશીલતા પણ વ્યૂહરચનામાં સ્થાન પામી છે. નદી, ડેમ, તળાવમાંથી કેનાલ કાઢી ખેતરને પાણી આપવાની સિંચાઈની જુનીપુરાણી સમજણને મોદી સરકારે તિલાંજલિ આપી માનવ વસતિ અને ખેતી માટે અનિવાર્ય જળપુરવઠાનું માપ કાઢી 'વોટર બજેટ' તૈયાર કરવા સુધીની તૈયારી થઈ ચૂકી છે. નાબાર્ડ તરફથી ખેડૂતોને રૂ. ૩૦,૦૦૦ કરોડનું ધિરાણ આવતા ત્રણ વર્ષમાં આપવાનો લક્ષ્યાંક રખાયો છે. જે પૈકી રૂ. ૧ હજાર કરોડ તો ચાલુ વર્ષે મંજૂર કરી ચૂક્યા છે.

**૪. ભાવસપાટી સ્થિરતા કોષ**

ડુંગળી-બટાટાની ચંચળ ભાવસપાટી ખેડૂતોને સદાય પાયમાલ કરતી રહી છે, તો શાકભાજી જેવી નાશવંત ચીજ માટે સંગ્રહ કરવાની સગવડને અભાવે વેચી નાખવાની મજબૂરી નફાખોરો માટે તૈયાર તક બની રહે છે. આ ત્રુટિ નિવારવા માટે રૂ. ૫૦૦ કરોડના ભંડોળ વડે ભાવસપાટી સ્થિરતા કોષની રચના કરી

છે, જેના ઉપયોગ વડે ભાવ સદંતર તળીયે જવા લાગે ત્યારે સીધા ખેડૂત પાસેથી શાકભાજી કે બાગાયતી પેદાશ ખરીદી ગ્રાહકોને વાજબી ભાવે વેચાણ કરવાની વ્યવસ્થા કરવામાં આવશે. કૃષિ મંત્રાલય હેઠળ સ્મોલ ફાર્મસ એગ્રિ બિઝનેસ કોન્સોર્સિયમની આ હેતુ માટે રચના થઈ ચૂકી છે, જે ખેતપેદાશોનો નિયમિત અને મોટો જથ્થો ખરીદતા ગ્રાહકોનો ડેટાબેઝ તૈયાર કરી ઉત્પાદક ખેડૂતો સાથે વેપારી સંબંધ સ્થાપિત કરશે. 'દિલ્હી કિસાન મંડી' જેવું ૨૦૧૪માં રચાયેલું પહેલું જૂથ હાલ એક હજાર ખેડૂતો સાથે જોડાઈ ચૂક્યું છે, જેને આદર્શ ગણી આપવા ભારતમાં તેના જેવું માળખું ગોઠવવાની વાત છે.

**૫. કૃષિધિરાણ**

ખેડૂતોને કૃષિધિરાણ પરવડે તેવી શરતોએ પૂરું પાડવાનો પડકાર તમામ કેન્દ્ર સરકાર વેઠતી આવી છે, કારણ કે બેંકોનું માળખું વિસ્તર્યું હોવા છતાં ખેડૂતો આત્મહત્યા કરે તેવા કિસ્સા બંધ થતા નથી. શાહુકારનું વ્યાજ ભરવું કયા કારણે ખેડૂત પસંદ કરે છે તે બેંક નિષ્ણાતો માટે કોયડો રહ્યો છે છતાં બેંક ધિરાણનો પ્રવાહ નાનામાં નાના ખેડૂત સુધી પહોંચાડવા જડબેસલાક વ્યવસ્થા મોદી સરકારે ગોઠવી છે અને કૃષિધિરાણનો લક્ષ્યાંક રૂ. ૮.૫ લાખ કરોડ રખાયો છે.

**૬. ડીડી કિસાન ટીવી ચેનલ**

ખેડૂતોને બિયારણથી માંડીને હવામાન અને બજારભાવથી માંડી ખેત મશીનરી સુધીની તાજી માહિતી મળી રહે તે માટે વિશ્વની પહેલી ખેતીવાડી સમર્પિત ટીવી ચેનલ મોદી સરકારે શરૂ કરી છે. ડીડી કિસાન ચેનલને ઓપન યુનિવર્સિટી જેટલી માતબર સામગ્રી પીરસવા સજ્જ બનાવવામાં આવી છે.

**૭. પાક વીમો**

૧૨મી જુલાઈ, ૨૦૧૫ના રોજ નાબાર્ડના સ્થાપના દિવસે નાણાંમંત્રી અરૂણ જેટલી જાહેર કરી ચૂક્યા છે કે

| યોજના | પ્રારંભ વર્ષ | સમાપ્તિ વર્ષ | ખાસિયત | નિષ્ફળતાનું કારણ |
|---|---|---|---|---|
| ૧. વિસ્તૃત પાક વીમા યોજના (CCIS) | N.A. | ૧૯૯૭ | ખેતપેદાશનો કેટલો જથ્થો પાકશે તેના આદર્શ માપથી ઉત્પાદન ઓછું થાય તો પડેલી ઘટ જેટલું વળતર ખેડૂતને મળે. | ભારતમાં કુલ રૂ. ૧૬૨૩ કરોડના દાવા ચૂકવાયા તે પૈકી ગુજરાતમાં મગફળી માટે રૂ. ૭૯૨નું વળતર ચૂકવવું પડેલું. |
| ૨. પ્રાયોગિક પાક વીમો | ૧૯૯૭-૯૮ | ૧૯૯૭-૯૮ | પસંદ કરેલા જિલ્લામાં અમુક પાક ઊગાડતા નાના-સિમાંત ખેડૂતોને સબસિડીવાળા પ્રિમિયમથી વીમો અપાયેલો. | કુલ રૂ. ૩ કરોડનું પ્રિમિયમ એકઠું થયું તેની સામે રૂ. ૪૦ કરોડના દાવા ચૂકવવા પડેલા. |
| ૩. ખેત આવક વીમા યોજના | ૨૦૦૩-૦૪ | ૨૦૦૩-૦૪ | ખેતઉત્પાદનના નિશ્ચિત જથ્થાને નક્કી કરેલા ભાવે વેચાણ વડે નફાની ચોક્કસ રકમ કે આવક આપે તેવો વીમો | સરકાર બદલાતા ખાસ અમલ થયો નહીં. |
| ૪. રાષ્ટ્રીય પાક વીમા યોજના | ૧૯૯૯-૨૦૦૦ | હાલ ચાલુ છે. | અનાજ, બાગાયતી, દાળ-કઠોળ અને તેલીબિયાં સહિતના તમામ પાક માટે વીમો મળે. | N.A. |

સરકાર હવે એક એવી બૃહદ પાક વીમા યોજના ઘડી રહી છે, જેમાં ખેતીવાડી માટે વપરાયેલી તમામ કાચી સામગ્રી તથા તેની ખરીદી માટે લીધેલા બેંક ધિરાણનો વીમા પોલિસીમાં સમાવેશ થઈ જાય. અલબત્ત આવી પોલિસી તૈયાર કરી તેનું વેચાણ કરવું તે ખૂબ મોટો પડકાર એટલા માટે છે કે અત્યાર સુધી ઘડાયેલી તમામ પાક વીમા યોજના પૈકી એકેય ખેડૂતનો કચવાટ દૂર કરવામાં સફળ થઈ નથી. ગ્રામીણ ભારતમાં જો સામાજિક સલામતિનો સાચો બંદોબસ્ત કરવો હોય તો ખેતીવાડીને ગમ્ય કે અગમ્ય કારણોસર થતું નુકસાન પૂરેપૂરું ભરપાઈ થાય તેવો કૃષિ વીમો લાવ્યા વગર છૂટકો નથી. આર.બી.આઈ.ના ડેપ્યુટી ગવર્નર એચ. આર. ખાત ટકોર કરે છે કે ખેડૂતો માટે ઢગલાબંધ પાક વીમા પોલિસી ઉપલબ્ધ તો છે તેમાં પડ્યા વગર ખેડૂતને આવકની ખાતરી મળે તેવું વીમા કવચ લેવાય તો સારું.

**૮. ગોદામની વ્યવસ્થા**

ખેતપેદાશ સાચવવા માટે ગોદામની ભારે અછત હોવાનું પારખી ચૂકેલી મોદી સરકારે તેના પહેલા બજેટમાં રૂ. ૫ હજાર કરોડની ફાળવણી કરી છે. ઈન્સ્ટિટ્યૂટ ઓફ મિકેનિકલ એન્જિનિયર્સ દ્વારા ૨૦૧૩માં હાથ ધરાયેલા અભ્યાસમાં જણાયું હતું કે દેશમાં દર વર્ષે ૨.૧ કરોડ ટન ઘઉંનો ગોદામના અભાવે બગાડ થાય છે જે પ્રમાણ કુલ ઉત્પાદનના ૨૨ ટકા જેટલું છે. દેશમાં ફળ તથા શાકભાજીનાં કુલ ઉત્પાદનનો ૪૦ ટકા જથ્થો સંગ્રહ સવલતના અભાવે નષ્ટ થાય છે. ગોદામનાં અભાવે દર વર્ષે રૂ.૪૪ હજાર કરોડનું અનાજ બગડી જતું હોવાથી નાબાર્ડ દ્વારા ૯.૨૩ લાખ ટન જથ્થો સાચવી શકાય તેટલા ગોદામ વિવિધ સ્થળે બાંધવાનું આયોજન હાથ ધરાયું છે. નાબાર્ડ તરફથી ગ્રામીણક્ષેત્રની સર્વાંગી કાયાપલટ માટે ૨૦૧૫-૧૬માં રૂ. ૪૭૭૫૬.૫૩ કરોડનો ધિરાણ પ્રવાહ છૂટો થવાનો છે જેનો લાભ ખેતીવાડી ઉપરાંત જળસ્રોત વિકાસ, જમીન વિકાસ, ફાર્મ મશીનરી, ડેરી, મરઘાઉછેર, મત્સ્ય ઉછેર, ગોદામ તથા માર્કેટયાર્ડ બાંધકામ, ઘનકચરામાંથી વીજ ઉત્પાદન સહિત અક્ષય ઊર્જાસ્રોતનાં વિકાસ જેવા ક્ષેત્રોને મળવાનો છે. નાબાર્ડની વાર્ષિક ફાળવણીમાં ૧૯ ટકાનો વધારો મોદી સરકારની ખેવનાનું પ્રતિબિંબ છે.

મોદી સરકારે પહેલા વર્ષે જ કરેલી ઢગલાબંધ પહેલને લીધે દાયકાઓની અવગણના વેઠી ચૂકેલા ક્ષેત્ર માટે મોટી રાહત તો છે ઉપરાંત વીજ-ઉત્પાદન ક્ષેત્રમાં લાગુ થઈ રહેલા સુધારાઓનો સૌથી મોટો ફાયદો ગ્રામીણ ભારતને થવાનો છે. નેશનલ સેમ્પલ સરવે ઓર્ગેનાઈઝેશન દ્વારા થયેલી જ્ઞાતિઓની આર્થિક, સામાજિક મોજણીના તારણ એટલા સ્ફોટક સાબિત થયા છે કે ખેતીવાડી ઉપર આશ્રિત લોકોની સંખ્યામાં ઘટાડો થવો તે પ્રગતિની નિશાની હોવાની વાત સદંતર ખોટી સાબિત થઈ છે. ખેતીમાં સરવાળે નુકસાન હોવોનો અનુભવ થવાથી ખેડૂતના દીકરા ગામડું છોડી શહેરની ઝૂંપડપટ્ટીઓમાં વસતિ વધારો નોંધાવવા આવતા જાય છે. તેમને શહેરની મજૂરી પસંદ છે, પોતાના ખેતરમાં પરિશ્રમ કરવો કોણ જાણે ગમતો નથી. મોદી સરકારે શરૂ કરેલી યોજનાઓ સફળ થઈ તો રોજગારીની લહાયમાં ભાંગતા ગામડા ફરીથી બેઠા થાય તો નવાઈ નહીં. ખેતીવાડીમાં રસકસ પાછા ફરે તો શહેરમાં પીસાતા ગ્રામીણ યુવાનો પણ ગામડે ખુશી ખુશી પાછા ફરશે તેમાં બેમત નથી.

**લેખક આર્થિક જગતના વરિષ્ઠ પત્રકાર છે અને સીએનબીસી આવાજ, ઝી બિઝનેસ અને ઈકોનોમિક ટાઈમ્સમાં કામ કર્યા બાદ હાલ નેશનલ કોમોડિટી એક્સચેન્જ સાથે સંકળાયેલા છે.**

**આગામી અંકનો વિષય**

**સપ્ટેમ્બર-૨૦૧૫**

Smart Cities : Transforming urban landscape

**સ્માર્ટ સિટી : શહેરોની કાયાપલટ**

# જીવન વીમા, અકસ્માત વીમા અને અટલ પેન્શન યોજના : સામાજિક સુરક્ષા તરફ એક પગલું

*જીતેન્દ્ર સિંઘ*




*જીવન વીમા, અકસ્માત વીમા અને વૃદ્ધાવસ્થામાં આવકની યોજનાઓ લાખો ગરીબ લોકો સુધી સેવાઓ પહોંચાડવાનું એક મોડેલ છે અને દેશમાં સ્વસ્થ અને સુલભ સામાજિક સુરક્ષા કવચ બનાવવા તરફનું એક પગલું છે. આ યોજનાઓ તેમના ગ્રાહકોના સંદર્ભમાં ઘણી જ સફળ રહી છે, પરંતુ શહેરી વિસ્તારો અને પુરુષો તરફી વધુ રહી છે. જાગૃતિનો અભાવ, નબળી ઈન્ટરનેટ કનેક્ટિવિટી અને ગ્રામ્ય વિસ્તારોમાં બેંકોની ઓછી પહોંચ એ કદાચ ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રાહકો વધારવા સામેનો મુખ્ય અવરોધ છે.*

ભારતના પ્રધાનમંત્રીશ્રીએ હાલમાં ત્રણ મોટી યોજનાઓનો પ્રારંભ કર્યો, જેમાં પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (PMJJBY), પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY) અને અટલ પેન્શન યોજનાનો (APY) સમાવેશ થાય છે, આ ત્રણ યોજનાઓ અનુક્રમે જિંદગીનું જોખમ, અકસ્માતથી આવતી વિકલાંગતા અને ચોક્કસ ઉંમર વર્ગના લોકો માટે વૃદ્ધાવસ્થામાં આવકને આવરી લે છે. વીમા યોજનાઓમાં, ગ્રાહકનું મૃત્યુ થાય અથવા તો કાયમી ખોડખાંપણ થાય તેવા સજોગોમાં વારસદાર બે લાખ રૂપિયાનો ક્લેઈમ કરી શકે છે અને તે પણ ફક્ત વર્ષના અનુક્રમે ૩૩૦ અને બાર રૂપિયાનું પ્રીમિયમ ભરીને. આ પ્રીમિયમ પોલીસી ધારકના ખાતામાંથી ઓટો ડેબીટ થઈ રહેશે. આ વીમા યોજના ૧લી જૂન, ૨૦૧૫થી ૩૧મી મે ૨૦૧૬ સુધીની છે અને તેને દર વર્ષે રિન્યુ કરાવી શકાય છે. આ યોજનાઓ દેશમાં સ્વસ્થ અને સુલભ સામાજિક સુરક્ષા માળખું બનાવવા તરફનું એક પગલું છે. આ યોજનામાં ઘણી મહત્ત્વની વિશિષ્ટતાઓ છે.

આ યોજનાની પહેલી વિશિષ્ટતા એ છે કે આવી જ પ્રોડક્ટ જે ખાનગી કંપનીઓ દ્વારા અમલી છે તે બધા વર્ગોને પોષાય તેમ નથી અને આ યોજના તે બધાને પણ આવરી લઈ શકે છે જેથી તે લગભગ દરેકને પ્રાપ્ય બનશે. આમ છતાં ઉંમર, બેંક ખાતાની જરૂરિયાત વગેરે જેવી મર્યાદાઓ તેના કાર્ય ક્ષેત્રને મર્યાદિત રાખે છે, છતાં આ પ્રોડક્ટને સધ્ધર અને અમલમાં મૂકી શકાય તેવી બનાવવી જરૂરી છે. આ પ્રોડક્ટનું પ્રીમિયમ એટલું નીચું રાખવામાં આવ્યું છે કે જેથી ગરીબમાં ગરીબ વ્યક્તિની પહોંચમાં તે આવી શકે.

આ યોજનાની બીજી વિશિષ્ટતા એ છે કે ગ્રાહક તરફથી પ્રીમિયમ/ રોકાણના રૂપમાં આપવામાં આવતો ફાળો તેમને જવાબદાર બનાવે છે અને તેથી આવી પ્રોડક્ટ્સને વિકસાવવાની આદતને પાડવામાં તે મદદરૂપ બને છે. આવી નાણાને સ્પર્શતી પ્રોડક્ટ્સ વિષે લોકો વચ્ચે સારી એવી જાગરૂકતા પણ લાવશે. તદુપરાંત, તે બેંકો અને લોકો વચ્ચેના સંબંધોને મજબૂત બનાવશે. આમ તે નાણાકીય સર્વસમાવેશીતાને વેગ આપશે.

આ યોજનાની ત્રીજી વિશિષ્ટતા એવી છે કે આ પ્રક્રિયામાં બેંકોની ભૂમિકા અતિ મહત્ત્વની છે. પ્રોડક્ટ ખરીદનારને વીમા કંપની સાથે સીધી લેવડદેવડ કરવાની જરૂર નથી, તેના બદલે બેંક મધ્યસ્થી તરીકે વર્તશે. બેંકમાં ભરવામાં આવતું પ્રીમિયમ ઓટો ડેબીટ થઈ જશે. અને મૃત્યુ અને વિકલાંગતાના કિસ્સામાં લાભાર્થીઓએ પેપર વર્ક બેંક સાથે કરવાનું રહેશે અને બેંક જ ક્લેઈમ પાસ કરાવવા માટે વીમા કંપની પાસે આ કિસ્સો લઈ જશે. ક્લેઈમના નાણા બેંકમાં ક્રેડીટ થઈ જશે. આ વ્યવસ્થા ગ્રાહકોને ઘણી મોટી સગવડ પૂરી પાડશે.

આ યોજનાની ચોથી વિશિષ્ટતા, જન ધન યોજનાથી દાખલ કરાયેલ બિઝનેસ કોરસ્પોન્ડન્ટ(બી.સી.)મોડલ થી બેંકોની ક્ષમતામાં વધારો થવાની શકયતા છે. કોઈપણ યોગ્ય બેરોજગાર યુવાન

બેંક સાથે કે બેંક માટે બી.સી. બની શકે છે. બી.સી. બેંકની શાખાથી દૂરના ગામમાં બેસીને નાની મોટી લેવડદેવડ કરી શકે છે, ખાતાં ખોલાવી શકે છે અને વીમા અને પેન્શનની પ્રોડકટ્સ લોકોને વહેંચી શકે છે. આ રીતે બેંક તેની લેવડદેવડના ખર્ચમાં સારા એવા પ્રમાણમાં ઘટાડો કરી શકે છે.

આ યોજનાની પાંચમી વિશિષ્ટતા, વીમા અને પેન્શનની પ્રોડકટ રાષ્ટ્ર માટે બચતને ગતિશીલ બનાવે છે કે જેને આગળ જતા ઉત્પાદક રોકાણ માટે વાપરી શકાય. જે સોના અને જમીન જેવી પરંપરાગત સામાજિક સુરક્ષાની પ્રોડક્ટમાં શક્ય નથી. પારંપરિક સામાજિક સુરક્ષાના પગલાંઓ ગરીબો માટે સુલભ નથી.

આ નવીનીકરણથી, આ યોજનાઓને તેના ગ્રાહકોના સંદર્ભમાં અભૂતપૂર્વ સફળતા મળી છે. થોડા જ સમયગાળામાં ૨૭ જુલાઈ ૨૦૧૫ સુધી PMKKBY જાહેર ક્ષેત્રની બેંક અથવા પ્રાદેશિક ગ્રામીણ બેંક દ્વારા લગભગ ૧૦.૪૨ કરોડ લોકોએ PMJJBY, PMSBY, APYની જુદીજુદી યોજનાઓનો લાભ લીધો છે પી.એસ.બી. બેંકોનો ફાળો ૭૮ ટકા હતો, આર.આર.બી. બેન્કોનો ફાળો ૧૬ ટકા હતો અને બાકીનો ફાળો ખાનગી બેંકો, ગ્રામ્ય સહકારી બેંકો અને શહેરી સહકારી બેંકોનો હતો. આ ૧૦.૪૨ કરોડના આંકડામાં કોઈ એક વ્યકિતએ ત્રણે યોજનાઓ માટે ઉમેદવારી નોંધાવી હોય તો ત્રણ ઉમેદવાર તરીકે ગણાશે, જો કોઈપણ બે યોજનાઓમાં ઉમેદવારી નોંધાવી હોય તો બે ઉમેદવાર તરીકે ગણાશે. આમ, આ પોલીસીના ઉમેદવારોની સાચી સંખ્યા ઘણી ઓછી હોઈ શકે.

આ અલગ અલગ યોજનામાંથી ત્રણ ચતુર્થાંશ અકસ્માત વીમો અને એક ચતુર્થાંશ લોકોએ જીવન વીમો લીધેલ છે. ફક્ત એક ટકા લોકોએ પેન્શન યોજના પસંદ કરી છે. લોકોનો ઝુકાવ અકસ્માત વીમા તરફ વધુ જોવા મળે છે. આનું કારણ કદાચ વાર્ષિક ૧૨ રૂપિયા જેટલું ઓછું પ્રીમિયમ અને ૧૮ થી ૭૦ સુધી ફેલાયેલ ઉંમરનો ગાળો હોઈ શકે. જીવન વીમા માટે એટલા જ એટલે કે બે લાખ રૂપિયા માટે ૩૩૦ રૂપિયા જેટલું ઊંચું વાર્ષિક પ્રીમિયમ ભરવું પડે છે અને ફક્ત ૫૦ વર્ષ સુધી તેની ઉંમરની મર્યાદા છે.

કુલ ગ્રાહકોમાંથી ફક્ત એક તૃતીયાંશ ગ્રામ્ય વિસ્તારોમાંથી છે, જે તેની કુલ વસ્તીના ફાળા ૬૮ ટકા અને ગરીબોના ૭૮ ટકાના ફાળાની સામે ઘણું નીચું છે. આનું કારણ કદાચ જાગૃતિનો અભાવ અને ગ્રામ્ય વિસ્તારોમાં બેંકની ઓછી હાજરી હોઈ શકે. કુલ ગ્રાહકોમાં એક ચતુર્થાંશ મહિલાઓ છે અને શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સરખે ભાગે વહેંચાયેલ છે. વિવિધ યોજનાઓના ગુણોત્તરમાં બહુ ફરક નથી. હાલના સમય સુધીમાં જીવન વીમા અને અકસ્માત વીમાના કલેઈમ માટે ૨૮ લોકોને તેમનો ક્લેઈમ ચૂકવવામાં આવ્યો છે.

આ યોજનાઓએ સરકાર, બેંકો અને લોકો સામે કેટલાક પડકારો પણ ઊભા કર્યા છે :

- આ યોજનાઓ અંગેની જાગૃતિ અને સમજ વિશેનો અભાવ એ ગ્રામ્ય વિસ્તારનો મુખ્ય અવરોધ છે. ગ્રામ્ય વિસ્તારોમાં એવી કોઈ પ્રણાલી નથી કે જે ચોક્કસ સમયમાં બધાને ઈચ્છિત માહિતી પહોંચાડી શકે. કોઈપણ સ્તરે જયાં સુધી ગ્રામ પંચાયત સામેલ હોય નહી તેવા ગામમાં જાગૃતિ ફેલાવવાનું કાર્ય વધુ મુશ્કેલ બની જાય છે.
- જો કે જન ધન યોજના સાથે સંકળાયેલ શૂન્ય બેલેન્સ એકાઉન્ટનો ઊંચા જાળવણી ખર્ચને આ ખાતામાં JJBY અને SBY યોજના હેઠળ કેટલાંક પૈસા જમા કરાવીને કેટલીક હદ સુધી ઘટાડી શકાય. છતાં વીમા એકાઉન્ટની જાળવણી અને પ્રોસેસિંગ ખર્ચ એ બેંકોની સામે એક મોટો પડકાર છે.
- પોતાની ક્ષમતા વધારીને આ ઓછી ડિપોઝિટવાળા ખાતાંઓને જાળવવા વધારાના કર્મચારીઓ રાખવા બેંક માટે કદાચ પોષાય તેમ નથી અને હાલના કર્મચારીઓને આ કામ સોંપવાથી બીજા કામો અટકી પડશે.
- એક બિઝનેશ કોરસપોન્ડન્ટ (બી.સી).ની નિમણૂક કરવી પોષાય તેનો આધાર કેટલાં ખાતાઓ છે અને આ ખાતાઓમાં કેટલી લેવડદેવડ થાય છે તેના ઉપર છે. આ ખાતાંઓમાંથી ઘણા બધા શૂન્ય અથવા ઓછી ડિપોઝિટવાળા હોવાથી બેંકને પોષાય તેવો બિઝનેશ કરી શકે તે જરૂરી નથી.
- ગ્રામ્ય વિસ્તારમાં કામ કરતાં બી.સી.ને લેપટોપ, ઈલેક્ટ્રીસિટી અને સારી ઈન્ટરનેટ કનેક્ટિવિટીની જરૂર પડે છે. જો બી.સી. લેપટોપ કે ઈન્વરટર પોતાના ખર્ચે લઈ લે તો પણ તેને કાર્યક્ષમ રીતે કામગીરી કરવા સામે મોટાભાગના ગ્રામ્ય વિસ્તારોમાં ઈન્ટરનેટની નબળી કનેક્ટિવિટીનો અવરોધ તો નડવાનો જ.

ટૂંકમાં જીવન વીમા, અકસ્માત વીમા અને વૃદ્ધાવસ્થામાં આવકની યોજનાઓ એ લાખો ગરીબ લોકો સુધી સેવાઓ પહોંચાડવાનું એક મોડેલ છે અને દેશમાં સ્વસ્થ અને સુલભ સામાજિક સુરક્ષા કવચ બનાવવા તરફનું એક પગલું છે. આ યોજનાઓ તેમના ગ્રાહકોના સંદર્ભમાં ઘણી જ સફળ રહી છે, પરંતુ શહેરી વિસ્તારો અને પુરુષો તરફી વધુ રહી છે. જાગૃતિનો અભાવ, નબળી ઈન્ટરનેટ કનેક્ટિવિટી અને ગ્રામ્ય વિસ્તારોમાં બેંકોની ઓછી પહોંચ એ કદાચ ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રાહકો વધારવા સામેનો મુખ્ય અવરોધ છે. આમ તો આટલા ઓછા સમયમાં ફક્ત ગ્રાહકોના સંદર્ભમાં આ યોજનાની કામગીરીની આકારણી થઈ ના શકે. આ યોજનાઓ ગરીબ લોકોને એક વિકલ્પ પૂરો પાડે, શાસન માટે એક સિસ્ટમ રચે અને નાણાકીય સંસ્થાનો માટે નવી તકોનું નિર્માણ કરે તે બાબત વધુ મહત્ત્વની છે.

**લેખક ભારતીય આર્થિક સેવા કેડરમાંથી આવેલા છે. તેઓ ઔદ્યોગિક નીતિ અને પ્રોત્સાહન વિભાગ વેપાર અને ઉદ્યોગ મંત્રાલય ખાતે નિયામક તરીકે ફરજ બજાવે છે.**

# ભારતમાં જાહેર વિતરણ વ્યવસ્થાનું અર્થતંત્ર

*સી.એસ.સી શેખર*



*જાહેર વિતરણવ્યવસ્થાના લાભાર્થીઓમાં વધારો કરવા, પીડીએસ કિંમતોમાં ઘટાડો કરવા, તેનું કમ્પ્યુટરાઇઝેશન કરવા, અનાજની ઘરઆંગણે ડિલીવરી કરવા, રેશનિંગની દુકાનોનું ખાનગીકરણ બંધ કરવા, એફપીએસનું સામુદાયિક વ્યવસ્થાપન કરવા, ફરિયાદ નિવારણની વ્યવસ્થા કરવા યોગ્ય તંત્ર સ્થાપિત કરવા અને એફપીએસ કમિશન વધારવા જેવી વિવિધ પહેલોના કારણે મોટા ભાગના રાજ્યોમાં પીડીએસમાં વ્યાપક સુધારા જોવા મળ્યા છે.*

ભારતમાં જાહેર વિતરણ વ્યવસ્થા (પીડીએસ)ની શરૂઆત ૧૯૬૫માં થઈ હતી. તેનો આશય તમામ નાગરિકોને વાજબી કિંમતે ખાદ્ય ચીજવસ્તુઓ ઉપલબ્ધ કરાવવાનો હતો. આ વ્યવસ્થા અંતર્ગત રાજ્ય સરકારો બજારભાવ કરતા ઓછી કિંમતે વાજબી ભાવની દુકાનો (પીડીએસ) મારફતે અનાજની વહેંચણી કરે છે. અનાજ અને તેની વહેંચણીની કિંમતના ખર્ચ વચ્ચેનો ફરક (સીઆઈપી) ખાદ્ય સબસિડી છે. વર્ષ ૧૯૯૮ સુધી પીડીએસ શહેરી વિસ્તારોમાં મોટી હાજરી ધરાવતી હતી. આ કારણે તે મોટા ભાગે શહેરી વિસ્તારોમાં કેન્દ્રિત છે તેવી ટીકા થતી હતી. આ સમસ્યાને ઉકેલવા અને પીડીએસનો લાભ ગ્રામીણ વિસ્તારોમાં પણ નાગરિકો સુધી પહોંચાડવા ૧૯૯૭માં લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા (ટીપીડીએસ) શરૂ કરવામાં આવી હતી. આ વ્યવસ્થા અંતર્ગત રાજ્યો અનુસાર ગરીબી રેખાના આધારે કેન્દ્ર સરકાર દ્વારા દરેક રાજ્યમાં લાયક લાભાર્થીઓની સંખ્યા નિશ્ચિત કરવામાં આવી હતી. આ પ્રકારના લાભાર્થી પરિવારો 'ગરીબી રેખા નીચે જીવતા' કુટુંબો (બીપીએલ કુટંબો) તરીકે ઓળખાય છે, જેઓ અતિ સસ્તી કિંમતે અનાજ મેળવવાનો અધિકાર ધરાવે છે. આ ઉપરાંત અંત્યોદય અન્ન યોજના (એએવાય) યોજના હેઠળ અતિ ગરીબ કુટુંબોને બીપીએલ કુટુંબો કરતા પણ સસ્તી કિંમતે અનાજ પ્રદાન કરવામાં આવે છે. બીપીએલ અને એએવાય હેઠળ વાસ્તવિક લાભાર્થીઓની ઓળખ રાજ્ય સરકારો કરે છે. અન્ય વ્યવસ્થાની જેમ ટીપીડીએસ પણ  ખામીયુક્ત છે, જેમાં ઘણાં ખરા લાભાર્થીઓ બાકાત રહી ગયા છે અને જેઓ ખરેખર લાભ મેળવવાને પાત્ર નથી તેઓ સામેલ થયા છે.

દેશના વિવિધ રાજ્યોમાં પીડીએસના અમલમાં ઘણો ફરક છે. પ્રાદેશિક સ્તરે પીડીએસના વ્યાપ, અધિકારો અને અમલીકરણમાં મોટો ફરક છે – જેમ કે તમિળનાડુમાં સાર્વત્રિક પીડીએસમાં ભાગ્યે જ કોઈ ખામી છે (અનાજ, દાળ અને ખાદ્ય તેલ સાથે), જ્યારે બિહારની ટીપીડીએસ લાંબા સમયથી ઘણી ખામી ધરાવે છે. જોકે છેલ્લાં થોડાં વર્ષોમાં બિહારમાં પણ પીડીએસમાં સુધારો થયો છે. રાષ્ટ્રીય સ્તરે આ ફરકનું મૂલ્યાંકન થયું નથી. એટલે આપણે કામગીરીના વિવિધ સ્તર માટે જવાબદાર સંભવિત પરિબળોને સમજવા અહીં થોડાં રાજ્યોમાં

---

આ લેખ "ધ ઈકોનોમી ઓફ ટૂમોરો" કોન્ફરન્સમાં રજૂ થયેલ પેપરનું સંશોધિત સ્વરૂપ છે. કોન્ફરન્સનું આયોજન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇકોનોમિક ગ્રોથ અને ફ્રેડરિક-ઈબર્ટ-સ્ટિફતુંગ, નવી દિલ્હી દ્વારા સંયુક્તપણે ૧૬ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ થયું હતું.

અને ખાસ કરીને બિહાર અને છત્તીસગઢમાં પીડીએસની પ્રાદેશિક કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરીશું. આપણે વિવિધ રાજ્યોમાં પીડીએસની કામગીરીનું વિશ્લેષણ કરવા રાજકીય અર્થતંત્રના માળખાનો ઉપયોગ કરીશું.

**વિભાગ ૨ : વિશ્લેષણાત્મક રૂપરેખા**

અહીં ઉપસ્થિત પ્રશ્ન સાથે સંબંધિત સાહિત્યમાં મુખ્યત્વે બે પ્રકારના વિશ્લેષણાત્મક અભિગમનો ઉપયોગ થયો છે.

૧. મહત્તમ કલ્યાણવાદી નવપરંપરાગત અભિગમ
૨. રાજકીય અર્થતંત્રનો અભિગમ

પરંપરાગત મહત્તમ કલ્યાણવાદી પરિપ્રેક્ષ્યમાં બજાર નિષ્ફળ અને આર્થિક બજારમાં ફાળવણીની કાર્યદક્ષતા કેન્દ્રમાં હોય છે. સરકારને સર્વસ્વ અને હિતકારક એજન્ટ તરીકે જોવામાં આવે છે. બ્રિટિશ અર્થશાસ્ત્રી પિગૂ (૧૯૩૨)એ કલ્યાણકારક અર્થશાસ્ત્ર પર ઘણું બધું કાર્ય કર્યું છે અને તેમના કામોમાંથી જ કલ્યાણકારક અર્થશાસ્ત્રની વિભાવના બહાર આવી છે. તેમણે દૃષ્ટિકોણ, સંસાધનોની ફાળવણી અને વહેંચણીમાં યોગ્ય રીતે કામ કરવામાં બજારો શા માટે નિષ્ફળ જાય છે તેના કારણો પર ભાર મૂક્યો હતો અને સૂચવ્યું હતું કે આ ખામીઓ સુધારવા ખાનગી અર્થતંત્રમાં રાજ્યએ હસ્તક્ષેપ કરવો જોઈએ. ઇટાલિયન અર્થશાસ્ત્રી પરેટોએ આ માટે મહત્તમ અસરકારકતા ધરાવતી પદ્ધતિમાં સૂચવ્યું હતું કે રાજ્ય જાહેર ચીજવસ્તુઓનું ઉત્પાદન કરે, સામાજિક ખર્ચા અને ફાયદાને એકબીજા સાથે જોડે, ખર્ચ ઘટાડતા ઉદ્યોગોનું નિયમન કરે છે અને આવકનું પુનર્વિતરણ કરે (મેકકોર્મિક અને ટોલિસન, ૧૯૮૧). આ પરિપ્રેક્ષ્યને વ્યવહારદક્ષ સરકાર પણ અપનાવે છે.

રાજકીય અર્થતંત્રનો અભિગમ પિગૂના કલ્યાણકારક અર્થશાસ્ત્રના અભિગમની જ પ્રતિક્રિયા હતી, જેમાં સરકાર સર્વજ્ઞ હોવાના મતને અને ઉદારવાદી એજન્ટ તરીકેના પરિપ્રેક્ષ્યને નકારી કાઢવામાં આવ્યો છે. આ અભિગમમાં દલીલ કરવામાં આવી છે કે સરકાર બજારની ખામીઓને સુધારવાનો પ્રયાસ કરે છે ત્યારે તેને પોતાને નિષ્ફળતા મળી શકે છે. તેનું કારણ છે કે સરકાર અનેક કાયદાકીય અને વહીવટી સંસ્થાઓનું સંયુક્ત સ્વરૂપ છે, જેના પોતાના લક્ષ્યાંકો છે, જે ઘણી વખત વિરોધાભાસી છે. રાજકીય અર્થતંત્રનો સિદ્ધાંત રાજકારણીઓ, મતદારો, દબાણ જૂથો અને સનદી અધિકારીઓના સ્વ-હિત-પ્રેરિત વર્તણૂંક પર ધ્યાન કેન્દ્રિત કરે છે. વધુ સ્પષ્ટ કહીએ તો રાજકીય અર્થતંત્રનો અભિગમ વધુ વૈજ્ઞાનિક છે, જે વિવિધ સંસ્થાઓ હેઠળ સરકારના પ્રતિનિધિઓ કેવી રીતે કામ કરે છે તે સમજાવે છે, જેના પરિણામે આર્થિક નિર્ધારણ અને સરકારી કામગીરી વચ્ચેનો ફરક ઉત્પન્ન થાય છે (મેકકોર્મિક અને ટોલિસન, ૧૯૮૧).

**૨.૧અનુભવ આધારિત રાજકીય અર્થતંત્રનું વિશ્લેષણ**

અનુભવજન્ય રાજકીય અર્થતંત્રના મોડેલ્સ રાજકીય અને આર્થિક બજારોમાં સરકારના પ્રતિનિધિઓની વર્તણૂંકના સંબંધમાં પૂર્વધારણા બાંધે છે અને તેમાંથી સરકારની પ્રાથમિકતા કે અગ્રતાના મૂળ સુધી પહોંચે છે. પોલિટિકલ પ્રેફરન્સ ફંકશન્સ (પીપીએફ – રાજકીય કાર્યોમાં અગ્રતા)નું મોડલ નીતિનિર્માતા આર્થિક મર્યાદાઓને આધિન રહીને હેતુલક્ષી કાર્ય પર મહત્તમ ભાર આપે છે તેવી ધારણા પર આધારિત છે અને તેને અનુરૂપ નીતિગત પ્રક્રિયાઓમાં વિવિધ જૂથોને પ્રાથમિકતા આપીને પ્રભાવિત કરે છે તેવું માનવામાં આવે છે. નીતિગત પ્રાથમિકતા કે નીતિગત અગ્રતાને રાજકીય નીતિનિર્માણની પ્રક્રિયાના પરિણામ સ્વરૂપે જોવામાં આવે છે. પીપીએફમાં રજૂ થયેલી દલીલો કામગીરીના પગલાં છે (દાખલા તરીકે, કલ્યાણકારી કાર્યોમાં ફાજલ પડેલી રકમ, નફો, કૃષિની ચોખ્ખી આવક, સરકારી બજેટનો ખર્ચ વગેરે) અને દરેક હિતજૂથની સ્થિતિનો ચિતાર આપે છે. પ્રાથમિકતા કે પસંદગીઓની આકારણી કરવી શક્ય છે, કારણ કે તેમનું અવલોકન કરી શકાય છે, એટલે કે નીતિના પરિણામોમાં તેમનો ખુલાસો થાય છે. પીપીએફ અભ્યાસો (ખાસ કરીને કૃષિલક્ષી નીતિઓનું વિશ્લેષણ)નો અન્ય મહત્ત્વપૂર્ણ હેતુ નીતિગત સાધનના સ્તર અંતર્ગત નિર્ણય છે. નીતિગત સાધનોમાં કિંમત, ચૂકવણીની ખામી, આયાત જથ્થો છે અને આ સાધનોનું મહત્તમ સ્તર આર્થિક અધિશેષના પગલા અને સરકારની આવક સાથે પીપીએફના સાધનોને મહત્તમ સુમેળ દ્વારા મેળવવામાં આવે છે.

પીપીએફ અભિગમ વધતા ઓછા અંશે પરંપરાગત ઉદાર, સર્વજ્ઞ સરકારના મત જેવો છે. તેમાં ફરક એ છે કે પીપીએફ અભિગમમાં નીતિનિર્માતા સમાજમાં વિવિધ હિતોના અસ્તિત્વથી પરિચિત હોય છે, જે રાજકીય-આર્થિક નીતિનિર્માણ પ્રક્રિયામાં વિવિધ અગ્રતા ધરાવે છે. આ અભિગમ હજુ તેના અગ્રતાના માળખા પાછળ રહેલા તર્કનો ખુલાસો કરતો નથી. સરકારને હજુ પણ એક એકમ ગણવામાં આવે છે, જે કેટલીક ચોક્કસ વર્તણૂંકને આધિન રહીને

કાર્ય કરે છે. પરોક્ષ નીતિનિર્માતા કૃત્રિમ વિભાવના છે, જેનો આશય રાજકીય બજારની વિસ્તૃત પ્રતિકૃતિ તૈયાર કરવાની જરૂરિયાતને દૂર કરે છે. પીપીએફના મુખ્ય પ્રવાહની પરંપરામાં રાજકીય એજન્ટ્સને સામેલ કરવાનો કોઈ પ્રયાસ કરાયો નથી, જે અગ્રતાને નક્કી કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**૨.૨ હિતજૂથો**

અનુભવ આધારિત સાહિત્યનું અન્ય એક પાસું હિતજૂથો કે દબાણની ભૂમિકા સાથે સંબંધિત છે. નીતિનિર્માણની પ્રક્રિયાને સમજવામાં રાજકીય વાતાવરણની ભૂમિકા અને તેનો હિતજૂથો સાથેનો સંબંધ અતિ મહત્ત્વપૂર્ણ છે (બર્ધન ૧૯૮૪, શેખર ૨૦૦૫). આપણે ભારતમાં વિકાસ પ્રક્રિયાને અને ખાસ કરીને પીડીએસના સંબંધમાં સમજાવવા આ અભિગમનો ઉપયોગ કરીશું. ભારતમાં લોકશાહી રાજકારણની કામગીરી થોડી જટિલ છે. રાજકીય પક્ષોને ચૂંટણીઓ લડવા ભંડોળની જરૂર હોય છે અને આ ભંડોળ ઉદ્યોગપતિઓ અને કૃષિ લોબીઓ જેવા ગણ્યાંગાંઠ્યાં જૂથો જ આપી શકે છે. એટલે સ્વાભાવિક છે કે રાજકીય પક્ષો આ હિતજૂથો પર નિર્ભર રહે છે અને આ રીતે નીતિનિર્માણ અને અમલીકરણમાં રાજકીય પક્ષોની સ્વતંત્રતા મર્યાદિત થાય છે. આ કારણે રાજકીય પક્ષોની નીતિઓની પસંદગી ઘણી વખત હિતજૂથો દ્વારા સંચાલિત હોય છે, જે જરૂરી ભંડોળ પ્રદાન કરે છે. મોટા ભાગના હિતજૂથો માટે રાજકીય પ્રવૃત્તિઓ માટે ભંડોળ ઊભું કરવું જરૂરી છે. એટલે આ જૂથો આવક થાય તેવી પ્રવૃત્તિઓ કરતાં હોવા જોઈએ. આ વ્યવસ્થાને પગલે કૃષિ મજૂરો, ગ્રામીણ કલાકારો, ગરીબો અને વંચિતો જેવા નિર્બળ જૂથોનો વિચાર નીતિગત બાબતોમાં કરવામાં આવતો નથી કે તેમની ઉપેક્ષા થાય છે. તેઓ જેના હકદાર છે તેવી અગ્રતા તેમને મળતી નથી, કારણ કે તેમની પાસે રાજકીય પક્ષોને ભંડોળ આપવા સંસાધનો હોતા નથી.

માહિતીની વિષમતા પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જ્યારે વિવિધ હિતજૂથો વચ્ચે માહિતીની વિષમતા હોય, ત્યારે રાજકીય પક્ષો વધુ માહિતગાર સભ્યો સાથે જૂથોને માહિતી પ્રદાન કરે છે. આ સમયે હિતજૂથોએ તેમની તરફેણમાં નીતિને પ્રભાવિત કરવા તેમના સભ્યોને માહિતગાર અને સંગઠિત કરવા સંસાધનો પર ખર્ચ કરવો જરૂરી છે.

હિતજૂથો નીતિને અન્ય એક રીતે અસર કરી શકે છે. અસરકારક પરિણામો મેળવવા હિતજૂથો સીધા લોકોને વ્યાપકપણે લોકોને લક્ષ્યાંક બનાવી શકે છે. માનવાધિકારો, ઔદ્યોગિક પ્રદૂષણો વગેરે બાબતો પર ખાનગી કંપનીઓના નિયમન સંબંધિત નીતિઓના સંબંધમાં હિતજૂથો વિરોધ અને પ્રદર્શનો મારફતે ચૂંટાયેલા જનપ્રતિનિધિઓને પ્રભાવિત કરવા જનતાને પ્રેરિત પણ કરી શકે છે.જોકે આ કેસમાં કામગીરીની પદ્ધતિ ચૂંટણી કે કાયદાકીય પ્રક્રિયાઓને બદલે વાટાઘાટાની હોય તે જરૂરી છે.

**વિભાગ ૩ : છત્તીસગઢ અને બિહારમાં પીડીએસ**

આ વિભાગમાં આપણે અગાઉના વિભાગમાં જણાવેલ રાજકીય અર્થતંત્રના અભિગમનો ઉપયોગ કરીને બિહાર અને છત્તીસગઢમાં પીડીએસની કામગીરીની ચર્ચા કરીશું.

વર્ષ ૨૦૦૪ સુધી છત્તીસગઢમાં પીડીએસ ખાનગી ક્ષેત્ર દ્વારા સંચાલિત હતી. તેમાં સૌથી મોટી સમસ્યા એ હતી કે વાજબી ભાવની દુકાનો (એફપીએસ)ને અનાજનો પુરવઠો પૂરતા પ્રમાણમાં મળતો નહોતો અને ઘણા બધો જથ્થો ખુલ્લા બજારમાં પહોંચી જતો હતો. આ સમસ્યા દૂર કરવા કેટલાંક સુધારા શરૂ કરવામાં આવ્યા હતા. તેમાં એક મોટો સુધારો છત્તીસગઢ જાહેર વિતરણ વ્યવસ્થા (સીપીડીએસ) આદેશ ૨૦૦૪ હતો. તે અંતર્ગત કેટલાંક મહત્ત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા હતા, જેમ કે ખાનગી કોન્ટ્રાક્ટરને દૂર કરવામાં આવ્યા અને અનાજ સીધું રેશન દુકાનોમાં પહોંચાડવામાં આવ્યું; અનાજના વિતરણની ટ્રકોને પીળો રંગ કરવામાં આવ્યો; દર મહિનાની સાતમી તારીખ સુધીમાં એફપીએસને અનાજ પહોંચાડવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું; વિગતો કમ્પ્યુટરાઈઝ કરીને વિતરણ કરતી ટ્રકો પર નજર રાખવામાં આવી; પીડીએસને અર્ધસાર્વત્રિક (૮૦ ટકા) કરવામાં આવી જેથી મોટા ભાગની વસતિએ સારી સેવાની માંગણી કરી; એફપીએસ ઓપરેટર માટે કમિશન ક્વિન્ટલ દીઠ રૂ.આઠથી વધારીને રૂ. ૩૦ કરીને છેતરપિંડી ઘટાડવામાં આવી; બીપીએલ કે એએવાય કાર્ડ્સનો ઉપયોગ કરતા લાયક અને ગેરલાયક કુટુંબોના ઘરની બહાર નામ, કાર્ડનો પ્રકાર અને કિંમતની વિગતો ચીપકાવવામાં આવી.

બિહારમાં પીડીએસમાં હંમેશા કેટલીક સમસ્યાઓ હતી. તેમાં સૌથી મુખ્ય સમસ્યાઓ આ હતી – તમામ સ્તરે અનાજનો વ્યાપક દૂરપયોગ; વિતરણમાં વિસંગતતા (સામેલ અને બાકાત રાખવામાં આવેલા લાભાર્થીઓની યાદીમાં ખામીઓ); રાજ્યમાં અપૂરતું ખાદ્ય ઉત્પાદન; બિહારનું નબળી ખાદ્ય


અને નાગરિક પુરવઠા નિગમ (બીએસએફસીએસસી); પીડીએસ ડિલર્સ, સરકારી કર્મચારીઓ, સ્થાનિક રાજકારણીઓ અને મંત્રીઓ વચ્ચે મોટા પાયે ભ્રષ્ટાચાર અને સાંઠગાંઠ તેમજ નબળી આર્થિક વૃદ્ધિ.

છત્તીસગઢ અને બિહારની કામગીરીમાં ફરક સરળ રાજકીય અર્થતંત્ર માળખા (આકૃતિ ૧ અને ૨)માં સમજાવી શકાશે. હિતજૂથો, સંસ્થાઓ અને નીતિ વચ્ચે પારસ્પરિક આદાન પ્રદાન થાય છે. આ આંતરિક વ્યવહાર બહુમુખી હોય છે અને વિકાસ પ્રક્રિયા (આકૃતિ ૧)માં વિવિધ હિતધારકો પર અલગઅલગ અસર કરી શકે છે. વળી આ અસર એકબીજા પર થાય છે અને છેવટે પરિણામને અસર કરે છે.


પુરવઠા કે માગના પક્ષે ફરક હોવાથી ઇચ્છિત અને વાસ્તવિક પરિણામોમાં ફરક હોઈ શકે છે (આકૃતિ ૨).પુરવઠા પક્ષે સ્વાભાવિક પ્રોત્સાહન, પ્રોત્સાહનના યોગ્ય માળખાનો અભાવ અને નિરીક્ષણ રાખવાની પર્યાપ્ત વ્યવસ્થાના કારણે હોઈ શકે છે. પણ સૌથી વધારે મહત્ત્વપૂર્ણ ખામી માગ પક્ષે હોય છે, જે મુખ્યત્વે લાભાર્થીઓ પાસેથી સ્પષ્ટ માગને અભાવે જોવા મળે છે (આકૃતિ ૧).

બિહાર અને છત્તીસગઢ વચ્ચે ફરકને ઉપરોક્ત આકૃતિઓનો ઉપયોગ કરીને સમજી શકાશે. વર્ષ ૨૦૦૪ સુધી છત્તીસગઢમાં શરૂઆતમાં સમસ્યા એફપીએસને અનિયમિત પુરવઠા અને ખુલ્લા બજારમાં ગેરકાયદેસર તેને ઠાલવવાના કારણે હતી. આ માટે મુખ્યત્વે અયોગ્ય પ્રોત્સાહક માળખા અને પુરવઠા પક્ષના અનુકૂળ નિરીક્ષણ વ્યવસ્થા જેવા પરિબળો જવાબદાર હતા (આકૃતિ ૨). છત્તીસગઢ સરકાર દ્વારા નીતિગત

**આકૃતિ ૧**




**આકૃતિ ૨**



હસ્તક્ષેપ કરવામાં આવ્યો અને સીપીડીએસ આદેશ બહાર પાડવામાં આવ્યો. સરકારે વિવિધ પરિબળોનો અમલ કરવાથી પીડીએસ વ્યવસ્થામાં ઘણો સુધારો થયો છે. એફીએસ સંચાલકો માટે કમિશન વધારીને ક્વિન્ટલ દીઠ રૂ. આઠથી વધારીને રૂ. ૩૦ કરવામાં આવ્યું, જેના પગલે ભ્રષ્ટાચારમાં ઘણો બધો ઘટાડો થયો છે. સાથે સાથે એફપીએસ ડિલર્સ દ્વારા ખુલ્લા બજારમાં અનાજને ગેરકાયદેસર રીતે મોકલવામાં ઘટાડો થયો હતો. ઉપરાંત અનાજની વહેંચણી માટેની ટ્રકને પીળો રંગ કરવામાં આવતા અને તેના પર કમ્પ્યુટરાઇઝ નજર રાખવાથી અનાજની હેરફેર પર અસરકારક રીતે નજર રાખવાની વ્યવસ્થા ઊભી થઈ છે, જેથી નક્કી સ્થળો સિવાય અન્ય કોઈ જગ્યાએ ટ્રકને ઊભા રાખવા અને અનાજ ઉતારવાનું મુશ્કેલ બન્યું છે. હવે પીડીએસનો વ્યાપ વધતા મોટી સંખ્યામાં લાભાર્થીઓ સારી રીતે કાર્યરત પીડીએસ વ્યવસ્થાનો લાભ લે છે. આ રીતે માંગ પક્ષ (આકૃતિ ૨)માં વધારો થયો છે. પીડીએસની પહોંચમાં વધારો, પીડીએસ કિંમતોમાં ઘટાડો, કમ્પ્યુટરાઇઝેશન, અનાજની ઘરઆંગણે ડિલીવરી, રેશનની દુકાનોનું ખાનગીકરણ બંધ કરવામાં આવ્યું અને ફરિયાદ નિવારણ માટે યોગ્ય વ્યવસ્થા ઊભી કરવી જેવા અનેક પગલાંથી રાજ્યમાં પીડીએસની કામગીરીમાં સુધારો કરવામાં મદદ મળી છે. એટલે છેલ્લા એક દાયકાના ટૂંકા ગાળામાં છત્તીસગઢમાં પુરવઠા અને માંગ પક્ષમાં સુધારો થયો છે અને તે શ્રેષ્ઠ પીડીએસ વ્યવસ્થા ધરાવતા આદર્શ રાજ્ય તરીકે બહાર આવ્યું છે. સીપીડીએસ નીતિએ લાભાર્થીઓના હિતજૂથોને સક્રિય કરવામાં મદદ કરી છે, જેના પરિણામે માંગ પક્ષ મજબૂત થવામાં મદદ મળી છે.

બીજી તરફ વર્ષ ૨૦૧૧ સુધી બિહારમાં પીડીએસમાં વિવિધ સમસ્યાઓ હતી. જેમ કે, તમામ સ્તરે અનાજની મોટા પાયે હેરાફરી; વહેંચણીમાં વિસંગતતા (લાભાર્થીઓની યાદીમાં ખામીઓ); માંદું બિહાર સ્ટેટ ફૂડ એન્ડ સિવિલ સપ્લાય કોર્પોરેશન (બીએસએફસીએસસી); મોટા પાયે ભ્રષ્ટાચાર અને પીડીએસ ડિલર્સ, સરકારી કર્મચારીઓ, સ્થાનિક રાજકારણીઓ અને મંત્રીઓ વચ્ચે સાંઠગાંઠ (મૂઇજ, ૧૯૯૮,૨૦૦૧). આ તમામ પરિબળો માટે મુખ્યત્વે જવાબદાર પરિબળ રાજ્યમાં અનાજનું અપૂરતું ઉત્પાદન હતું. અર્થતંત્રમાં સ્થગિતતા અને આર્થિક અને સામાજિક સ્તરે મોટી અસમાનતાઓને કારણે પીડીએસ વ્યવસ્થાના મુખ્ય લાભાર્થીઓ ગરીબો નિઃસહાય થઈ ગયા હતા. સારી રીતે કાર્યરત નાગરિક સમાજ અને મીડિયાની ગેરહાજરીના પગલે પીડીએસ ચૂંટણીનો મુખ્ય મુદ્દો બનતો નહોતો, જ્યારે આંધ્રપ્રદેશ અને તમિલનાડુમાં આ મુદ્દો ચૂંટણીમાં સત્તાધારી પક્ષના ભાવિનો ફેંસલો કરે છે. સારી રીતે કાર્યરત પીડીએસ માટે લાભાર્થીઓ, મીડિયા, નાગરિક સમાજમાંથી સ્પષ્ટ માંગ ઊભી થવાની જરૂર હતી તેમજ સરકારી અધિકારીઓ અને રાજકારણીઓ અસરકારક રીતે કાર્યરત થાય તે આવશ્યક હતું.

આ તમામ ફેરફારો છેલ્લાં થોડાં વર્ષમાં થાય છે. છેલ્લાં ત્રણ વર્ષમાં સિસ્ટમમાં નોંધપાત્ર સુધારો થયો છે અને ખાસ કરીને છેલ્લાં ૧૨ મહિનામાં. આ માટે મુખ્યત્વે બિહાર સરકારની પહેલ જવાબદાર છે (ડ્રીઝ એન્ડ ખેરા, ૨૦૧૫). વર્ષ ૨૦૧૧ની આસપાસ સુધારાના સંકેતો મળ્યા હતા અને તે વર્ષે કૂપન્સ પર નજર રાખવાની સિસ્ટમ વિકસાવવામાં આવી હતી. છેલ્લાં ત્રણ વર્ષમાં અને ખાસ કરીને છેલ્લાં ૧૨ મહિનામાં વધુ સુધારા થયા છે. સામાજિક-આર્થિક અને જ્ઞાતિ વિષય માહિતીનો ઉપયોગ કરીને રેશન કાર્ડધારકોની નવી યાદી તૈયાર કરવામાં આવી હતી. બિહારમાં અત્યારે આશરે ૭૫ ટકા ગ્રામીણ કુટુંબો પાસે નવા રેશનકાર્ડ છે, કે અંત્યોદય કાર્ડ છે. પ્રથમ વખત મોટા ભાગના લોકોને જાણ થઈ કે તેઓ દર મહિને પીડીએસમાંથી પાંચ કિલોગ્રામ અનાજ મેળવવાનો અધિકાર ધરાવે છે. ચૂંટણીની ચર્ચામાં પીડીએસને લાવવાથી રાજ્યમાં રાજકીય મુદ્દામાં ફેરફાર થયો છે. વિપક્ષો પણ લોકોને તેમના અધિકારો અને તેમની બાકી માગ વિશે જાણકારી આપવામાં મદદ કરી રહ્યાં છે. આ તમામ કારણોસર પીડીએસના લાભાર્થીઓની માગ વધી છે. આ સ્થિતિ થોડા વર્ષ અગાઉની સ્થિતિ કરતા સંપૂર્ણપણે જુદી છે. તે સમયે મોટા ભાગના લોકોને પીડીએસમાંથી ભાગ્યે જ કશું મળતું હતું.

આગળની ચર્ચા દર્શાવે છે કે બિહાર અને છત્તીસગઢમાં પીડીએસમાં સુધારો મુખ્યત્વે સરકારની પહેલને આભારી છે, જેના કારણે પુરવઠા અને માંગ બંને પક્ષની મર્યાદાઓ દૂર કરવામાં આવી છે અને તમામ હિતધારકોને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.

**અન્ય રાજ્યોનો અનુભવ**

નીતિ નિર્માણ અને અમલીકરણમાં આવા સુધારાથી અન્ય રાજ્યોમાં પણ સારાં પરિણામો મળ્યાં છે (ખેરા ૨૦૧૧એ અને ૨૦૧૧બી, રાઘવ પુરી ૨૦૧૨).

હિમાચલપ્રદેશમાં પીડીએસ સાર્વત્રિક છે (પણ દરેક વર્ગના લાભ જુદાં જુદાં છે). ગરીબી રેખા ઉપર જીવતા (એપીએલ) કુટુંબો કરતા ગરીબી રેખા નીચે જીવતા (બીપીએલ) કુટુંબોને ઓછી કિંમતે અનાજ મેળવવાનો અધિકાર છે. અનાજ સિવાયની પીડીએસ ચીજવસ્તુઓ (દાળ-કઠોળ અને ખાદ્ય તેલો) એકસરખી કિંમતે તમામ કુટુંબોને પ્રદાન કરવામાં આવે છે. હિમાચલપ્રદેશ પર્વતીય વિસ્તાર હોવા છતાં અને તમિલનાડુની જેમ કડક ચકાસણીની વ્યવસ્થા ઊભી કર્યા વિના પીડીએસને સુધારવામાં સફળતા મળી છે. અહીં પીડીએસને સાર્વત્રિક કરવામાં આવ્યું છે, જેથી લાભાર્થીઓમાંથી માંગમાં વધારો થયો છે.

તમિલનાડુમાં લોકોને અનુકૂળ અને ઓછા ખર્ચની ટેકનોલોજીનો ઉપયોગ કરીને અસરકારક નિરીક્ષણ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. પીડીએસમાં પારદર્શકતા અને જવાબદારી લાવવા સરળ અને વાજબી ખર્ચ ધરાવતા વિવિધ પગલાંનો અમલ થાય છે. દેશના અન્ય કોઈ પણ રાજ્યમાં તમિલનાડુ જેવી પીડીએસ વ્યવસ્થા ઊભી કરવામાં આવી નથી. અહીં સરકારે આ વ્યવસ્થાને અસરકારક બનાવવા કાળજીપૂર્વક ઘણું બધું રોકાણ અને આયોજન કર્યું છે (અલામુ ૨૦૧૧).

આંધ્રપ્રદેશમાં બાકાત રાખવાના માપદંડને સરળ બનાવવામાં આવ્યો છે, જેથી મોટા ભાગના લાભાર્થીઓને પીડીએસનો લાભ થાય. જોકે અહીં ખોટી રીતે સામેલ થઈ ગયેલા લાભાર્થીઓની સમસ્યા મોટા પાયે જોવા મળે છે. વર્ષ ૨૦૦૮થી ઓરિસ્સાએ છત્તીસગઢના મોડેલને અપનાવ્યું છે, જેમાં કોરાપુટ-બોલનગિર-કાલાહાંડી (કેબીકે) પ્રદેશમાં પીડીએસનું સાર્વત્રિકરણ સામેલ છે. એફપીએસના સંચાલનની જવાબદારી ગ્રામ પંચાયતોને સુપરત કરવામાં આવી નથી. રાજસ્થાને પણ મે, ૨૦૧૦થી ઉપરોક્તમાંથી કેટલાંક સુધારાનો અમલ કર્યો છે. પરિણામો સૂચવે છે કે વર્ષ ૨૦૧૦થી અમલ થયેલા સુધારાની પીડીએસની કામગીરી પર અસર દેખાઈ રહી છે. ઝારખંડમાં કદાચ સૌથી વધુ અપૂર્ણ અને જૂની બીપીએલ યાદી ધરાવે છે. જોકે ઝારખંડે પણ પાછળથી પીડીએસમાં કેટલાંક સુધારા શરૂ કર્યા છે. અહીં વર્ષ ૨૦૦૯થી ચોખાની પીડીએફ કિંમત ઘટાડીને કિલોગ્રામ દીઠ રૂ. એક કરવામાં આવી છે. અનુમાન ક્ષમતા અને ઘરઆંગણે ડિલીવરી સુધારવા પીડીએસ અનાજના વિતરણ માટે સમયપત્રક બનાવવામાં આવ્યું છે.

**ઉપસંહાર**

પીડીએસના લાભાર્થીઓમાં વધારો કરવા, પીડીએસ કિંમતોમાં ઘટાડો કરવા, તેનું કમ્પ્યુટરાઇઝેશન કરવા, અનાજની ઘરઆંગણે ડિલીવરી કરવા, રેશનિંગની દુકાનોનું ખાનગીકરણ બંધ કરવા, એફપીએસનું સામુદાયિક વ્યવસ્થાપન કરવા, ફરિયાદ નિવારણની વ્યવસ્થા કરવા યોગ્ય તંત્ર સ્થાપિત કરવા અને એફપીએસ કમિશન વધારવા જેવી વિવિધ પહેલોના કારણે મોટા ભાગના રાજ્યોમાં વ્યાપક સુધારો જોવા મળ્યો છે. આ સુધારા માટે મહદ્અંશે રાજકીય ઈચ્છાશક્તિ જવાબદાર છે, જેણે સારી રીતે કાર્યરત પીડીએસ વ્યવસ્થામાં લાભાર્થીઓની સંખ્યા વધારીને માંગ પક્ષને મજબૂત કર્યો છે અને પીડીએસની અસરકારકતા વધારી છે.

**સંદર્ભો :**


Alamu, R (2011): "It Just Works in Tamil Nadu", The Hindu, 25 September.

Bardhan, Pranab (1984), The Political Economy of Development in India, Oxford University Press, Walton Street, Oxford.

Buchanan, J. M. and Tullock, G. (1962), The Calculus of Consent, Ann Arbor: University of Michigan Press.

Downs, A. (1957), An Economic Theory of Democracy, New York: Harper and Row.

Dreze, Jean and Reetika Khera (2015), "Understanding Leakages in the Public Distribution System", Economic and Political Weekly, Vol I, No 7, pp. 39–42.



**લેખક ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈકોનોમિક ગ્રોથ, યુનિવર્સિટી ઓફ દિલ્હી એન્ક્લેવ, દિલ્હી-૧૧૦ ૦૦૭ ખાતે એસોસિએટ પ્રોફેસર છે.**



**સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરો છો ? તો 'યોજના' જરૂર વાંચો.**

# શું આપણો વિકાસ સમાવેશક છે ?

*શ્રીપદ મોતીરામ*



*ઘણાં સમીક્ષકો વર્ણવે છે તેમ આ વિકાસદરની અસર સમાજના ગરીબ અને વંચિત લોકો પર શી થઈ છે તે મહત્ત્વની બાબત છે અને આ તબક્કે જ સમાવેશક વિકાસની વાત આવે છે કે જ્યાં બધા જ વર્ગોને આવરી લે તેવો વિકાસ એ જ સાચો વિકાસ અને આ જ વાત દરેક સ્તરે ચર્ચાની એરણે હાલ છે. બારમી પંચવર્ષીય યોજનામાં પણ બધા વર્ગોને આવરી લે તેવા સમાવેશક (ઇન્ક્લુઝિવ) વિકાસની બાબતને અગ્રતા આપવામાં આવી છે.*

૯૦ના દશકાની શરૂઆતથી આપણા દેશનો વિકાસદર નોંધપાત્ર રહ્યો છે. તાજેતરની આર્થિક મોજણી (૨૦૧૫) અનુસાર આપણો વાસ્તવિક કુલ રાષ્ટ્રીય આવકનો વાર્ષિક સરેરાશ દર અગિયારમી (૨૦૦૭-૨૦૧૨), દસમી (૨૦૦૨-૨૦૦૭) અને નવમી (૧૯૯૭-૨૦૦૨) પંચવર્ષીય યોજના દરમ્યાન અનુક્રમે ૭.૮, ૭.૬ અને ૫.૬ ટકા નોંધાયો હતો. આંતરરાષ્ટ્રીય સ્ટાન્ડર્ડસની દૃષ્ટિએ જોતાં તેમજ આપણા દેશના અગાઉના વર્ષોના વૃદ્ધિદરની દૃષ્ટીએ જોતાં પણ ઉપરોક્ત દર નોંધપાત્ર રહ્યો હતો. એવું લાગે કે ભારતે 'હિંદુ ગ્રોથરેટ'નું લેબલ આખરે ભૂંસી નાખ્યું છે. પરંતુ ઘણાં સમીક્ષકો વર્ણવે છે તેમ આ વિકાસદરની અસર સમાજના ગરીબ અને વંચિત લોકો પર શી થઈ છે તે મહત્ત્વની બાબત છે અને આ તબક્કે જ સમાવેશક વિકાસની વાત આવે છે કે જ્યાં બધા જ વર્ગોને આવરી લે તેવો વિકાસ એ જ સાચો વિકાસ અને આ જ વાત દરેક સ્તરે ચર્ચાની એરણે હાલ છે. બારમી પંચવર્ષીય યોજનામાં પણ બધા વર્ગોને આવરી લે તેવા સમાવેશક (ઇન્ક્લુઝિવ) વિકાસની બાબતને અગ્રતા આપવામાં આવી છે. આ સંબંધમાં એવી દલીલ કરવામાં આવે છે કે સમાવેશક વિકાસને પરિણામે ગરીબીમાં ઘટાડો થવો જોઈએ, આરોગ્યલક્ષી સેવાઓમાં વ્યાપકતા અને નોંધપાત્ર સુધારો થવો જોઈએ. બધા જ વર્ગના બાળકો સુધી શાળાકીય શિક્ષણની પહોંચ હોવી જોઈએ અને એ જ રીતે ઉચ્ચ શિક્ષણની વ્યાપકતા વધારવી તથા શિક્ષણના સ્તરમાં સુધારો (કૌશલ્ય સહિત) લાવવો જોઈએ. સવેતન રોજગારી અને જીવનધોરણ એમ બંને સ્તરે વધુ સારી તકો ઉપલબ્ધ હોય અને પાણી, વીજળી, રસ્તા, સ્વચ્છતા અને આવાસ જેવી પાયાની સુવિધાઓમાં સુધારો આવે ત્યારે જ સમાવેશક વિકાસ સાર્થક થયો ગણાય. યોજના પંચ - ૨૦૧૧ અનુસાર ખાસ કરીને અનુસૂચિત જાતિ અને જનજાતિ તેમજ અન્ય પછાત વર્ગોની જરૂરિયાત તરફ વિશેષ ધ્યાન આપવું જોઈએ.

તાજેતરમાં લઘુ સ્વરૂપનું શૈક્ષણિક સાહિત્ય બહાર પડ્યું છે. જેમાં પદ્ધતિસરના એનાલિસિસ દ્વારા આ વિષયને આવરી લેવાયો છે. આમાં પૂછાયેલા સવાલો હતા સમાવેશક વિકાસનો શો અર્થ છે ? ભારતીય વિકાસ ખરેખર સમાવેશક છે ? આ દિશામાં કેટલાંક જવાબ નીચે મુજબ કહી શકાય. બીજા સવાલનો જવાબ મોટેભાગે નકારાત્મક છે.

**સમાવેશક શું છે ?**

ઉપર જણાવ્યા મુજબ વિવિધ પદ્ધતિ

અખત્યાર કરીને સમાવેશકનો ખ્યાલ રચાયો છે. કેટલાંક સ્કોલર્સના મતે સમયાંતરે ગરીબીના પ્રમાણમાં ઘટાડાનો દર મહત્વનો છે. ઈન્ક્લુઝનના પુરાવા તરીકે ગરીબીના પ્રમાણમાં થયેલ ઝડપી ઘટાડાને દર્શાવાય છે. હકીકતમાં શૈક્ષણિક સ્તરે તેમજ નીતિ ઘડનારાઓના એમ બંને સ્તરે ગરીબીના દરમાં આવેલ ઘટાડાને ચકાસવાની એક જૂની પરંપરા છે. આ માટે કઈ પ્રક્રિયા ગણનામાં લેવાઈ છે એ મહત્ત્વનું છે. સામાન્ય રીતે ગરીબીના દરને ચકાસવા ગરીબી રેખાને અને રાષ્ટ્રીય સેમ્પલ સર્વે દ્વારા કરાયેલ મોજણીની વિગતોને ધ્યાનમાં લેવામાં આવે છે. આવી મોજણી સામાન્ય રીતે દર પાંચ વર્ષે હાથ ધરાય છે. આવક અંગેના વિશ્વસનિય પ્રમાણની ગેરહાજરીને કારણે ખર્ચના પાસાંને ધ્યાનમાં લેવાય છે. ગરીબી માપવા માટેનું સૌથી મોટું પ્રમાણ હેડ કાઉન્ટ રેશિયો છે, જે વ્યક્તિઓની આવક ગરીબી રેખાની નીચે હોય તે વ્યક્તિની ટકાવારી બને છે. બે સમયગાળાને ધ્યાનમાં લઈને (દાખલા તરીકે ૨૦૦૪-૦૫ અને ૨૦૦૯-૧૦) હેડ કાઉન્ટ રેશિયો માપવામાં આવે છે અને નિયત કરવામાં આવે છે કે આ ગાળામાં ગરીબીનું પ્રમાણ વધ્યું કે ઘટ્યું અને આ માપણી દર પાંચ વર્ષે કરવામાં આવે છે. સેમ્પલ સર્વેનો છેલ્લો સર્વે ૨૦૧૧-૧૨નો છે. પ્રણાલિને ચાતરીને એ સર્વે ૨૦૦૯-૧૦ બાદના બે વર્ષમાં જ હાથ ધરાયો હતો. યોજના પંચ કે નીતિ આયોગે આ ડેટાને ધ્યાનમાં લેતાં તારણ કાઢ્યું હતું કે ગરીબીના પ્રમાણમાં નાટકીય સુધારો જોવા મળ્યો છે. આમાં એ તારણ મળે છે કે છેલ્લાં સાત વર્ષો (૨૦૦૪-૦૫ થી ૨૦૧૧-૧૨)ના ગાળામાં ગરીબીનો રેશિયો, ૧૯૯૩-૯૪ થી ૨૦૦૭-૦૫ના ૧૧ વર્ષના સમયગાળાની સરખામણીએ ત્રણ ગણો વધારે છે.

આ અભિગમ સમજવામાં સરળ છે. આમ છતાં, એક પ્રશ્ન છે કે સત્તાવાર ગરીબી રેખા ગંભીર રીતે રચાઈ છે અને એ માનવા પાછળનું કારણ એ છે કે એ રેખા અકુદરતી રીતે નીચી છે અને અસમર્થનીય પદ્ધતિના આધારે તે તૈયાર કરાઈ છે. સત્તાવાર ગરીબી રેખા અને અખબારી અહેવાલોના અવલોકનમાં તેના પુરાવા પણ મળે છે. ગરીબીના ઘટાડાનો દર, ઉપયોગમાં લેવાતી ગરીબી રેખા પ્રત્યે સેન્સીટિવ છે. આ ઉપરાંત આ અભિગમ, સમાવેશક વિકાસના મહત્ત્વકાંક્ષી ખ્યાલની દૃષ્ટિએ અતિ નિયંત્રિત છે. બીજી પદ્ધતિ એ છે કે એક એવો અભિગમ જે કોઈપણ વ્યાજબી ગરીબી રેખા સાથેની સમાવેશક બાબતનું મૂલ્યાંકન કરે અને તે ચોક્કસ ગરીબી રેખા માટે સ્વતંત્ર હોય. આવો અભિગમ અર્થશાસ્ત્રમાં છે. તાજેતરમાં મોતીરામ અને નારપરજુ (૨૦૧૫) દ્વારા તેનો ઉપયોગ સમાવેશકતા માટે કરાયો છે. આ અભિગમ પાછળનો આશય એ છે કે ગરીબોની આવક વ્યાજબી દરે વધી છે કે કેમ તેની જાણકારી મેળવવી. વ્યાજબી દર એટલે સામાન્ય રીતે સરેરાશ વ્યક્તિની આવક વધી હોય તે દર. ૨૦૦૪-૦૫ થી ૨૦૧૧-૧૨ના ગાળા દરમ્યાન સરેરાશ વ્યકિતનો ખર્ચ ગ્રામીણ વિસ્તારમાં ૨૨ ટકાના દરે અને શહેરી વિસ્તારમાં ૨૭ ટકાના દરે વધ્યો હતો. અગાઉ જણાવ્યું છે તેમ આવકને બદલે ખર્ચ પરિબળનો ઉપયોગ કરાયો છે. મોતીરામ અને નારપરજુ (૨૦૧૫)એ નોંધ્યું છે કે ગ્રામીણ તથા શહેરી બંને વિસ્તારોમાં ગરીબના ખર્ચમાં થયેલ વધારો ઓછો હતો. એટલે કે પૈસાદાર અને મધ્યમ વર્ગના ખર્ચમાં થયેલ વધારાની તુલનાએ ગરીબોના ખર્ચનો વધારો ઓછો હતો. શહેરી વિસ્તારમાં આ તફાવત વધુ જણાયો હતો. દાખલા તરીકે ગરીબ દ્વારા કરાયેલ ખર્ચનો વધારો આ ગાળામાં ૨૦.૩ ટકાના દરે વધ્યો હતો, જ્યારે શહેરી વિસ્તારમાં આ દર ૨૪.૫ ટકા હતો. અહીં એ નોંધવું જરૂરી છે કે સરેરાશ વ્યક્તિ દ્વારા કરાતા ખર્ચની ટકાવારી કરતાં એ ઓછી રહી હતી (૨૨ ટકા ગ્રામીણ - ૨૭ ટકા શહેરી). આની સામે પૈસાદાર વર્ગની ખર્ચની ટકાવારી વૃદ્ધિનો દર વધ્યો હતો. આ જ ધોરણને ધ્યાનમાં રાખતા અનુસૂચિત જાતિ, જનજાતિ તથા અન્ય પછાતવર્ગોની તેમજ ખેતમજૂરો જેવા ઓછી આવક ધરાવતા વર્ગોની આવકવૃદ્ધિ અપૂરતી રહી છે. સમગ્રપણે જોતાં આ અભ્યાસ પરથી એવું તારણ મળે છે કે ભારતીય વિકાસદર સમાવેશક નથી.

અન્ય અભિગમ/પદ્ધતિનો ઉપયોગ કરીને કેટલાંક અન્ય સ્કોલર્સ પણ આવા તારણ પર આવ્યા છે. વિવિધ જૂથોનો વિકાસ ખર્ચના માપદંડ, બે સમયગાળાના વિકાસનું પૃથ્થકરણ તેમજ રોજગારી, આવક અને વપરાશની વિગતોના આધારે કરાયેલ તારણો વગેરે જેવા અભિગમનો ઉપયોગ વિવિધ સ્કોલર્સ દ્વારા કરાયો છે. આવા પૃથ્થકરણનો મત એવો હતો કે ગરીબ તથા પછાતવર્ગોને દેશની મુખ્ય વિકાસ ગતિમાં સમાવવાની બાબત હજી પણ ઘણી દૂરની આશા છે.

સમગ્ર વસ્તીની સરેરાશ આવક તેમજ સામાજિક રીતે વંચિત લોકોની સરેરાશ આવક છેલ્લા બે દાયકામાં વધી છે. સત્તાવાર ગરીબી રેખાની દૃષ્ટિએ મૂલવતાં ગરીબીમાં પણ ઘટાડો નોંધાયો

છે. આમ છતાં, સમાવેશકતાની માંગ આ બધાં પરિણામોથી વધુ ઉપર છે. અગાઉ જણાવ્યા મુજબ આ દિશાનો ભારતીય રેકર્ડ નિરાશાજનક છે. આ માટેનાં કારણો પણ દેખીતા છે. ભારતીય કૃષિનું ચિત્ર જોઈએ તેટલું ઉજળું નથી. ગરીબવર્ગને ખેતી સિવાયના ક્ષેત્રોમાં સમાવવા કે શહેરી બિનસંગઠિત ક્ષેત્રોને અન્ય ક્ષેત્રમાં આવરી લેવા માટે પૂરતી રોજગારી ઊભી થઈ નથી શકી. અગાઉ થયેલ અભ્યાસોમાં ફલિત થયું છે કે જે ક્ષેત્રમાં વધુ રોજગારી ઊભી થઈ શકે તે છે બાંધકામ અને તે પણ ગ્રામીણ વિસ્તારમાં. સામાન્ય રીતે આ ક્ષેત્રની રોજગારી દ્વારા વધુ આવક મળી શકતી નથી. વળી જરૂરી કૌશલ્યનો પણ અભાવ વર્તાય છે. ઉત્પાદન ક્ષેત્રની કામગીરી પણ નિરાશાજનક છે. આ ક્ષેત્રમાં રોજગારી ઊભી કરવી ખાસ કરીને શ્રમપ્રચુર ઉત્પાદન ક્ષેત્રમાં રોજગારી ઊભી કરીને પણ સમાવેશકતાના સ્વપ્નને સાકાર થતાં વાર લાગશે. હાલના સમયની માંગ એ છે કે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરંટી જેવી કલ્યાણ યોજનાઓને મજબૂત બનાવીને શહેરી ગરીબોને રક્ષણ આપી શકાય. આ ઉપરાંત કૌશલ્ય વધારતી નીતિઓ અને રોજગારી વધારતી નીતિઓ જરૂરી છે. એવી ધારણા રાખી શકાય કે વિકાસની ગતિ તેજ કરીને સમાવેશકતાના સ્વપ્નને સાકાર કરવા તરફ જઈ શકાશે.

**સંદર્ભ :** આર્થિક મોજણી ૨૦૧૪, ૨૦૧૪-૧૫

**લેખક મુંબઈ ખાતેની ઇંદિરા ગાંધી વિકાસ સંશોધન સંસ્થા ખાતે પ્રોફેસર તરીકે કાર્યરત છે. તેઓના સંશોધનોના મુખ્ય વિષય વિકાસલક્ષી અને કલ્યાણલક્ષી અર્થતંત્ર તેમજ રાજકીય અર્થતંત્ર છે.**

## લઘુમતિઓના વિકાસ માટેની કેન્દ્ર સરકારની યોજનાઓનો લાભ હવે જૈન સમાજને મળશે.

રાષ્ટ્રીય અલ્પસંખ્યક શિક્ષણ સંસ્થા આયોગના ક્ષેત્રીય સમન્વયક અને ઓલ ઇન્ડિયા જૈન માઇનોરિટી સેલના અધ્યક્ષ શ્રી લલિત ગાંધીએ અમદાવાદમાં જણાવ્યું હતું કે ભારત સરકાર દ્વારા ૨૭ જાન્યુઆરી, ૨૦૧૪ની અધિસૂચના દ્વારા જૈન સમાજને રાષ્ટ્રીય સ્તરે લઘુમતિ સમાજનો દરજ્જો આપવામાં આવ્યો છે. જેના કારણે હવે કેન્દ્ર સરકારની લઘુમતિ સમાજના વિકાસ માટેની તમામ યોજનાઓનો લાભ સમગ્ર ભારતના જૈન સમુદાય તથા જૈન સમુદાયની સંસ્થાઓને પ્રાપ્ત થશે.

લઘુમતિનો દરજ્જો મળવાના કારણે જૈન સમાજના ધાર્મિક સંસ્થાનોને કોઈપણ સરકાર અધિગ્રહિત નહીં કરી શકે. જૈન સમાજની શૈક્ષણિક સંસ્થાઓના વ્યવસ્થાપનમાં કોઈ સરકાર હસ્તક્ષેપ નહીં કરી શકે. શ્રી ગાંધીએ યોજનાઓ વિશે જણાવતાં કહ્યું હતું કે શિક્ષણ માટે ૧૦૦૦ થી ૧ લાખ સુધીની શિષ્યવૃત્તિની યોજનાઓ ઉપલબ્ધ છે તથા ઉચ્ચ શિક્ષા માટે ૩ ટકા વ્યાજ પર ૨૦ લાખ સુધીની લોન તથા વિદેશમાં શિક્ષણ માટે ઓછા વ્યાજે લોન આપવાની યોજનાનો પણ સમાવેશ થાય છે. તેમણે વધુમાં જણાવ્યું કે વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ માટે અરજી કરી શકે તે માટે દરેક જિલ્લામાં પાંચ-પાંચ સુવિધા કેન્દ્રો ખોલવાનું આયોજન છે.

શ્રી લલિત ગાંધીએ જણાવ્યું હતું કે, ૬ લાખથી ઓછી વાર્ષિક આવક ધરાવતા વેપારીઓને ઉદ્યોગ સ્થાપવા માટે ૬ ટકા વ્યાજે ૩૦ લાખ સુધીની લોન મળી શકે છે. તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૪-૧૫માં ગુજરાતના લઘુમતિ સમાજના ૧૮,૪૮૨ લાભાર્થીઓએ કુલ ૭૨ કરોડ રૂપિયાની લોન મેળવી હતી. મહિલાઓને સક્ષમ અને આત્મનિર્ભર બનાવવા માટે સ્વયં સહાયતા સમૂહોના માધ્યમથી ૨૦ મહિલાઓના જૂથને ૩૦ લાખ સુધીની લોન ઓછા વ્યાજે મળશે.

શ્રી લલિત ગાંધીએ જૈન સમાજ માટેની ખાસ યોજનાઓ વિશે જણાવતાં કહ્યું હતું કે, જૈન ધાર્મિક સંસ્થાનોના જીર્ણોદ્ધાર માટે અનુદાન, વિહારધામના નિર્માણ માટે અનુદાન, ધાર્મિક પાઠશાળાના શિક્ષકો માટે અનુદાન વગેરે માટે સરકારને પ્રસ્તાવ કરવામાં આવ્યો છે.

શ્રી ગાંધીએ જણાવ્યું હતું કે, જૈન સમાજમાં આ યોજનાઓ વિશે જાગૃતિ લાવવા માટે ઓલ ઇન્ડિયા જૈન માઇનોરિટી સેલ દ્વારા રાષ્ટ્રીય સ્તરે વિશેષ અભિયાન ચલાવાઈ રહ્યું છે. સમગ્ર ભારતમાં એક સમર્પિત નેટવર્કનું નિર્માણ કરાઈ રહ્યું છે. ગુજરાતમાં પણ એવા નેટવર્કની સ્થાપના કરાશે જે સમર્પિત ભાવથી આ યોજનાઓનો લાભ લોકો સુધી પહોંચાડવા માટે દરેક પ્રકારના આવશ્યક કાર્યોનું સંપાદન કરશે.

## રાજ્યમાં ટપાલખાતા દ્વારા ડિજિટલ ઇન્ડિયા સપ્તાહની થયેલી ઉજવણી

સરકારના 'ડિજિટલ ઇન્ડિયા' કાર્યક્રમ અંતર્ગત ગુજરાત રાજ્યની ટપાલખાતાની લગભગ તમામ પોસ્ટ ઓફિસોને બહુલક્ષિત વિવિધ સેવા કેન્દ્રોમાં પરિવર્તિત કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

અમદાવાદ ખાતે ડિજિટલ ઇન્ડિયા સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ગુજરાત સર્કલના મુખ્ય પોસ્ટ માસ્ટર જનરલ બ્રિગેડીયર સંજીવ થાપરે જણાવ્યું હતું કે, ટપાલ વિભાગ પોતાની ગ્રામિણ ટપાલ કચેરીઓ સહિત મોટાભાગની તમામ કચેરીઓને 'ડિજિટલાઇઝ્ડ' કરવા માગે છે, જેને કારણે માહિતીનાં પ્રચાર-પ્રસાર તેમજ સરકારી નીતિઓ સામાજિક સુરક્ષા લાભોની વહેંચણી વગેરે મળે અને તે નોડલ કેન્દ્ર બની શકે તેમ છે. આ પોસ્ટ ઓફિસોમાં માહિતીની આપ-લે, ભૌતિક સુવિધાઓનાં પરિવહન અને રોકડ રકમનાં હસ્તાંતરણનું કામ ડિજિટલ સ્વરૂપે હાથ ધરવામાં આવશે.

**(પી.આઈ.બી. અમદાવાદના સૌજન્યથી)**

# સમાવેશક વિકાસ અને સામાજિક પરિવર્તન માટે સરકારે અમલમાં મૂકેલી વિવિધ યોજનાઓ

*ધ્રુવિકા બી. કાનાબાર*



*સમાવેશક વિકાસ દ્વારા સામાજિક પરિવર્તન ત્યારે જ થઈ શકે જ્યારે દરેક આર્થિક વર્ગનાં, કોઈપણ જાતિનાં, સમર્થ કે અસમર્થ અને કોઈપણ ક્ષેત્રનાં લોકોનો વિકાસની પ્રક્રિયામાં સમાવેશ કરવામાં આવે. આ એક લાંબાગાળાનો ખ્યાલ છે જેનો લક્ષ્યાંક ઉત્પાદક રોજગારી પૂરી પાડવાનું અને ગરીબ તથા વિકાસની પ્રક્રિયાથી બાકાત રહી ગયેલા લોકોની આવક વધારી તેમનું જીવનધોરણ ઊંચું લાવવાનો છે. ગરીબ, પછાત વર્ગનાં, અનુસૂચિત જાતિ અને જનજાતિનાં લોકો, લઘુમતિ સમુદાય, સ્ત્રીઓ વગેરેને વિકાસની પ્રક્રિયામાં સામેલ કરવા કે જેથી તેઓ ઝડપી આર્થિક વિકાસની પ્રક્રિયાનો લાભ મેળવી શકે અને સમાવેશક વિકાસનાં ધ્યેયને યથાર્થ કરી શકે.*

આર્થિક વૃદ્ધિની ગતિ અને સ્વરૂપને રજૂ કરતો શબ્દ છે 'સમાવેશક વિકાસ'. સમાવેશક વિકાસ એ એવો ખ્યાલ છે જે આર્થિક વૃદ્ધિમાં ફાળો આપવાની દરેકને સમાન તક પૂરી પાડે છે. તેનો હાર્દ એ છે કે સમાજનાં દરેક વિભાગો સુધી લાભો પહોંચવા જોઈએ.

સમાવેશક વિકાસ દ્વારા સામાજિક પરિવર્તન ત્યારે જ થઈ શકે જ્યારે દરેક આર્થિક વર્ગનાં, કોઈપણ જાતિનાં, સમર્થ કે અસમર્થ અને કોઈપણ ક્ષેત્રનાં લોકોનો વિકાસની પ્રક્રિયામાં સમાવેશ કરવામાં આવે. આ એક લાંબાગાળાનો ખ્યાલ છે જેનો લક્ષ્યાંક ઉત્પાદક રોજગારી પૂરી પાડવાનું અને ગરીબ તથા વિકાસની પ્રક્રિયાથી બાકાત રહી ગયેલા લોકોની આવક વધારી તેમનું જીવનધોરણ ઊંચું લાવવાનો છે.

ગરીબ, પછાત વર્ગનાં, અનુસૂચિત જાતિ અને જનજાતિનાં લોકો, લઘુમતિ કોમ, સ્ત્રીઓ વગેરેને વિકાસની પ્રક્રિયામાં સામેલ કરવા કે જેથી તેઓ ઝડપી આર્થિક વિકાસની પ્રક્રિયાનો લાભ મેળવી શકે અને સમાવેશક વિકાસનાં ધ્યેયને યથાર્થ કરી શકે.

સમાવેશક વિકાસ એટલે એવો આર્થિક વિકાસ જે રોજગારીની તકોનું સર્જન કરે છે અને ગરીબી નિવારણમાં મદદરૂપ બને છે.

**સમાવેશક વિકાસને વેગ આપવા કેન્દ્ર સરકારે ઘડેલી યોજનાઓની એક ઝલક**

**૧. પ્રધાનમંત્રી જનધન યોજના**

દરેક ભારતીય નાગરિકને બેંકમાં ખાતું, વિમા કવચ અને ડેબીટકાર્ડ આપવા માટે આ યોજના અમલી કરવામાં આવી છે.

જનધન યોજના હેઠળ ખાતેદારોને શૂન્ય બેલેન્સથી ખાતું ખોલી આપવામાં આવશે તેમજ Rupay ડેબીટકાર્ડ પણ આપવામાં આવશે. આ ઉપરાંત રૂ. ૧ લાખનો અકસ્માત વિમો અપાશે. ખાતું ખોલાવ્યાનાં છ માસ બાદ ખાતેદાર રૂ. ૫,૦૦૦ની લોન લેવા પણ સક્ષમ બનશે.

દેશનો દરેક નાગરિક બેંકિંગ સુવિધાનો ઉપયોગ કરે તે હેતુથી આ યોજનાની રચના કરવામાં આવી છે.

**૨. અટલ પેન્શન યોજના**

આ યોજના બેંકના એવા બધાં ખાતેદારો કે જેમની ઉંમર ૧૮ થી ૪૦ વર્ષની વચ્ચે છે તેમને લાગુ પડે છે. આ યોજના હેઠળ લાભપાત્ર થવા ૨૦ કે તેથી વધુ વર્ષો માટે ફાળો આપવો જરૂરી છે.

ત્યારબાદ વ્યક્તિ ૬૦ વર્ષની ઉંમરે રૂ. ૧,૦૦૦થી રૂ. ૫,૦૦૦ સુધીનું પેન્શન પ્રતિમાસ મેળવવા સક્ષમ બને

છે. સરકાર પણ આમાં વ્યક્તિગત ફાળાનો ૫૦ ટકા ફાળો આપે છે.

જ્યારે વ્યક્તિ કમાઈ શકવા સક્ષમ ન હોય ત્યારે પણ તે સમાજ માટે બોજારૂપ ન બને તે માટે આ ભવિષ્યની સલામતિની જોગવાઈ આપતી યોજના ઘડવામાં આવી છે.

**૩. પ્રધાનમંત્રી આવાસ યોજના**

આ યોજના દ્વારા વર્ષ ૨૦૨૨ સુધીમાં શહેરી વિસ્તારમાં વસતાં ગરીબો માટે ૨ કરોડ જેટલાં આવાસો પૂરાં પાડવાનો મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંક રખાયો છે.

ખાસ કરીને સમાજના આર્થિક રીતે નબળાં લોકો અને નીચી આવક ધરાવતાં વર્ગને રહેવાની સુવિધા મળે તે હેતુથી આ યોજનાની રચના થઈ છે. આ યોજના હેઠળ આવાસ ખરીદનારાઓને રૂ. ૧ લાખથી રૂ. ૨.૩૦ લાખ સુધીની સબસિડી આપવાની સરકારની યોજના છે.

**૪. પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના**

આ યોજના હેઠળ આપવામાં આવતો અંગત અકસ્માત વિમો માત્ર પરિવારની સુરક્ષાની જ નહિ પરંતુ અકસ્માતનાં કારણે થતાં આવકનાં નુકસાન સામે પણ રૂ. ૨ લાખનું રક્ષા કવચ પૂરું પાડે છે. અહીં લાભપાત્ર થવાં વ્યક્તિની ઉંમર ૧૮ થી ૭૦ વર્ષ હોવી જોઈએ.

**૫. પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વિમા યોજના**

આ એવી મુદ્દતી યોજના છે જેમાં પોલીસી પાકે ત્યારે કોઈ રકમ પરત મળતી નથી. જો વિમાધારક મૃત્યુ પામે તો તેના પરિવારને વિમાની રકમ મળે છે. ૧૮ થી ૫૦ વર્ષની વય હેઠળ આવતા અને બેંકમાં ખાતું ધરાવતાં લોકો આ યોજનાનો લાભ મેળવી શકે છે. વાર્ષિક પ્રિમિયમ રૂ. ૩૩૦માં રૂ. ૨ લાખનો વિમો આ યોજના હેઠળ મળવાપાત્ર રહેશે.

**૬. પ્રધાનમંત્રી સાંસદ આદર્શ ગ્રામ યોજના**

ગ્રામીણ ભારતને વિકસિત કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ યોજના અમલમાં મૂકી છે. આ યોજનાનો હેતુ ગામવાસીઓમાં પારસ્પરિક સહયોગ, સ્વસહાયતા અને આત્મનિર્ભરતા વધારવાનો, ગરીબીમાંથી ઉગારવા ગામનાં અતિ નિર્ધન અને સુવિધાહીન લોકોની મદદ કરી તેમનું કલ્યાણ કરવાનો, સ્થાનિક સાંસ્કૃતિક મૂડીને સમજવા અને નૈતિક મૂલ્યોને પ્રોત્સાહન આપી ગામનો માત્ર ભૌતિક અને સામાજિક વિકાસ નહીં, પરંતુ સમગ્રલક્ષી વિકાસ કરવાનો છે.

આ યોજના હેઠળ ગ્રામપંચાયત, ગ્રામસભા અને ગામના તમામ વર્ગોની સંપૂર્ણ ભાગીદારી સાથે સંસદસભ્યની નેતૃત્વ ક્ષમતા, વચનબદ્ધતા અને ઊર્જાનો ઉપયોગ કરવામાં આવશે. આ યોજના હેઠળ તમામ સાંસદોએ માર્ચ, ૨૦૧૯ સુધીમાં ત્રણ આદર્શ ગામનો વિકાસ કરવાનો છે, જેમાંથી એક ગ્રામનો વિકાસ માર્ચ, ૨૦૧૬ સુધીમાં કરવામાં આવશે.

**૭. સ્વચ્છ ભારત અભિયાન**

૨ ઑક્ટોબર, ૨૦૧૪ મહાત્મા ગાંધીનાં જન્મદિવસનાં રોજ આ યોજના અમલમાં મૂકવામાં આવી. તેનો હેતુ ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી એટલે કે વર્ષ ૨૦૧૯ સુધીમાં ભારતને સ્વચ્છ રાષ્ટ્ર બનાવવાનો છે.

દરેક ગ્રામ્યવિસ્તાર અને દૂરનાં વિસ્તારોમાં શૌચાલયોની સુવિધા પૂરી પાડી સ્વચ્છતા બાબતે જાહેરજનતાને જાગૃત કરવી, સ્વચ્છ રસ્તાઓ બનાવવા, જમીનનું અતિક્રમણ અટકાવવું અને ભારતને વિશ્વના સૌથી સ્વચ્છ દેશોમાંનો એક દેશ બનાવવો એ આ યોજનાનો ધ્યેય છે.

**૮. દીનદયાલ ઉપાધ્યાય ગ્રામજ્યોતિ યોજના**

ગ્રામ્ય વિસ્તારોને સતત વીજપુરવઠો પૂરો પાડવાનું લક્ષ્ય ધરાવતી આ ભારત સરકારની યોજના છે. આ યોજના હેઠળ સરકારનું ગ્રામ વિસ્તારોમાં વીજકરણ માટે રૂ. ૭૫,૬૦૦ કરોડનું રોકાણ કરવાનું આયોજન છે. હાલમાં કાર્યરત રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજનાને બદલે આ યોજના અમલમાં મૂકાશે.

**૯. કૃષિ આમદની વિમા યોજના**

ભારતની મોટાભાગની વસ્તી ખેતીક્ષેત્રમાં કાર્યરત છે, પરંતુ વાતાવરણ અણધાર્યું હોવાને કારણે ગરીબ ખેડૂતને ખૂબ નુકસાન ભોગવવું પડે છે. જેની ભારતના કૃષિક્ષેત્ર પર માઠી અસર થાય છે. અપૂરતો વરસાદ કે આવાં અન્ય આકસ્મિક તેમજ કુદરતી કારણોને લીધે ખેડૂતોને આર્થિક નુકસાન ભોગવવું ન પડે તે માટે મદદરૂપ થવા આ યોજના ઘડવામાં આવી છે. આ ઉપરાંત સરકાર દ્વારા કેટલીક સિંચાઈ યોજનાઓ પણ શરૂ કરવામાં આવી છે. જે કૃષિ ઉપજને વધારવામાં ઉપયોગી થશે.

**૧૦. જન ઔષધિ યોજના**

દેશમાં ગુણવત્તાયુક્ત દવાઓ સામાન્ય જનતાને પરવડે એવાં દરે પૂરી પાડવા માટે ભારત સરકારે આ યોજના હેઠળ દવાઓની બ્રાન્ડ દેશમાં નક્કી કરાયેલાં મેડીસીન સેન્ટરો પર ઉપલબ્ધ કરાવવાનું નક્કી કર્યું છે.

**૧૧. મેક ઈન ઈન્ડિયા (સ્વદેશી ઉત્પાદન)**

વિશ્વના દેશોને ભારતમાં રોકાણ

અને ઉત્પાદન માટે આકર્ષવા ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ શ્રીમોદીએ 'મેક ઇન ઇન્ડિયા' સૂત્ર જાહેર કર્યું. પછી તે આંતરરાષ્ટ્રીય માર્કેટિંગ ઝૂંબેશ બની ગઈ.

આ ઝૂંબેશની શરૂઆતમાં ભારતમાં પુષ્કળ રોજગારીની તકો ઊભી થાય અને અર્થતંત્રમાં વૃદ્ધિ થાય એવો ધ્યેય રખાયો છે. આ યોજના દ્વારા દેશને સ્વનિર્ભર રાષ્ટ્ર બનાવવાનું આયોજન છે. આ યોજના હેઠળ દેશમાં પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણને મંજૂરી અપાશે. કેન્દ્ર સરકારે એવા ૨૫ મુખ્ય ક્ષેત્રો નક્કી કર્યા છે જેમનામાં વૈશ્વિક સ્તરે ઉત્પાદનક્ષેત્રે આગેવાની કરવાની ક્ષમતા છે.

**૧૨. ડિજિટલ ઇન્ડિયા**

૨૧ ઑગસ્ટ, ૨૦૧૪ના રોજ 'ડિજિટલ ભારત' અભિયાન શરૂ કરવામાં આવ્યું. તેનો હેતુ ભારતને ઇલેક્ટ્રીકલ સુસજ્જ અર્થતંત્રમાં બદલવાનો છે. આ યોજના અનુસાર સરકાર બધાં સરકારી વિભાગો અને ભારતની સામાન્ય જનતાને એકબીજા સાથે ઇલેક્ટ્રોનિકના માધ્યમથી જોડવા માગે છે. જેથી અસરકારક શાસન થઈ શકે, દરેક ગામડાંને ઇન્ટરનેટ નેટવર્કથી જોડવાનું પણ સરકારનું આયોજન છે.

**૧૩. ઐતિહાસિક શહેરનો વિકાસ**

શહેરી આયોજન, આર્થિક વૃદ્ધિ અને વારસાગત મિલકતોનાં સંરક્ષણનો સમાવેશ શૈલીના સાથે લઈ દરેક ઐતિહાસિક શહેરનું વારસાગત ચિત્ર સાચવવા માટે આ યોજના ૨૧ જાન્યુઆરી, ૨૦૧૫માં શરૂ થઈ.

આ યોજના હેઠળ વારસાગત મિલકતો જેવી કે પ્રાચીન સ્મારકો, ઘાટ, મંદિરો વગેરે ઉપરાંત અમૂર્ત મિલકતોનું પુનરોદ્ધાર અને પુનઃજીવિત કરાશે. આ સાથે તેમાં આરોગ્ય સુવિધાઓ, રોડ-રસ્તા, જાહેર વાહનવ્યવહાર, પાર્કિંગની સુવિધાઓ, નાગરિક સેવાઓ તેમજ માહિતીની જાહેરાત માટેની સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

૨૭ માસમાં રૂ. ૫૦૦ કરોડની ખર્ચની જોગવાઈ થઈ આ યોજના દેશનાં ૧૨ શહેરોમાં અમલી થશે.

**૧૪. પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના**

દેશમાં ગરીબી નાબૂદ કરવામાં મદદરૂપ બને એવું સરકારનું આ પગલું છે, જેમાં યુવાન સ્ત્રીઓ અને પુરુષોને કૌશલ્ય તાલીમ આપવામાં આવે છે. આવી યોજના ભારત જેવા દેશમાં બહુ જરૂરી બની રહે છે કે જ્યાં વિશ્વનું સૌથી મોટું યુવાધન કે જેને રોજગારક્ષમ કૌશલ્યની જરૂર છે, તે ભારતમાં વસે છે.

૨૦ માર્ચ, ૨૦૧૫ના રોજ ભારત સરકારે કૌશલ્ય વિકાસ અને ઔદ્યોગિક સાહસ મંત્રાલયને આ યોજના લાગુ કરવા લીલી ઝંડી બતાવી હતી. આ યોજના હેઠળ જેઓ ધોરણ ૧૦ કે ૧૨ પછી શિક્ષા નથી લઈ શક્યાં કે નીચી આવક ધરાવે છે તેવા સમૂહ પર વધુ ધ્યાન અપાશે. શરૂમાં બિહાર અને અન્ય અમુક રાજ્યોમાં આ યોજના દાખલ કરાઈ છે જે ૧૫ જુલાઈથી - રાષ્ટ્રીય કૌશલ્ય દિવસનાં રોજ બધાં જ રાજ્યોમાં લાગુ કરાઈ છે. આ યોજના દ્વારા ભારતનો બેરોજગારીનો દર ઘટવા પામશે.

**૧૫. સૂક્ષ્મ એકમોનો વિકાસ અને પુનઃધિરાણ એજન્સી બેંક - મુદ્રા બેંક**

નાણાપ્રધાન અરૂણ જેટલીએ બજેટ ૨૦૧૫-૧૬માં કરેલી જાહેરાતના અનુસંધાનમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ મુદ્રા બેંક યોજનાનું ૮ એપ્રિલ, ૨૦૧૫નાં રોજ ઉદ્‌ઘાટન કર્યું. આ યોજનામાં ૨૦ હજાર કરોડ રૂપિયાનું ભંડોળ અને ૩૦૦૦ કરોડ રૂપિયાની ધિરાણ બાંહેધરી સામેલ છે.

મોટાભાગના લોકો, ખાસ કરીને ભારતના ગ્રામ્ય અને દૂરના વિસ્તારોમાં વસતાં લોકો બેંકિંગની સુવિધાનાં લાભોથી વંચિત છે. આ કારણે તેઓ નાના પાયે વેપાર-ઉદ્યોગ શરૂ કરવા કે તેનો વિકાસ કરવા મદદરૂપ એવા વિમો, ધિરાણ અને અન્ય નાણાકીય સાધનો સુધી પહોંચી શકતાં નથી. ધિરાણ માટે મોટાભાગનાં લોકો સ્થાનિક શાહુકારો પર નિર્ભર રહે છે. આવાં ધિરાણ પર ખૂબ ઊંચું વ્યાજ ચૂકવવું પડે છે. પેઢીઓ સુધી ગરીબો આ કરજાનાં ભાર નીચે દબાયેલાં રહે છે. શાહુકારોની આવી જોહુકમીથી નાના ઉદ્યોગકારોને બચાવવા મુદ્રા બેંકની શરૂઆત કરાઈ.

મુદ્રા બેંકે ધિરાણ લેનારાંઓને ત્રણ ભાગમાં વહેંચ્યાં છે. વ્યવસાય શરૂ કરનારાં, મધ્યમ સ્થિતિમાં નાણા લેનારા અને વિકાસનાં આગલાં સ્તર પર જવા ઇચ્છતાં ઉદ્યોગ-સાહસિકો.

આ ત્રણ વિભાગોની જરૂરિયાતો પૂરી કરવા મુદ્રા બેંકે ત્રણ શાખ ઉપકરણોની શરૂઆત કરી : (૧) શિશુ : જેમાં રૂ. ૫૦ હજાર સુધીનું ધિરાણ મળે છે. (૨) કિશોર : જેમાં રૂ. ૫૦ હજારથી લઈને રૂ. ૫ લાખ સુધીની શાખ સમાવિષ્ટ છે. (૩) તરૂણ : જેમાં રૂ. ૫ થી ૧૦ લાખ સુધીનું ધિરાણ મળે છે.

શરૂઆતમાં અમુક જ ક્ષેત્રો જેવાં કે જમીન પરિવહન, સામુદાયિક, સામાજિક અને વૈયક્તિક સેવાઓ, ખાદ્ય ઉત્પાદન અને ટેક્સટાઇલ ઉદ્યોગ વગેરે સુધી જ આ યોજના સીમિત છે. સમયની સાથે નવી યોજનાઓ શરૂ કરાશે, જેમાં હજુ વધુ ક્ષેત્રોને સામેલ કરવામાં આવશે.

## ૧૬. સુકન્યા સમૃદ્ધિ યોજના

સરકાર કન્યાઓનાં વિકાસ માટે શ્રેષ્ઠ પ્રયત્નો કરી રહી છે. સરકારની 'દીકરી બચાવો દીકરીને ભણાવો' અભિયાનનું વિસ્તૃત સ્વરૂપ છે.

આ યોજના હરિયાણામાં સૌ પ્રથમ પોસ્ટ ઓફિસોમાં શરૂ કરાઈ છે. ૧ થી ૧૦ વર્ષની ઉંમર સુધીની કન્યાઓને આ યોજના હેઠળ લાભપાત્ર થશે. તેમાં ૧૪ વર્ષો સુધી દીકરીનાં વાલીએ પ્રતિમાસ રૂ. ૧૦૦૦ એટલે કે કુલ રૂ. ૧૬૮૦૦૦ ભરવાનાં રહે છે. અહીં મુખ્ય ફાયદો એ છે કે દર મહિને રકમ જમા કરાવવી ફરજિયાત નથી. પ્રતિમાસ રૂ. ૧૦૦૦ કે પોતાની અનુકૂળતા મુજબ વાલી આ રકમ જમા કરાવી શકે છે, પરંતુ ૧૪ વર્ષોમાં કુલ રૂ. ૧૬૮૦૦૦ એટલે કે સરેરાશ રૂ. ૧૦૦૦ પ્રતિમાસ જમા કરાવવાનાં રહે છે. આ યોજના હેઠળ કરેલું કુલ ધિરાણ આવકવેરાનાં વિભાગ ૮૦સી હેઠળ કરમુક્ત છે.

આ યોજના પ્રોવિડન્ડ ફંડ જેવી જ યોજના છે. તેથી આપણે એવું ધારી શકીએ કે બેંકો પાસે PPF (Public Provident Fund) હેઠળ ખાતું ખોલવાની સત્તા છે તેઓ સુકન્યા સમૃદ્ધિ યોજના હેઠળ પણ ખાતું ખોલી શકે છે.

જ્યારે કન્યા ૧૮ વર્ષની ઉંમરે પહોંચે ત્યારે તેનાં ઉચ્ચ અભ્યાસ અર્થે ૫૦ ટકા રકમ ઉપાડી શકાય છે અને જો ખાતેદારોને આવું ખાતું ચલાવવામાં મુશ્કેલી પડે તો તે નિર્ધારિત સમય પહેલાં બંધ પણ કરી શકાય છે. જો કન્યાએ સ્થળાંતર કરવાનું થાય. આવું ખાતું મુક્ત રીતે ભારતનાં કોઈપણ રાજ્યમાં બદલી કરી શકાય છે.

સ્ત્રીઓને જાતિભેદનો ભોગ ન બનવું પડે, વિકાસની પ્રક્રિયામાં તેઓ પણ પુરુષોને સમકક્ષ ફાળો નોંધાવી શકે અને સામાજિક પરિવર્તનનો હિસ્સો બની શકે તેવાં હેતુથી સરકારે આ યોજના શરૂ કરી છે.

## ૧૭. સ્માર્ટ સિટી મિશન

પ્રધાનમંત્રીશ્રી મોદીએ સત્તા પર આવ્યાં પછી દેશભરમાં ૧૦૦ સ્માર્ટ સિટી બનાવવાની યોજના જાહેર કરી હતી. સ્માર્ટ સિટી એટલે એવું શહેર કે જે પાયારૂપ આંતરમાળખાથી સુસજ્જ હોય. જ્યાં ગુણવત્તાયુક્ત જીવન તથા ચોખ્ખું અને ટકાઉ પર્યાવરણ હોય, પાણી અને વીજપુરવઠો, આરોગ્ય સુવિધાઓ, ઘન-કચરાનાં નિકાલનું યોગ્ય સંચાલન, જાહેર વાહનવ્યવહાર, ઈન્ટરનેટનું જોડાણ, ઇ-ગવર્નન્સ તથા નાગરિકોની સલામતિ અને ભાગીદારીની ખાતરી અપાય છે.

ઊર્જા અને બળતણનો બચાવ, નકામા ઘન અને પ્રવાહીનો પુનઃઉપયોગ, પાણીની ગુણવત્તાની ચકાસણી, પુનઃપ્રાપ્ય ઊર્જાસ્રોતનો ઉપયોગ, યોગ્ય ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ, તકરારોનું નિવારણ વગેરે સ્માર્ટ ઉકેલો દ્વારા શહેરનો સ્માર્ટ શહેરોમાં પરિવર્તિત કરાશે.

હાલની યોજના મુજબ પ્રથમ ૨૦ શહેરો અને પછીનાં બે વર્ષોમાં દરેક વર્ષે ૪૦ શહેરોને આ યોજના હેઠળ સમાવી લેવાનું આયોજન છે. આમ, કુલ ૧૦૦ શહેરોને સ્માર્ટ સિટી મિશન હેઠળ આવરી લેવામાં આવશે. ગુજરાતનાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જૂનાગઢ, ગાંધીનગરને આ ૧૦૦ શહેરોમાં સમાવી લેવામાં આવ્યાં છે.

## ૧૮. નવીનીકરણ અને શહેરી પરિવર્તન માટેનું અટલ મિશન

આ યોજના હેઠળ નગર અને શહેરોમાં વર્તમાન પાયાની આંતરમાળખાકીય સુવિધાઓને વધુ કાર્યક્ષમ રીતે પૂરી પાડવાની સરકારની યોજના છે. દરેક ઘરને ચોખ્ખું પીવાલાયક પાણી મળે, યોગ્ય ગટર-વ્યવસ્થા હોય તેમજ શહેરમાં હરિયાળી તેમજ સારી રીતે જાળવણી કરેલી ખુલ્લી જગ્યાઓ અને ઉદ્યાનો હોય. જાહેર પરિવહન સુવિધાનાં ઉપયોગને પ્રોત્સાહન મળે અને પ્રદૂષણમાં ઘટાડો થાય અને એકંદરે સ્વચ્છ અને સુઘડ શહેરમાં લોકો સ્વાસ્થ્યપૂર્ણ જીવન જીવી શકે એ આ યોજનાનો ધ્યેય છે.

## ઉપસંહાર

આ ઉપરાંત સરકારે લઘુમતિનાં વિકાસ માટે બાલ-વિકાસ સેવાઓ, શિક્ષા અભિયાનો, સ્કોલરશીપ યોજનાઓ, રોજગાર યોજનાઓ, લોન સ્કીમો, આવાસ યોજના વગેરેની રચના કરી છે.

આ બધી યોજનાઓના અમલથી દરેક વર્ગ, જાતિ અને સ્તરનાં લોકોનો વિકાસની પ્રક્રિયામાં સમાવેશ થશે અને સામાજિક પરિવર્તન આવશે. પરિણામે ભારત એક શ્રેષ્ઠ રાષ્ટ્ર તરીકે વિશ્વ સમક્ષ ઊભરી આવશે.

**સંદર્ભસૂચિ :**

ibnlive.com, wikipedia.org, india.gov.in, arthapedia.in, magro1 india,com,

The Hindi-1 November, 2014,

Economic Times - 19 December, 2014, 16 January 2015, 1 March 2015, 4 May 2015.

The Indian Express - 21 January, 2015

Business Today 2 April, 2015

Times of India - 30 April 2015

**લેખિક શ્રી સ્વામીનારાયણ ગુરુકુળ કોમર્સ કૉલેજ, જામનગરમાં આસી. પ્રોફેસર છે.**

# ‘સ્માર્ટ સિટી’નું સ્વપ્ન સેવતું ભારત

*નેહા થાનકી*



*સરકારે દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઓછામાં ઓછા એક સ્માર્ટ સિટી તૈયાર કરવાનો નિર્ણય લીધો છે. દર વર્ષે ૨૦ શહેર સ્માર્ટ બનાવવામાં આવશે. શહેરી વિકાસ મંત્રી વેંકૈયા નાયડુએ સ્માર્ટ સિટી પર આયોજિત ચર્ચા દરમિયાન જણાવ્યું હતું કે સ્માર્ટ સિટી તેના નજીકના શહેરોને પણ અપ ટુ-ડેટ બનાવવામાં મદદ કરશે. સ્માર્ટ શહેરો નજીકના શહેરોને અમૃત યોજના અંતર્ગત વિકસાવાશે. સ્માર્ટ સિટી પ્રોજેક્ટમાં ૨ લાખ કરોડ રૂપિયાના રોકાણની જરૂર પડશે. તેમાંથી અડધી રકમ રાજ્યો અને ખાનગી ક્ષેત્રમાંથી આવશે.*

આજના આધુનિક યુગમાં દિન-પ્રતિદિન ટૅક્નોલૉજીનું પ્રમાણ વધતું જાય છે. એ ટૅકનોલૉજીનો આધાર લઈ આજે વિશ્વનો કોઈ પણ દેશ કે રાજ્ય શહેરના યોગ્ય આયોજન માટે આગળ વધી રહ્યો છે. શહેરી વિકાસ માટે વડાપ્રધાન દ્વારા ત્રણ યોજનાઓ લોન્ચ કરવામાં આવી છે :

(૧) સ્માર્ટ સિટી મિશન
(૨) અટલ મિશન ફોર રિજુનિવેશન ઍન્ડ અર્બન ટ્રાન્સફૉર્મેશન
(૩) હાઉસિંગ ફોર ઑલ મિશન ઇન અર્બન એરિયાઝ અંતર્ગત પ્રધાનમંત્રી આવાસ યોજના.

શહેરી વિકાસને આગળ ધપાવતી ‘સ્માર્ટ સિટી’ પર વિસ્તૃતતાથી જોઈએ કે સ્માર્ટ સિટી શું છે ? શા માટે સ્માર્ટ સિટીની જરૂર છે ?

**શહેરોએ સ્માર્ટ કેમ બનવું પડશે ?**


૨૦૧૧માં પ્રકાશિત યુએન વર્લ્ડ અર્બનાઇઝેશન પ્રોસ્પેકટ્સના રિપોર્ટ અનુસાર વિશ્વની અડધા કરતાં વધુ વસ્તી ૩.૬ અબજ લોકો શહેરોમાં વસે છે. વર્ષ ૨૦૫૦ સુધીમાં ૬.૩ અબજ લોકો એટલે કે વિશ્વની ૭૫ ટકા વસ્તી શહેરમાં વસતી હશે. આજે વિશ્વના ઘણા શહેરો વસ્તીથી ઉભરાઈ રહ્યા છે અને તેમના રસ્તા, ટ્રાન્સપોર્ટ, સર્વિસીઝ, ઇમરજન્સી સર્વિસીઝ, વેસ્ટ મેનેજમેન્ટ વગેરે પર તેમની ક્ષમતા કરતા વધુ ભાર છે. આ સ્થિતિને પહોંચી વળવા માટે અત્યારે વિશ્વના લગભગ ૨,૫૦૦ શહેરોને ‘સ્માર્ટ’ બનાવવાના વિવિધ પ્રકારના પ્રોજેક્ટ્સ શરૂ થયા છે. લગભગ દરેક પ્રોજેક્ટમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ કામકાજ જેમ કે ટ્રાન્સપોર્ટેશન, હેલ્થ કેર, પબ્લિક સેફ્ટી, યુટિલિટીઝ અને ગવર્નન્સને લગતો ડિજિટલ ડેટા એકઠો કરવામાં આવી રહ્યો છે. જેથી લાગતા વળગતા નિર્ણયો લેવામાં સરળતા રહે, ઝડપથી નિર્ણય લઈ શકાય અને જે કામ થાય તે વધુ અસરકારક બને.

કેટલાક નિષ્ણાતો કહે છે કે વિવિધ સ્થળોએ લગાવેલા સેન્સરથી જે ડેટા એકત્ર થાય છે, તેનું પ્રમાણ તેજ ગતિએ વધી રહ્યું છે અને લગભગ બે જ વર્ષમાં ૨૦૧૬ સુધીમાં પૃથ્વીના શહેરોમાં દર ચોરસ કિ.મી. વિસ્તારમાંથી રોજનો ૪.૧ ટેરાબાઇટ જેટલો ડેટા એકત્ર થવા લાગશે.

**સેન્સર શું કામ કરે છે ?**

સેન્સર્સ શહેરમાંથી લાઇટ, પ્રેશર, ટેમ્પરેચર, વાહનો અને લોકોની અવરજવર સુદ્ધાનો ઝીણવટભર્યો ડેટા એકઠો કરતા રહે છે. દર બે-ચાર મિનિટે આ બધો જ ડેટા પ્રોફેસરની લેબોરેટરીમાં કે જોઈન્ટ કમાન્ડ સેન્ટરમાં પહોંચે છે.

શહેરમાં ફરતી દરેક સિટી બસ, ટેક્સી અને પૉલીસ ફોર્સ, તેનું લોકેશન




અને સ્પીડની વિગતો સેન્ટ્રલ લેબોરેટરીમાં મોકલે છે. એની સાથે આ દરેક વાહન તેની આજુબાજુના વાતાવરણમાં પ્રદૂષણનું પ્રમાણ કેટલું છે તેની વિગતો પણ મોકલે છે. શહેરના નાગરિકો પોતાના GPs ઈનબિલ્ટ મોબાઈલમાં એક ખાસ એપ ડાઉનલોડ કરી દે તો તેઓ પણ આવી કેટલીય માહિતી સતત મોકલી શકે છે. કોર્પોરેશનની મેઈન ઑફિસમાં રહેલું એક સેન્ટ્રલ કમ્પ્યૂટર આ તમામ ડેટાને આધારે એક બીગ પિક્ચર તૈયાર કરે છે, જે સતત અપડેટ થતું રહે છે. આ બધાને લીધે –

(૧) મેઈન ઑફિસમાં બેઠાં બેઠાં જાણી શકાય છે કે બરાબર આ ક્ષણે શહેરના કયા ભાગમાં ટ્રાફિક જામ થયો છે અને જ્યાં જમા થયેલા ટ્રાફિકને કઈ બાજુ વાળી શકાય તેમ છે.

(૨) કોઈ મોટા રસ્તા પર અકસ્માત થતા એ રસ્તાનો ટ્રાફિક ખોરવાય તો તેની આજુબાજુના રસ્તાઓ પર કેવી અસર થાય છે તે લેબોરેટરીમાં બેઠા ખબર પડે છે.

(૩) શહેરના ક્યા ભાગમાં પ્રદૂષણ વધુ છે તે પણ જાણી શકાય છે.

(૪) શહેરના બગીચાઓના ક્યા ભાગમાં છોડવાઓને વધુ પાણી પાવાની જરૂર છે અને ક્યા ભાગમાં ઓછું, જેથી પાણીનો બગાડ ન થાય.

(૫) જુદા જુદા વિસ્તારોમાંની કચરાપેટીઓ કચરાથી ભરાઈ જાય તેનો સંદેશ પણ પહોંચે એટલે એક સાથે રૂટ બનાવીને ભરાઈ ગયેલી તમામ કચરાપેટીઓ એક ફેરામાં ખાલી કરી શકાય.

(૬) લાઈટ પોલ્સ પર લાગેલા સેન્સરની મદદથી જે તે વિસ્તારમાં જરૂરિયાત અનુસાર પ્રકાશનું પ્રમાણ વધુ ઓછું પણ કરી શકાય છે.

(૭) શહેરના રસ્તાઓ પર ઠેકઠેકાણે ઈલેક્ટ્રોનિક સાઈન બોર્ડ મૂકવામાં આવ્યાં છે. જેનાથી વાહનચાલકો નજીકમાં પાર્કિંગ કઈ તરફ છે એ તો જાણી જ શકે છે. આ ઉપરાંત કયા તેમને પાર્કિંગની જગ્યા મળી શકશે એ પણ જાણી શકે છે.

(૮) શહેરમાં પાણીનો વપરાશ મીટર આધારિત તો છે જ, પરંતુ અત્યાર સુધી કોર્પોરેશનના કર્મચારીએ ઘરેઘર ફરીને મીટર રીડિંગ કરવું પડતું હતું. હવે તેના પણ વાયરલેસ ઈનબિલ્ટ મીટર્સ મૂકાઈ જશે, પરિણામે મીટરના રીડિંગ ડાયરેક્ટ મેઈન ઑફિસમાં પહોંચી જશે.

**ખર્ચ અને 'સ્માર્ટ સિટી'**

સિટી મેનેજમેન્ટના નિષ્ણાતો કહે છે કે આ બધી વાતો એવી છે જેને કારણે શહેરના મ્યુનિસિપલ કોર્પોરેશનનો ખર્ચ થોડો ઘટે, પણ ફક્ત એટલાથી શહેર 'સ્માર્ટ' બનતું નથી. શહેરના વહીવટમાં, રોજબરોજના કામકાજમાં શહેરના નાગરિકો વધુ ને વધુ સંકળાય તો જ એ

શહેર સાચા અર્થમાં સ્માર્ટ બને.

સ્પેનના સેન્ટેન્ડર શહેરમાં આ બાબત પર વધુ ધ્યાન અપાય છે. આપણા શહેરોની જેમ અહીં રસ્તાઓમાં ખાડા પડ્યા હોય તો કોઈ પણ નાગરિક પોતાના સ્માર્ટ ફોનથી એ ખાડાની એક તસવીર ખેંચીને, સ્ક્રીન પર એક-બે ક્લિક કરે એટલે એ તસવીર, એ ખાડો શહેરમાં ચોક્કસ કઈ જગ્યાએ છે તેની GPs માહિતી સાથે મ્યુનિસિપલ કોર્પોરેશનની ઑફિસમાં પહોંચી જાય છે. ત્યાંથી એ તસવીર અને તેને સંબંધિત બીજી માહિતી એ રસ્તાની જાળવણીની જવાબદારી જેની છે એ અધિકારીને અને તેની સાથોસાથ એ વિસ્તારના કોર્પોરેટરને પણ પહોંચી જાય છે તેની સાથે એ ખાડાને લગતી વધી માહિતી જેમ કે રસ્તાનું રિપેરિંગ કેટલા સમયમાં, કોણ કરશે, કેટલો ખર્ચ થશે એ બધું શહેરના બીજા નાગરિકો પણ જાણી શકે છે.

**ભારતમાં સ્માર્ટ સિટીઝનું સ્વપ્ન**

ભારત વર્ષ ૨૦૨૨ સુધીમાં ૧૦૦ સ્માર્ટ સિટીનું નિર્માણ કરવા માગે છે અને નાણાં મંત્રાલયે આ માટે રૂ. ૭.૦૬૦ કરોડની ફાળવણી કરી દીધી છે. એક અંદાજ પ્રમાણે આ કાર્ય કરવા માટે ભારતને આવતા ૨૦ વર્ષ સુધીમાં કુલ રૂ. ૭ લાખ કરોડની જરૂર પડશે.

ભારતમાં હાલ ગાંધીનગરના ગિફ્ટ સિટી અને ધોલેરાને સ્માર્ટ સિટી બનાવવાનું આયોજન છે. બેંગ્લોરમાં સિરકો કંપની સ્માર્ટ ગ્રીડ આધારિત એજ્યુકેશન સિટી બનાવી રહ્યુ છે. મુંબઈ પાસે લોધા ગ્રૂપે તેના પાલવા સિટી પ્રોજેક્ટને સ્માર્ટ બનાવવા આઈબીએમ કંપનીને કોન્ટ્રેક્ટ આપ્યો છે. કોચીમાં પણ આ જ પ્રકારનું કામ ચાલી રહ્યું છે. જાપાનના ક્વોટોની જેમ વારાણસીને સ્માર્ટ સિટી બનાવવાની વાત ચાલે છે.

ભારતના દરેક રાજ્યમાં સ્માર્ટ સિટી બનશે. ગુજરાતના ૭ શહેરોમાં સ્માર્ટ સિટી બનશે. સરકારે દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઓછામાં ઓછા એક સ્માર્ટ સિટી તૈયાર કરવાનો નિર્ણય લીધો છે. દર વર્ષે ૨૦ શહેર સ્માર્ટ બનાવવામાં આવશે. શહેરી વિકાસ મંત્રી વેંકૈયા નાયડુએ સ્માર્ટ સિટી પર આયોજિત ચર્ચા દરમિયાન જણાવ્યું હતું કે સ્માર્ટ સિટી તેના નજીકના શહેરોને પણ અપ ટુ-ડેટ બનાવવામાં મદદ કરશે. સ્માર્ટ શહેરો નજીકના શહેરોને અમૃત યોજના અંતર્ગત વિકસાવશે. સ્માર્ટ સિટી પ્રોજેક્ટમાં ૨ લાખ કરોડ રૂ. ના રોકાણની જરૂર પડશે. તેમાંથી અડધી રકમ રાજ્યો અને ખાનગી ક્ષેત્રમાંથી આવશે.

| **રાજ્યો** | **કયા-કયા સિટી** |
|---|---|
| ગુજરાત | : અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જૂનાગઢ, ગાંધીનગર |
| ઉત્તરપ્રદેશ | : કાનપુર, અલ્હાબાદ, લખનઉ, ઝાંસી, ફૈઝાબાદ, આગ્રા, વારાણસી |
| તમિલનાડુ | : ચેન્નઈ, કોઈમ્બતૂર, મદુરાઈ, તિરુચિરાપલ્લઈ, સલેમા, તિરુનેવલ્લી |
| મહારાષ્ટ્ર | : પૂણે, મુંબઈ, નાગપુર, નાસિક, ઔરંગાબાદ, ભિવંડી |
| મધ્યપ્રદેશ | : ભોપાલ, ઈન્દોર, ગ્વાલિયર, જબલપુર |
| કર્ણાટક | : બેંગુલુરુ, ગુલબર્ગા, બીદર, બીજાપુર, બદામી, પટ્ટાદકલ |
| આંધ્રપ્રદેશ | : ગુંટુર, વિજયવાડા, કુર્નુલ, ચિતુર |
| રાજસ્થાન | : જયપુર, અજમેર, ભરતપુર, બિકાનેર, જોધપુર, કોટા, ઉદયપુર |
| પંજાબ | : લુધિયાણા, અમૃતસર, જલંધર, પટિયાલા |
| બિહાર | : મુઝફ્ફરપુર, પટણા, ગયા, ભાગલપુર, બિહાર શરીફ |
| હરિયાણા | : ફરિદાબાદ, ગુડગાંવ, પાણીપત, અંબાલા |
| હિમાચલ | : સિમલા |
| ઝારખંડ | : દેહરાદૂન, હરિદ્વાર, રુડકી |
| પં. બંગાળ | : કોલકતા, દુર્ગાપુર, હલ્દિયા, હાવડા, જંગીપુર |
| તેલંગણા | : હૈદરાબાદ, વારંગલ, નિઝમાબાદ, નલગોંડા |

ઉપરોક્ત રાજ્યોના અલગ અલગ સિટીઓને સ્માર્ટ સિટી અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે. સ્માર્ટ સિટી પ્રોજેક્ટની સફળતાથી ટૂંક સમયમાં ભારત વૈશ્વિક નકશામાં પોતાનું સ્થાન લેશે.

**સંદર્ભ :**


(૧) વાયબ્રન્ટ ગુજરાત-સમિટ ૨૦૧૫

(૨) 'દિવ્ય ભાસ્કર', ૨૪ જૂન, ૨૦૧૫ પાન ૧ અને ૧૨

(૩) સાયબર સફર, ઓક્ટોબર, ૨૦૧૪, અંક ૩૨, વર્ષ-૩



**લેખિકા પોરબંદર જિલ્લામાં પ્લાનિંગ ઑફિસમાં રિસર્ચ સહાયક છે.**



**યોજના વાંચો**
**યોજના વંચાવો**
**યોજના વસાવો**

# સમાવેશક વિકાસ અને સામાજિક પરિવર્તનના સંદર્ભમાં કંપનીની સામાજિક જવાબદારી

*ડૉ. જયશ્રી પી. જોષી*




*સરકાર દ્વારા જ નહિ પરંતુ અન્ય સંસ્થાઓ, સમાજ અને ઉદ્યોગજગતના સહિયારા અને સંકલિત પ્રયત્નોથી જ સમાજનો ઝડપી વિકાસ થઈ શકશે અને અનેક સામાજિક સમસ્યાઓ દૂર કરી શકાશે. ઉદ્યોગસાહસિકોના મનમાં સામાજિક જવાબદારી અદા કરવાની સાથે ધંધો કરવાનો સ્ફુરેલો વિચાર સમૃદ્ધ ઉદ્યોગજગતની રચનાની સાથે સાથે દેશનો આર્થિક તેમજ સામાજિક વિકાસ કરી શકે છે.*

વર્ષ ૨૦૧૪ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં કુલ ૧૨૩૮.૯ મિલિયન વસ્તી છે. રોજગાર અને મજૂર કાર્યાલય (Labour Bureau) દ્વારા કરાયેલ સર્વેક્ષણ મુજબ વર્ષ ૨૦૧૩-૧૪માં બેરોજગારી દર ૪.૯ ટકા હતો. ભારતમાં ૪૯.૫ ટકા વ્યક્તિ સ્વરોજગારીમાં, ૩૦.૯ ટકા મોસમી મજૂરો છે. માત્ર ૧૬.૫ ટકા પગાર કે મજૂરી કમાતા અને ૩ ટકા કરાર આધારિત કર્મચારી છે. ગીચ વસ્તીના પ્રમાણમાં પૂરતા કુદરતી અને કૃત્રિમ સંસાધનોની અછત સમાજમાં અનેક પ્રકારની સમસ્યા સર્જે છે. ભારતમાં ગરીબી, કૂપોષણ, બેરોજગારી, શિક્ષણ, આરોગ્ય વગેરે અનેક પ્રકારની સમસ્યાઓ છે. આ સમસ્યા દૂર કરવા માટે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, સ્થાનિક સંસ્થાઓ દરેક સપાટીએ પ્રયત્ન કરે છે. પરંતુ આટલી બધી વસ્તીના પ્રમાણમાં સ્થાનિક અસંતુલનના કારણે તેમની યોજના અને વ્યવસ્થામાં જટિલતા સર્જાય છે. સમાજના અનેક વર્ગો આવશ્યક સેવાઓથી વંચિત રહે છે. અનેક સંશોધનોમાં એવા સૂચનો મળ્યા છે કે સરકાર દ્વારા જ નહિ પરંતુ અન્ય સંસ્થાઓ, સમાજ અને ઉદ્યોગજગતના સહિયારા અને સંકલિત પ્રયત્નોથી જ સમાજનો ઝડપી વિકાસ થઈ શકશે અને અનેક સામાજિક સમસ્યાઓ દૂર કરી શકાશે. ઉદ્યોગસાહસિકોના મનમાં સામાજિક જવાબદારી અદા કરવાની સાથે ધંધો કરવાનો સ્ફુરેલો વિચાર સમૃદ્ધ ઉદ્યોગજગતની રચનાની સાથે સાથે દેશનો આર્થિક તેમજ સામાજિક વિકાસ કરી શકે છે.

**ઉદ્યોગજગત અને કંપનીની સામાજિક જવાબદારી અભિગમ**

કોઈપણ ધંધો મૂડી, ઉત્પાદન, બજારીય વ્યવસ્થા, માનવસંસાધન દરેક તબક્કે સમાજ સાથે સંકળાયેલો છે. ધંધાનું અસ્તિત્વ, ટકાઉ વિકાસ, નફાકારકતા સમાજ આધારિત છે. આથી સમાજના મૂલ્યો અને સામાજિક વિકાસ જળવાઈ રહે તે ધંધાની પ્રાથમિક જવાબદારી છે. ઉદ્યોગસાહસિકોએ એવા જ નિર્ણયો લેવા જોઈએ કે જે સમાજ માટે કલ્યાણકારી અને રક્ષણકર્તા હોય. સમાજમાં સર્જનાત્મક અને રચનાત્મક પ્રવૃત્તિઓ કરવાની દૃષ્ટિએ પણ ઉદ્યોગની ભૂમિકા મહત્ત્વની છે.

સામાજિક જવાબદારી એ સમાજના દરેક વર્ગનું હિત અને કલ્યાણ ધ્યાનમાં રાખીને ધંધાના હેતુઓ સિદ્ધ કરવાની પદ્ધતિ છે. ધંધાના ઉદ્ભવ અને વિકાસમાં સમાજનાં જુદા જુદા અંગો અને સંસ્થાઓએ સેવાઓ અને યોગદાન આપેલ છે. તેના ઉત્તરદાયિત્વમાં ધંધાની

સમાજને ઋણ ચૂકવવાની જે ફરજો ઉદ્ભવે છે તેને ધંધાની સામાજિક જવાબદારી કહે છે. ભારતમાં ગ્રામીણ સંસ્કૃતિ અને વારસો ટકાવી રાખવો હોય તો ગ્રામ્ય વસ્તીનું સ્થળાંતર અટકાવવું પડશે. આ માટે ગ્રામ્ય વિસ્તારોમાં ઉદ્યોગોની સ્થાપના, જે તે વિસ્તારના લોકોને રોજગારી, માળખાગત સુવિધાઓ તેમજ સ્થિરતા બક્ષવામાં મદદ કરે છે. સમાવેશક વિકાસ અને સામાજિક પરિવર્તનના કાર્યક્રમોમાં કંપનીઓનો ફાળો અનેક રીતે અગત્યનો છે. ઉદ્યોગના કારણે સંસાધનો અને પર્યાવરણને અનેક રીતે હાનિ પહોંચે છે. આથી પ્રદૂષણ ઘટાડવાના કાર્યક્રમમાં પણ ઉદ્યોગની ભૂમિકા મહત્ત્વની છે.

**કંપની કાયદા ૨૦૧૩ અન્વયે ફરજિયાત સામાજિક જવાબદારી**

આજના યુગમાં સામાજિક અને પર્યાવરણીય મુદ્દા ધ્યાનમાં લઈને જ દરેક ધંધાને નિયમનકારી અને કાનૂની જવાબદારીમાં સમાવી લેવામાં આવે છે. કંપની કાયદા ૨૦૧૩ પહેલા સામાજિક જવાબદારી માટે કંપનીઓ સ્વૈચ્છિક રીતે ખર્ચ કરતી પરંતુ હવે કાયદા દ્વારા જ ફરજિયાતપણે દરેક કંપનીએ સામાજિક જવાબદારી માટે ખર્ચ કરવો પડશે જેને લીધે સમાજ માટે કલ્યાણકારી યોજનાઓમાં નોંધપાત્ર વૃદ્ધિ થશે. કંપની કાયદા ૨૦૧૩માં કેટલીક નવી જોગવાઈઓ રજૂ કરવામાં આવી છે. સીએસઆર (Corporate Social Responsibility) એ તેમાંની એક છે. કંપનીઓ સમાજ પાસેથી અનેક સંસાધનો લે છે. કેટલીકવાર આ સંસાધનોના ઉપયોગથી સમાજને અને પર્યાવરણને હાનિ પણ પહોંચે છે. આથી સમાજ કલ્યાણ અને પર્યાવરણ જતન વિચારધારા હેઠળ સીએસઆર પ્રવૃત્તિનો ઉદય થયો. કંપની કાયદા ૨૦૧૩ની કલમ ૧૩૫માં સીએસઆરના નિયમો જાહેર કરેલ છે. જે મુજબ નાણાકીય વર્ષ દરમિયાન (૧) કંપનીનું ચોખ્ખું મૂલ્ય ૫૦૦ કરોડ કે તેથી વધુ હોય. અથવા (૨) કંપનીનું વાર્ષિક વેચાણ ૧૦૦૦ કરોડ અથવા વધુ હોય. અથવા (૩) કંપનીનો ચોખ્ખો નફો ૫ કરોડ કે તેથી વધુ હોય. તો આવી કંપનીઓએ ફરજિયાતપણે સીએસઆર જોગવાઈઓનું પાલન કરવું પડશે. આ જોગવાઈઓ ભારતમાં પ્રોજેક્ટ હોય તેવી વિદેશી કંપનીઓને પણ લાગુ પડે છે. આ મુજબ કંપનીઓએ સરેરાશ વાર્ષિક નફાના ૨ ટકા રકમ આગળના ૩ વર્ષમાં સીએસઆર પ્રવૃત્તિમાં વાપરવી પડશે. આવી કંપનીઓએ કાયદા મુજબ જ સીએસઆર સમિતિની રચના કરી, આ સમિતિએ કંપનીની સીએસઆર નીતિ ઘડી સમયાંતરે તેનું અમલીકરણ અને મૂલ્યમાપન કરવાનું રહેશે.


ભારતમાં ફરજિયાત સીએસઆર સમૃદ્ધ ઉદ્યોગ દ્વારા વિશાળ સામાજિક હેતુઓ આવરી શકે છે. ભારતમાં મોટી કંપનીઓ તેમની સીએસઆર પ્રવૃત્તિ દ્વારા લાંબાગાળાના અને ટકાઉ વિકાસમાં મહત્ત્વનો ફાળો આપશે. એક મજબૂત સીએસઆર વ્યૂહરચના શ્રેષ્ઠ સામાજિક લાભો આપશે. એક સંશોધનાત્મક માહિતી અનુસાર લગભગ ૮૦૦૦ ભારતીય કંપનીઓ દ્વારા વર્ષે ૧૫,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ સીએસઆર પ્રવૃત્તિ માટે થશે.

**સીએસઆર પ્રવૃત્તિ માટેની રકમ નીચેના પ્રોજેક્ટ અથવા કાર્યક્રમ પર ખર્ચ કરી શકાય છે.**

- ભૂખમરો, કૂપોષણ, ગરીબી નિવારણ કાર્યક્રમ
- આરોગ્ય સંબંધી સેવાઓ, સ્વાસ્થ્ય સલામતિ પ્રોજેક્ટ, સ્વચ્છ અને સલામત જળ અભિયાન
- શિક્ષણ, વ્યાવસાયિક કૌશલ્યો, વ્યવસાયલક્ષી તાલીમ અને રોજગારી વધારવા સંબંધી યોજનાઓ
- મહિલા અને બાળકલ્યાણ કાર્યક્રમ, મહિલા વિકાસ યોજનાઓ
- એઇડ્સ, મેલેરિયા અને અન્ય રોગોનો પ્રતિકાર કરવા
- ટકાઉ પર્યાવરણ અને કુદરતી સંસાધનોની જાળવણી માટે
- રમતગમત વિકાસ, કલા, સંસ્કૃતિ, ઐતિહાસિક વારસો જાળવવા માટે
- સમાજ કલ્યાણલક્ષી ભંડોળ
- ગ્રામીણ વિકાસલક્ષી પ્રોજેક્ટ માટે
- અનુસૂચિત જાતિ, પછાતવર્ગ, લઘુમતીવર્ગના કલ્યાણ માટેની યોજનાઓ

**કોર્પોરેટ ક્ષેત્રે સામાજિક જવાબદારીના ફાયદા અને ઉદાહરણો :**

સીએસઆર અને નૈતિક ધંધાઓનો આધુનિક ખ્યાલ પ્રાથમિક રીતે સામાજિક કલ્યાણને વેગ આપે છે. સમાજની પ્રત્યેક વ્યક્તિ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કંપની સાથે સંકળાયેલી છે. પરિણામે કંપની દ્વારા તે પોતાનું હિત જળવાય તેવી અપેક્ષા રાખે છે. આ કાર્ય જટિલ છે, કારણ સમાજના દરેક વર્ગની અપેક્ષા જુદી જુદી હોય છે. જે કંપની યોગ્ય રીતે સામાજિક જવાબદારી અદા કરતી નથી તેને સમાજ લાંબો સમય ટકવા દેતો નથી.




ફરજિયાત સામાજિક જવાબદારીના ફાયદા નીચે મુજબ છે :

૧. સામાજિક સલામતિ, ૨. જીવનધોરણ ઊંચું, ૩. સામાજિક પરિવર્તનો, ૪. સામાજિક કલ્યાણ, ૫. માનવસંબંધોનો વિકાસ, ૬. સમતોલ પ્રાદેશિક વિકાસ, ૭. કુદરતી સાધનસંપત્તિનું વહન, ૮. માળખાગત સગવડોનો વિકાસ, ૯. સહાયક સેવાઓનો વિકાસ, ૧૦. વિવિધ સેવાકીય સંસ્થાઓનો વિકાસ, ૧૧. કર્મચારી વિકાસ, ૧૨. પ્રતિષ્ઠામાં વધારો.

ભારતીય કંપનીઓની સ્વાસ્થ્ય ક્ષેત્રે લોકજાગૃતિ, સ્વચ્છ પાણી, સ્વાસ્થ્યને લગતી સેવાઓ, એઇડ્સ અંગે જાગૃતિના કાર્યક્રમો, ક્ષયરોગ નિવારણ અંગેની માહિતી, બાળકો અને સ્ત્રીઓને કૂપોષણથી બચવા માટેના ઉપાયો, બ્લડ ડોનેશન, ચેપીરોગોનો અટકાવ જેવી પ્રવૃત્તિઓ દ્વારા સામાજિક જવાબદારી નિભાવી સમાજના વિકાસમાં ભગીરથ કાર્ય કરી રહી છે.

સમાજ અને દેશના વિકાસને ધ્યાનમાં રાખી શિક્ષણ ક્ષેત્રે પણ નોંધનીય કામગીરી ઉપરોક્ત ભારતીય કંપનીઓ દ્વારા કરવામાં આવી રહી છે. જેમાં ચાઇલ્ડ કેર સેન્ટર, કોમ્પ્યુટર શિક્ષણ, બાળ અધિકારના કાર્યક્રમો, શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ, આંગણવાડી, બાલવાડી, વ્યવસાયગત શિક્ષણ, વૃક્ષારોપણ, પોષણયુક્ત ખોરાક અંગે માહિતી, ગ્રામીણ બાળકોના શિક્ષણ માટે શાળાની સુવિધા જેવી પ્રવૃત્તિ દ્વારા સમાજના આર્થિક તેમજ સામાજિક વિકાસમાં ભાગીદાર બની રહી છે.

સાથે સાથે આજના આધુનિક સમયની સૌથી મોટી સમસ્યા ગ્લોબલ વોર્મિંગથી બચવા તેમજ દૂષિત પર્યાવરણથી દેશને થતા નુકસાનને અટકાવવા માટે પણ ઉપરોક્ત કંપનીઓ દ્વારા સિંચાઈ પદ્ધતિ, ઊર્જાની બચત માટે સોલાર ઊર્જા વિશે લોકજાગૃતિ, જાહેર શૌચાલયની સગવડ, ગ્રામીણ વિસ્તારોમાં શૌચાલયની સગવડ, વૃક્ષારોપણ, પ્રદૂષણ અટકાવવા માટેના ઉપાયો અને લોકજાગૃતિના કાર્યક્રમો દ્વારા દેશના સામાજિક, આર્થિક વિકાસમાં સહભાગી બની ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડી શકે છે.

**સમાપન**

ભારતમાં સમાવેશક વિકાસ અને સામાજિક પરિવર્તન માટે કંપનીની સામાજિક જવાબદારી અભિગમ એક મહત્ત્વનું સાધન છે, કારણ કે ઉદ્યોગજગત રોકાણકારો, લેણદારો, ગ્રાહકો, કર્મચારીઓ તેમજ રાષ્ટ્રીય સ્તરે સમાજ સાથે સંકળાયેલું છે. ભારતમાં ફરજિયાત સીએસઆરની જોગવાઈ જો પારદર્શક અને સકારાત્મક રીતે અમલ કરવામાં આવશે તો તે વિશાળ સામાજિક કલ્યાણના હેતુઓ આવરી શકે છે. ભારતમાં અનેક મોટી કંપનીઓએ તેમની સ્વૈચ્છિક સીએસઆર પ્રવૃત્તિ દ્વારા લાંબાગાળાના અને ટકાઉ વિકાસમાં મહત્ત્વનો ફાળો આપેલ છે. તેમજ ભવિષ્યમાં સરકાર, સ્વયંસેવી સંગઠનો અને ઉદ્યોગજગતનું સંકલન એક મજબૂત સીએસઆર વ્યૂહરચના ઘડી શ્રેષ્ઠ સામાજિક લાભો આપશે.

**સંદર્ભ :**

www.conferenceboard.org

Jayashankar Mitu , Bhat Shravan http://forbesindia.com/article/boardroom/india-inc- needs-to-wake-up-to-its-social-responsibilities/34891

Shashikala, (June,2012), Corporate Social Responsibility-A Case study of BEML,Southarn Economist, Voume 51, no.4:5-6.

Ghose Soheli (Dec,2012) A look into Corporate Social Responsibility in Indian andemerging economies International Journal of Business and Management Invention, Volume 1 Issue 1,PP.22-29.

A 360 degree analysis of csr mandates of the new companies act 2013, Sharma Sanjaykumar Global Journal of Management and Business Studies.ISSN 2248-9878 Volume 3, Number 7(2013), pp. 757-762.

**લેખિકા સી. એન્ડ એચ. દેસાઈ આર્ટ્સ કૉલેજ, બાલાસિનોરમાં હેડ ઓફ ડિપાર્ટમેન્ટ છે.**

# ગુજરાતના સમાવેશક વિકાસમાં ભૌગોલિક તત્ત્વોનો ફાળો

*ડૉ. જયમલભાઈ રંગીયા*



*ભારતના અન્ય રાજ્યોની તુલનામાં કંઈક વિશેષ દરિયાકિનારો ધરાવતા ગુજરાતને ૧૬૦૦ કિ.મી. જેટલો લાંબો દરિયાકિનારો મળ્યો છે. નાની મોટી અનેક નદીઓના નીર ગુજરાતમાં વહે છે. તેની રસાળ અને ફળદ્રુપ જમીનના મેદાનો નિર્માણ પામ્યા છે. જેના થકી પશુપાલન અને ખેતીપ્રવૃત્તિને ખૂબ વેગ મળ્યો છે. ઉત્તર પૂર્વ અને સૌરાષ્ટ્રના ડુંગરાળ પ્રદેશોને કારણે સમૃદ્ધ ખેનિજ વારસો મળ્યો છે. દક્ષિણ અને દક્ષિણ પૂર્વ ગુજરાતમાં ગાઢ જંગલ પ્રદેશોને લીધે જૈવ-વૈવિધ્ય અને જંગલ પ્રદેશો પ્રાપ્ત થાય છે. વિશાળ મેદાન પ્રદેશને કારણે વાહનવ્યવહાર સુવિધા ખૂબ જ વિકાસ પામી છે.*

કોઈપણ પ્રદેશનો વિકાસ તેના ભૌગોલિક સંસાધનો થકી જ થાય છે. વિકાસક્ષેત્રે ગુજરાતે કાઠું કાઢ્યું છે તેમાં બેમત નથી. જો કે વસ્તીની દૃષ્ટિએ પાંચ કરોડનો આંક વટી ગયો છે અને લગભગ ૧,૯૬,૦૨૪ ચો.કિ.મી. ભૌગોલિક વિસ્તાર ધરાવતું ગુજરાત ભારતના પશ્ચિમ છેડે અરબસાગરના કિનારે ૨૦.૦૬' થી ૨૪.૪૨' ઉત્તર અક્ષાંશ અને ૮૬.૧૦' થી ૭૪.૨૮' પૂર્વ રેખાંશવૃત્ત વચ્ચે આવેલું છે. તેનો મોટાભાગનો વિસ્તાર ઉષ્ણકટિબંધીય આબોહવા ધરાવે છે. જે ઉત્તરમાંથી કર્કવૃત્ત પસાર થાય છે તેને આભારી છે. ભારતના અન્ય રાજ્યોની તુલનામાં કંઈક વિશેષ દરિયાકિનારો ધરાવતા ગુજરાતને ૧૬૦૦ કિ.મી. જેટલો લાંબો દરિયાકિનારો મળ્યો છે. નાની મોટી અનેક નદીઓના નીર ગુજરાતમાં વહે છે. તેની રસાળ અને ફળદ્રુપ જમીનના મેદાનો નિર્માણ પામ્યા છે. જેના થકી પશુપાલન અને ખેતીપ્રવૃત્તિને ખૂબ વેગ મળ્યો છે. ઉત્તર પૂર્વ અને સૌરાષ્ટ્રના ડુંગરાળ પ્રદેશોને કારણે સમૃદ્ધ ખેનિજ વારસો મળ્યો છે. દક્ષિણ અને દક્ષિણ પૂર્વ ગુજરાતમાં ગાઢ જંગલ પ્રદેશોને લીધે જૈવ-વૈવિધ્ય અને જંગલ પ્રદેશો પ્રાપ્ત થાય છે. વિશાળ મેદાન પ્રદેશને કારણે વાહનવ્યવહાર સુવિધા ખૂબ જ વિકાસ પામી છે.

**દરિયાકિનારો**

ગુજરાતનું ભૌગોલિક સ્થાન ૧૬૦૦ કિમી લાંબો દરિયાકિનારો ધરાવે છે. તેથી આબોહવાનો કેટલોક ભાગ સમઘાત છે અને મોટો ભાગ ઉષ્ણકટિબંધીય છે. તેથી ખેતીના પાક અને પ્રાણીસૃષ્ટિ તેમજ વનસ્પતિ સૃષ્ટિમાં વિવિધતા જોવા મળે છે. દરિયાકિનારા ધરાવતા નવ રાજ્યોમાંનું એક ગુજરાત અગત્યનું રાજય છે. દેશના કુલ દરિયાકિનારાના ૨૮ ટકા જેટલો હિસ્સો ધરાવે છે. સમગ્ર ભારતના ૧૪૫ બંદરોમાંથી ગુજરાતમાં જ ૪૧ બંદરો આવેલા છે. જેના થકી યુરોપ અને ઓસ્ટ્રેલિયા તેમજ આફ્રિકા અને અમેરિકા સાથે સીધા વ્યાપાર સંબંધો છે. ગુજરાત સમૃદ્ધ વહાણવટોનો વારસો ધરાવે છે અને બંદરોની સ્થાનિક વિશિષ્ટતાને કારણે ટ્રાફિકવહનમાં અગ્રસ્થાને છે. દેશના ૭૦ થી ૮૮ ટકા જેટલો માલ ગુજરાતના દરિયાકિનારેથી વહન થાય છે. ઈ.સ. ૧૯૯૮થી દેશના સૌ પ્રથમ ખાનગી બંદર તરીકે પીપાવાવ બંદર કામ કરતું

થયું છે. ગુજરાત મેરીટાઈમ બોર્ડ પણ દસ જેટલા ગ્રીનફિલ્ડ સ્થળોને સીધા જહાજો લાંગરી શકાય તેવા ઊંડા પાણીના બંદરો તરીકે વિકસાવવા પ્રયત્નશીલ છે. જેમાં છ બંદરો ખાનગીક્ષેત્રો દ્વારા અને ચાર બંદરો સંયુક્ત સાહસથી વિકસાવવા કટિબધ્ધ છે. હજીરા ખાતે વિશાળ જહાજવાડો અને અલંગ ખાતે વહાણ તોડવાનો જહાજવાડો પણ વિકાસ પામેલ છે. વિવિધ બંદરોથી સીંગતેલ, કપાસ, તમાકુ, મીઠું, બોક્સાઈટ, સિમેન્ટ, સિરામીક અને ગ્લાસ, ઉન, સુતરાઉ કાપડ વગેરે ઉત્પાદનોની મોટાપાયા પર નિકાસ થાય છે. ગુજરાતમાં આશરે આઠ ટન મત્સ્ય ઉત્પાદન થાય છે. જે સમગ્ર ભારતમાં ઉત્પાદનની દ્દષ્ટિએ તૃતીય સ્થાન ધરાવે છે. જેમાંથી ખાતર, માછલીનું તેલ, મોતી વગેરે મેળવવામાં આવે છે. દ્વારકાના મધદરિયે આવેલ મત્સ્યક્ષેત્ર ભારતભરમાં ખૂબ જાણીતું છે. આમ દરિયાકિનારે ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ દેશના અર્થતંત્રને મજબૂત કરવામાં વિશેષ યોગદાન ધરાવે છે. તેથી ગુજરાતનું ભૌગોલિક સ્થાન આર્થિક રીતે ખૂબ જ ઉપયોગી પુરવાર થયેલ છે.

**ખનિજ સંપત્તિ**

ગુજરાતનો ભૂસ્તરીય ઈતિહાસ ખૂબ જ વૈવિધ્ય ધરાવે છે અને ગુજરાતના ડુંગરાળ વિસ્તારોમાંથી તેમજ વિવિધ ભૂસ્તરીય રચના ધરાવતા વિસ્તારોમાંથી સીસુ, જસત, તાંબુ વગેરે મળી આશરે ૬૫ ટન જેટલો ધાતુનો અનામત જથ્થો મળેલ છે. ચિનાઈ માટી, ચૂનાના પત્થર, મેંગેનીઝ, ચિરોડી અને લિગ્નાઈટ જેવી ખનિજો ઉપરાંત ખનિજતેલ અને કુદરતી વાયુ મળી આવે છે અને દેશમાં દવાઓ અને રસાયણોનું સૌથી વધુ ઉત્પાદન પણ ગુજરાત રાજયમાં થાય છે. પેટ્રોકેમિકલ્સના સૌથી ઉત્પાદક તરીકે ગુજરાત દેશભરમાં પ્રથમ નંબરે છે. જ્યારે મીઠું અને સોડાએશ ઉપરાંત અન્ય દરિયાઈ ઉત્પાદનોમાં પણ ગુજરાત અગ્રસ્થાને છે. ફ્લોરસ્પાર અને સિલિકાસેન્ડના ઉત્પાદનમાં પણ ગુજરાત પ્રથમ નંબરે છે. બોક્સાઈટ, લિગ્નાઈટ અને ફાયરક્લેના ઉત્પાદનમાં બીજા ક્રમાંકે, અને ક્વાર્ટ્ઝ અને બોલક્લેના ઉત્પાદનમાં ત્રીજા ક્રમે, લાઈમસ્ટોન અને ચાયનાક્લેના ઉત્પાદનમાં ચોથા ક્રમે ગુજરાત છે. ગુજરાતમાં ૧૫૦૦ કિ.મી.ની ગ્રેસ ગ્રીડ પથરાઈ છે. ક્રિષ્ણા-ગોદાવરી બેસિનના ગેસનું લેન્ડફોલ પોઈન્ટ ગુજરાત છે. ગુજરાતમાં આ ગેસ આધારિત અસંખ્ય પાવર પ્રોજેક્ટ આવી રહ્યા છે. સી.એન.જી. આધારિત વાહનોની સંખ્યા પણ ગુજરાતમાં વધી રહી છે. વિશ્વમાં નોંધપાત્ર એવી રિફાઈનરી જામનગરમાં આવેલ છે. રૂપિયા ૫૬૩૧ કરોડનું વાર્ષિક ખનિજ ઉત્પાદન ગુજરાત મેળવે છે અને ભારતનું ૬.૭૧ ટકા ખનિજ ઉત્પાદન ગુજરાત કરે છે.

**આબોહવા અને ખેતી**

ગુજરાતમાં દક્ષિણથી ઉત્તર તરફ જતાં વરસાદનું પ્રમાણ ક્રમશઃ ઘટતું જાય છે અને તાપમાન દક્ષિણથી ઉત્તર તરફ વધતું જાય છે. આવી વિશિષ્ટ આબોહવાના તત્ત્વની વિશિષ્ટતાને કારણે ખેતીના પાક, વનસ્પતિ અને સજીવ સૃષ્ટિમાં વૈવિધ્ય જોવા મળે છે. તેની અસર પાકપ્રથા, જંગલસંપત્તિ, પ્રાણીસંપત્તિ પર થાય છે. જેમ કે ગુજરાતમાં બાજરી, કપાસ, તેલીબિયા, ઈસબગુલ, શેરડી, ડાંગર, તમાકુ, ઘઉં, જીરૂ, વરિયાળી અને કઠોળ જેવું પાક વૈવિધ્ય અને શાકભાજી અને ફળાઉ ઉત્પાદન પણ તેની વૈવિધ્યસભર આબોહવાને આભારી છે.

ગુજરાતના ઉત્તર ભાગમાંથી કર્કવૃત્ત પસાર થાય છે. તેથી સૂર્યપ્રકાશ લગભગ આખું વર્ષ જોવા મળે છે. કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં ૫૦૦ કેલરી ચો.સે.મી. સોલર એનર્જી પ્રાપ્ત થાય છે. તેના થકી ગુજરાત રાજય બનાસકાંઠાના આનવપુર નજીક રોજની ૫૦૦ મે.વો. સૂર્યઊર્જા ઉત્પન્ન કરતો સોલારપાર્ક પણ નિર્માણ થઈ ચૂક્યો છે. વિશાળ દરિયાકિનરો હોવાથી જળ જમીન લહેરો થકી પવન ઊર્જા ક્ષેત્રે પણ ગુજરાત કમર કસી રહ્યું છે. લગભગ ૬૧૬.૪ મેગાવોટ પવન ઊર્જા ગુજરાત પેદા કરીને ભારતમાં પ્રથમ સ્થાન હાંસલ કરેલ છે. ગુજરાતમાં વિન્ડફાર્મની ૩૮ જેટલી સાઈટ (સ્થાન) આવેલ છે. પૂનાની વાઈઝ વર્લ્ડ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સસ્ટેઈનેબલ એનર્જી એ ચેન્નાઈ દ્વારા ગુજરાત સરકારને પવનવિદ્યુત માટે એવોર્ડ પણ એનાયત કરેલ છે.

**ફળદ્રુપ અને રસાળ જમીન**

ગુજરાતમાં ૧૮૫ જેટલી નાની-મોટી નદીઓ આવેલી છે. તેના ઘસારણ થકી ફળદ્રુપ કાંપના મેદાનો નિર્માણ થયેલા છે. જેથી જમીનમાં સેન્દ્રિય તત્ત્વો ખૂબ છે. જેમાં પોટેશિયમ, નાઇટ્રોજન, મેગેનીઝ, ફોસ્ફરિક એસિડ અને કેલ્શિયમ ઓક્સાઇડના તત્ત્વો વિશેષ પ્રમાણમાં છે. જે વિવિધ પાકના ઉત્પાદન માટે ખૂબ જ ઉપયોગી પૂરવાર થાય છે.

**સિંચાઈ**

ગુજરાતમાં મુખ્ય નદીઓ નર્મદા, તાપી, મહી, સાબરમતી, બનાસ વગેરે પર બંધ બાંધી સિંચાઈથી ખેતીના પાકોનું ઉત્પાદન કરવામાં આવે છે. તેમજ જળવિદ્યુત યોજના ઉદ્યોગોના વિકાસમાં ઉપયોગી પૂરવાર થાય છે. ગુજરાતની અનેક નદીઓ પર બંધ બાંધી સિંચાઈ કરવામાં આવે છે. તદ્ઉપરાંત ભૂગર્ભજળ દ્વારા પાણી મેળવીને પણ સિંચાઈની વ્યવસ્થા કરવામાં આવે છે અને પાક વૈવિધ્ય મેળવવામાં આવે છે. રાજ્યભરમાં વોટરગ્રીડ નેટવર્ક જળવિતરણ માટે ઊભું કરવામાં આવ્યું છે. જેની લંબાઈ ૭૫૦૦૦ કિ.મી. જેટલી છે અને આશરે ૭૫ ટકા વસ્તીને વોટરગ્રીડ હેઠળ આવરી લેવાનું આયોજન થયું છે.

**વાહનવ્યવહાર**

ગુજરાતનું ભૂપૃષ્ઠ અપાર હોવાથી વાહનવ્યવહારના માર્ગોનો વિકાસ વધુ થયો છે. જે હાઈસ્પીડ ટ્રાન્સપોર્ટ અને હાઈસ્પીડપોર્ટ નેટવર્ક માટે પૂર્તિ કરશે. તેમજ રસ્તા કે સડકમાર્ગો, રેલવેમાર્ગો, હવાઈમાર્ગો અને જળમાર્ગો સ્વરૂપે વધુ વિકસી રહ્યા છે. હાલમાં ગુજરાતમાં દર ૧૦૦ ચો.કિ.મી.એ ૭૩.૩ કિ.મી. રોડ લંબાઈ ધરાવે છે. અને વર્ષ ૨૦૦૬ના આંકડા પ્રમાણે ૨૮૬૭ કિ.મી. રાષ્ટ્રીય ધોરીમાર્ગ, ૧૮૭૦૨ કિ.મી. રાજ્ય ધોરીમાર્ગ અને કુલ ૭૪૦૩૮ કિ.મી. રોડની લંબાઈ ધરાવે છે. હાલમાં ગુજરાતમાં ૧૨૧૯ મોટા પુલ છે. ગુજરાતમાં અમદાવાદ-વડોદરાને જોડતો ૯૩ કિ.મી. લાંબો દેશનો સૌ પ્રથમ એક્સપ્રેસ વે છે.

**ઔદ્યોગિક વિકાસ**

ગુજરાતમાં સુતરાઉ કાપડનો ઉદ્યોગ ઘણો પ્રાચીન છે. ઔદ્યોગિક વિકાસની સાથે નવા નવા ઉદ્યોગો નિર્માણ થયા છે. જેમાં વાપીથી મહેસાણા સુધીના રેલવે ટ્રેકની બંને તરફ ૨૪ કિ.મી. સુધીના વિસ્તારમાં સૌથી વધુ વિકાસ થયો છે. અર્થશાસ્ત્રીઓ આ વિસ્તારને ગુજરાતના વિકાસનો ગોલ્ડન કોરિડોર કહે છે. ગુજરાતના નકશાનું દર્શન કરતાં ખ્યાલ આવે છે કે પૂર્વપટ્ટીના ટ્રાઈબલ વિસ્તારોમાં ખાસ કરીને સાબરકાંઠા, બનાસકાંઠા, દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર, રાજપીપળા, વ્યારા, સોનગઢની આસપાસ ઔદ્યોગિક વિકાસ ખૂબ ઓછો થયો છે. જો કે કચ્છ અને સૌરાષ્ટ્રની હાલત પણ થોડા વિસ્તારને બાદ કરતાં સંતુલિત નથી. દિલ્હી, મુંબઈ, ઇન્ડસ્ટ્રીયલ કોરિડોર (ડી.એમ.આઈ.સી.) ગુજરાતમાંથી પસાર થાય છે. જે ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં ક્રાંતિ લાવશે. ગુજરાતમાં હીરાઉદ્યોગ, ઈજનેરી, ઓટોમોબાઇલ, ઓટોપાર્ટસ, ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ, પેટ્રોકેમિકલ્સ અને એગ્રીકલ્ચરલ આધારિત ઉદ્યોગોનો નોંધપાત્ર વિકાસ થયો છે.

તમામ ક્ષેત્રોના થયેલા વિકાસ માટે ગુજરાતને મળેલ દરિયાકિનારો, નદીઓ, પર્વતો, મેદાનો, જળ અને પ્રાણીસંપત્તિ, ભૂસ્તરીય રચના અને આબોહવા જેવા ભૌગોલિક તત્ત્વોને આભારી છે. તેથી સાચે જ 'ગુજરાત ગ્રોથ' એન્જિન સ્પેરપાર્ટસ એટલે ગુજરાતના ભૌગોલિક તત્ત્વો છે.

**લેખક ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ કૉલેજ, ગાંધીનગરમાં અધ્યાપક છે.**

## આગામી અંકનો વિષય

## સપ્ટેમ્બર-૨૦૧૫

## Smart Cities : Transforming urban landscape

## સ્માર્ટ સિટી : શહેરોની કાયાપલટ

# ઈ-મંડી

**શું આપ જાણો છો?**




ઈલેક્ટ્રોનિક બજાર (ઈ-મંડી) એ એક એવું પ્લેટફોર્મ છે જ્યાં છૂટક અને જથ્થાબંધ વિક્રેતા એમ બંનેને પરવડે તેવા ભાવે શાકભાજીનું ઓનલાઈન વેચાણ કરવામાં આવે છે. આ આખી બજાર પ્રક્રિયામાં પારદર્શિતા આવે તેમ સુવિધાજનક રીતે વેચાણ હાથ ધરવામાં આવે છે. આ ઈ-બજાર પ્રોજેક્ટ મારફતે દેશભરમાં આવેલ નિયંત્રિત બજારો કોમન ઈ-પ્લેટફોર્મ સાથે સંકલિત કરવામાં આવે છે જેથી દેશભરના ખેડૂતો અને છૂટક તથા જથ્થાબંધ વેપારીઓને પારદર્શક રીતે તથા પોષણક્ષમ ભાવે શાકભાજી તેમજ કૃષિ પેદાશો ખરીદવા/વેચવાની તક મળી રહે. વચેટિયાઓ દ્વારા ખેડૂતોને ભાવમાં કરતા છેતરામણીનું દૂષણ આથી દૂર થાય છે. આ ઉપરાંત ખાનગી બજારો પણ આ ઈ-પ્લેટફોર્મનો લાભ મેળવી શકે છે અને ખરીદી/વેચાણમાં તેની પહોંચ વધારી શકે છે.

દેશમાં કોમન ઈ-પ્લેટફોર્મ દ્વારા એગ્રીમાર્કેટનું સંકલન કરવાથી અલગ-અલગ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (એ.પી.એમ.સી.) સંચાલિત વિવિધલક્ષી બજાર વ્યવસ્થા, બજારલક્ષી વિવિધ વેરા, વિવિધ એ.પી.એમ.સી.માં વેપાર કરવા માટે અલગ-અલગ લાયસન્સની જરૂરિયાત, પરવાના પ્રથાને પરિણામે ઉદ્ભવતી ઈજારાશાહી, નબળી કક્ષાનું માળખું, ટેક્નોલોજીનો ઓછો ઉપયોગ. માહિતીની અસંગતતા, ભાવોમાં રહેલી અપારદર્શિતા, ઉચ્ચ માર્કેટ ચાર્જ વગેરે જેવા કૃષિલક્ષી બજારોમાં આવતા પડકારોને પહોંચી વળવાની મથામણમાંથી ઈ-મંડીનો કોન્સેપ્ટ ઉદ્ભવ્યો. કિસાનોને વધુ સારા ભાવ આપવા, પુરવઠાની ચેઈનની સુધારણા માટે, વેસ્ટેજ ઘટાડવા તેમજ રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે એકસમાન રાષ્ટ્રીય બજાર જેવા કોમન ઈ-પ્લેટફોર્મની જરૂરિયાત હતી.

આવી ઈ-મંડી લઘુ ફાર્મર્સ એગ્રી બિઝનેસ સંગઠન મારફતે કૃષિ અને સહકાર વિભાગ દ્વારા સ્થાપવામાં આવશે. આ ઈ-પ્લેટફોર્મનો ઉપયોગ પસંદ કરાયેલ દેશભરના નિયંત્રિત બજારો માટે કરવામાં આવશે. ૨૦૧૫-૧૬ અને ૨૦૧૭-૧૮ના ગાળા દરમ્યાન આ માટે રૂ. ૨૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ હેઠળ કુલ ૫૮૫ બજારોને આવરી લેવાશે, જેમાં ૨૦૧૫-૧૬માં ૨૫૦ બજારોને અને ૨૦૧૬-૧૭માં ૨૦૦ બજારોને આવરી લેવાશે. બાકીના ૧૩૫ બજારોને ૨૦૧૭-૧૮માં આ પ્રોજેક્ટ હેઠળ સમાવવામાં આવશે. રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોને વિનામૂલ્યે સોફ્ટવેર અપાશે તથા માળખાગત વિકાસ માટે બજાર દીઠ રૂ. ૩૦ લાખ સુધીની સબસિડી કેન્દ્ર દ્વારા આપવામાં આવશે.

કર્ણાટકમાં આ મોડેલ કાર્યરત થઈ ગયું છે અને દેશભરમાં તે ઉદાહરણરૂપ છે. કર્ણાટકે તેનાં બધાં પંચાવન બજારોને કનેક્ટ કરેલ છે અને વેબ આધારિત પોર્ટલ તૈયાર કરેલ છે. જેમાં વેચાણ માટે ઉપલબ્ધ બધી આઈટમોની યાદી મૂકેલી છે. રાજ્યના ૩૦ હજાર જેટલા વેપારીઓને યુઝરનેમ અને પાસવર્ડ આપવામાં આવ્યા છે. આની મદદથી બેંગાલુર ખાતેનો એક વેપારી, કોઈ અન્ય જિલ્લામાં ઉપલબ્ધ કોઈપણ પેદાશની વિગતો જાણી શકે છે. અંતરની ગણતરીના આધારે તેણે તે ખેતપેદાશ મંગાવવી હોય તો એ મુજબ તે લિલામીમાં ભાગ લઈ શકે છે. કિસાનો ઉચ્ચ ભાવને ધ્યાનમાં લઈને નિર્ણય લઈ શકે છે. આ ઈ-પ્લેટફોર્મમાં ઉભયપક્ષી વેપાર થઈ શકે છે અને લઘુત્તમ ટેકાના ભાવની જેમ કિંમત નિયત કરી શકાય છે. અત્યાર સુધીમાં ઈ-મંડી દ્વારા કર્ણાટકને છેલ્લા ૧૬ મહિનામાં રૂ. ૮૫૨૧ કરોડની આવક મળી છે. નાળિયેર, તુવેર, ડાંગર, શીંગદાણા, મેંદો વગેરે જેવી આઈટમોના વેપાર દ્વારા રાજ્યને આ આવક મળી છે. આથી બજાર વ્યવસ્થા ઊભી કરવામાં ઈ-મંડીનું પ્લેટફોર્મ કઈ રીતે ઉપયોગી થાય તથા તે અંગેની જાગૃતિ ખેડૂતોમાં આવે જેથી એ પ્રણાલી કાર્યક્ષમ રીતે કામ કરે, તે અંગેનું સોફ્ટવેર તૈયાર કરવું વગેરે રાજ્યોની ફરજ રહેશે.

R.N.I. 48778/90
REGD. NO. GAMC 222/2015-2017
VALID UPTO 31-12-2017 ISSUED BY SSP AHMEDABAD
PERMITTED TO POST AT PSO AHMEDABAD ON 1ST OF EVERY MONTH
Licence to Post Without Prepayment No. CPMG/GJ/71/2014-15 VALID UPTO 31-12-2017

પ્રકાશન તા. ૨૫ જુલાઈ, ૨૦૧૫
પોસ્ટિંગ તા. ૧ ઑગસ્ટ, ૨૦૧૫

**YOJANA (GUJARATI), August 2015** **O.I.G.S.**

પ્રતિશ્રી,

પ્રેષક :
તંત્રીશ્રી,
'યોજના' કાર્યાલય
પ્રકાશન વિભાગ, ભારત સરકાર
અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બૅન્કની ઉપર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭


## પ્રકાશન વિભાગનાં ગુજરાતી પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| માદામ ભિખાઈજી રુસ્તમજી કામા | ૬૦-૦૦ | ભારતીય જનજાતિઓ અતીતના ઝરુખેથી | ૧૦૦-૦૦ |
| ઠક્કરબાપા | ૮૦-૦૦ | રાજકુમારી નિહાલદે | ૧૨-૦૦ |
| સ્વામી દયાનંદ સરસ્વતી | ૮૦-૦૦ | દૃષ્ટાઓ અને ચિંતકો | ૫૦-૦૦ |
| ભારતના ગૌરવ ગ્રંથ | ૭૦-૦૦ | સરકતા સર્પગૃહની વાર્તા | ૪૮-૦૦ |
| વૈજ્ઞાનિકો | ૪૫-૦૦ | કાકા સાહેબ કાલેલકર | ૨૧૦-૦૦ |
| ભારતીય જનતાના ઈતિહાસની રૂપરેખા | ૭૦-૦૦ | સંગીતજ્ઞો | ૪૫-૦૦ |
| આંગણબાગની માર્ગદર્શિકા | ૧૧૫-૦૦ | ગુજરાતના આદિવાસી નૃત્યો | ૭૦-૦૦ |
| આપણો રાષ્ટ્રધ્વજ | ૧૧૦-૦૦ | ગુજરાતમાં જાગૃતિની લહેર | ૭૨-૦૦ |
| સંતો અને ભક્તકવિઓ (ભાગ-૧) | ૪૫-૦૦ | મૌલાના અબુલ કલામ આઝાદ | ૭૫-૦૦ |
| સંતો અને ભક્તકવિઓ (ભાગ-૨) | ૫૬-૦૦ | કવિઓ, નાટ્યલેખકો અને આખ્યાનકારો | ૭૫-૦૦ |
| સૌંદર્ય મીમાંસકો | ૫૦-૦૦ | લાલબહાદુર શાસ્ત્રી | ૭૦-૦૦ |
| કાલીદાસ કહાની | ૩૨-૦૦ | સરદાર વલ્લભભાઈ પટેલ | ૮૦-૦૦ |
| વાલ્મીકિ અને વ્યાસ | ૨૨-૦૦ | ગુરુનાનકથી ગુરુગ્રંથ સાહેબ સુધી | ૧૬૦-૦૦ |
| સી. એફ. એન્ડ્ર્યુઝ | ૧૫૦-૦૦ | ગાંધી-સચિત્ર જીવનકથા | ૧૨૫-૦૦ |
| રામાયણ, મહાભારત અને ભાગવતના લેખકો | ૮૫-૦૦ | નાના સાહેબ પેશ્વા | ૧૨૦-૦૦ |
| દાર્શનિકો અને ધાર્મિક અગ્રેસરો | ૨૮-૦૦ | મહાત્મા જ્યોતિબા ફુલે | ૧૫૦-૦૦ |
| તત્ત્વજ્ઞાનના આદ્યસ્થાપકો | ૩૮-૦૦ | | કુલ રૂ. ૨૫૯૮-૦૦ |


Printed & Published by Dr. (Ms) Sadhana Rout, A.D.G. and Head on behalf of Pub. Division, Soochna Bhawan, C.G.O. Complex, New Delhi-110 003.
Printed by Sahitya Mudrnalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022. Phone : (079) 25469101

**Director & Chief Editor : Deepika Kachhal** **Dy. Director : Amita Maru**
For business queries/subsciption, please email at **pdjucir@gmail.com or call on (011) 26100207 / 26105590**